૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 130 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 June 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મંગળવાર, ૩ જૂન ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સ્વદેશી હથિયારોથી સેનાને મળશે નવી તાકાત

**સંરક્ષણ ખાતાએ આ યોજનાને બે તબક્કામાં મંજૂરી આપી છે જેને કારણે આ હથિયારોનો માત્ર ભારતીય સેના માટે જ નહીં, પરંતુ નિકાસ માટે પણ ઉપયોગ કરી શકાશે.**

જોધપુર: રાજસ્થાનના જોધપુરમાં 'મૅડ ઈન રાજસ્થાન' બ્રાન્ડ હેઠળ હાઈટૅક સ્નાઈપર રાઈફલ અને મલ્ટીબેરલ મશીનગનના ઉત્પાદનનું કામ શરૂ થઈ ગયું છે. રૂ. ૧,૫૦૦ કરોડની આ યોજનાને સંરક્ષણ ખાતાની મંજૂરી મળી ગઈ છે. હથિયારોનું પરીક્ષણ વિદેશમાં સફળ રહ્યું છે તેમ જ ટૉન્ગો અને થાઈલૅન્ડ જેવા દેશોએ તેમાં રસ દેખાડ્યો છે.

આ પ્રોજેક્ટ આત્મનિર્ભર ભારત અને સંરક્ષણ શસ્ત્રોની નિકાસને મામલે મોટી છલાંગ પુરવાર થશે. મૅક ઈન ઈન્ડિયા અંતર્ગત રાજસ્થાનમાં સંરક્ષણ ક્ષેત્રને નવી ઓળખ મળશે. ઑપરેશન સિંદૂરની સફળતા બાદ હવે 'મૅડ ઈન રાજસ્થાન' બ્રાન્ડ હેઠળ અત્યાધુનિક રાઈફલ અને મલ્ટીબેરલ મશીનગનના ઉત્પાદનું કામ જોધપુરમાં શરૂ થઈ ગયું છે.



રૂ. ૧,૫૦૦ કરોડથી વધુના રોકાણ સંબંધિત એમઓયુ અમલની તૈયારીમાં છે. સંરક્ષણ ખાતા તરફથી આ માટેની મંજૂરી મળી ગઈ છે અને ફિલ્ડ પરીક્ષણ પણ સફળ રહ્યું છે.

મતલબ રાજસ્થાન હવે માત્ર દેશના સંરક્ષણ ક્ષેત્રમાં તેની મજબૂત હાજરી પૂરાવવાની સાથે સાથે મૅક ઈન ઈન્ડિયા અભિયાન અંતર્ગત આંતરરાષ્ટ્રીય સ્તર પર 'મૅડ ઈન રાજસ્થાન'ને પણ સ્થાપિત કરશે.

સંરક્ષણ સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિ રવિન્દ્રસિંહ રાઠોડના જણાવ્યાનુસાર આ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવનારાં હથિયારોનું પરીક્ષણ અગાઉ જ વિદેશમાં કરી લેવામાં આવ્યું છે. આ પરીક્ષણના પરિણામો ઉત્સાહજનક રહ્યા છે.

સંરક્ષણ ખાતાએ આ યોજનાને બે તબક્કામાં મંજૂરી આપી છે જેને કારણે આ હથિયારોનો માત્ર ભારતીય સેના માટે જ નહીં, પરંતુ નિકાસ માટે પણ ઉપયોગ કરી શકાશે.

હાલના તબક્કે આફ્રિકાના દેશ ટૉન્ગો અને એશિયન દેશ થાઈલૅન્ડે આ હથિયારોમાં રસ દેખાડ્યો છે જે દર્શાવે છે કે રાજસ્થાનની આ ટૅકનિક આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિસ્પર્ધા કરવાની ક્ષમતા રાખે છે.

આ યોજના અંતર્ગત મિલિટરી ગ્રેડની સ્નાઈપર રાઈફલ તૈયાર કરવામાં આવી રહી છે જેને સચોટ રીતે લાંબા અંતરનું નિશાન સાધવા ડિઝાઈન કરવામાં આવી છે. પરીક્ષણ દરમિયાન આ રાઈફલ ૨.૪ કિ.મી.

(જુઓ પાનું ૨) ▶▶

## રશિયા ભારતને એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમના બાકીના બે યુનિટ વર્ષ ૨૦૨૬ સુધીમાં આપશે



નવી દિલ્હી: રશિયા ભારતને એસ-૪૦૦ (સુદર્શન ચક્ર) મિસાઈલ સિસ્ટમના બાકીના બે યુનિટ વર્ષ ૨૦૨૬ સુધીમાં આપશે, એમ રશિયાના ભારત ખાતેના ડૅપ્યુટી ચીફ ઑફ મિશન રૉમન બાબુશ્કિને સોમવારે કહ્યું હતું.

તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સૈન્ય સંઘર્ષ દરમિયાન આ સિસ્ટમે અસરકારક કામગીરી દર્શાવી હોવાનું તેમણે કહ્યું હતું.

ઍર ડિફેન્સ અને ઍન્ટી ડ્રોન સિસ્ટમને મામલે બંને દેશ વચ્ચે દ્વિપક્ષી સહકાર વધારવાના તેમણે સંકેત આપ્યા હતા.

બંને દેશ એકમેક સાથેના સહકારનો લાંબો ઈતિહાસ ધરાવે છે અને ઍર ડિફેન્સ સિસ્ટમ બંને દેશ વચ્ચેની ભાગીદારીનો મુખ્ય મુદ્દો છે, એમ તેમણે કહ્યું હતું.

એસ-૪૦૦ સિસ્મટના બાકી રહેલા બે યુનિટ માટે બંને દેશ વચ્ચે કરાર હોવાની બાબતને સમર્થન આપતાં તેમણે કહ્યું હતું કે એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમના બાકીના બે યુનિટ રશિયા

(જુઓ પાનું ૨) ▶▶

# થાણેના પડઘામાં મહારાષ્ટ્ર એટીએસનું સર્ચ ઑપરેશન: ૧૨ જણ તાબામાં

**આઈએસઆઈએસ સાથે કડી ધરાવતા સાકીબ નાચન સહિત સિમીના ભૂતપૂર્વ પદાધિકારીઓનાં ઘરે તપાસ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પહલગામમાં આતંકવાદી હુમલા બાદ દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર નજર રાખનારી મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે (એટીએસ) થાણે જિલ્લાના પડઘા-બોરીવલી ખાતે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સિરિયા (આઈએસઆઈએસ) સાથે કડી ધરાવતા આતંકી સાકીબ નાચન સહિત પ્રતિબંધિત સિમીના ભૂતપૂર્વ પદાધિકારીઓ અને સભ્યોના નિવાસસ્થાને તપાસ કરી એટીએસે ૧૨ શકમંદોને તાબામાં લીધા હતા. તપાસ બાદ એટીએસે બે કેસ નોંધ્યા હતા.

ભિવંડીના પડઘા ખાતે રહેતો સાકીબ અબ્દુલ હમીદ નાચન છેલ્લા ૧૮ મહિનાથી એનઆઈએની કસ્ટડીમાં હોવા છતાં પડઘામાં તેનો ઘણો પ્રભાવ છે. નાચન અને તેના સાથીઓના ભડકાવવાથી તેના કટ્ટર સમર્થકો રાષ્ટ્ર વિરોધી કાવતરું ઘડીને ભાંગફોડિયા પ્રવૃત્તિને અંજામ આપવાની તૈયારીમાં હોવાની માહિતી એટીએસને મળી હતી. માહિતીને આધારે એટીએસે રવિવારની મધરાત બાદ ત્રણ વાગ્યાની આસપાસ થાણે ગ્રામીણ પોલીસની મદદથી સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

નાચન અને તેના સાથીઓ ગામના યુવાનોનું બ્રેઈન વૉશ કરીને તેમને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ માટે ઉશ્કેરતા હતા. આ યુવાનો આતંકવાદી કાવતરાને અંજામ આપવાની શક્યતાને જોતાં કાર્યવાહી કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એટીએસે સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ

(જુઓ પાનું ૨) ▶▶

## દેશના પૂર્વોત્તર રાજ્યોમાં પૂરની સ્થિતિ વણસી

**મણિપુરમાં ૧૯,૮૧૧ લોકો પ્રભાવિત-૩,૩૬૫ ઘરોને નુકસાન, આસામમાં વધુ વરસાદની આગાહી, મિઝોરમમાં વરસાદને કારણે સતત ત્રીજા દિવસે શાળાઓ બંધ**

ઇમ્ફાલ/ગુવાહાટી/આઇઝોલ: દેશના પૂર્વોત્તર રાજ્યોમાં સતત ભારે વરસાદે તબાહી મચાવી છે. મણિપુર, આસામ અને મિઝોરમમાં પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. મણિપુરમાં પૂરથી ૧૯,૮૧૧ લોકો પ્રભાવિત થયા છે અને ૩,૩૬૫ ઘરોને નુકસાન થયું છે. જ્યારે આસામમાં ભારે વરસાદ અને પૂરની વચ્ચે હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી છે. મિઝોરમમાં વરસાદને કારણે સતત ત્રીજા દિવસે પણ તમામ શાળાઓ બંધ રહી હતી.

મણિપુરમાં નદીઓમાં રેલ આવતા અને બંધ તૂટી જવાને કારણે આવેલા પૂરથી

(જુઓ પાનું ૨) ▶▶



**રાહત કામગીરી:** ભારે વરસાદને પગલે ત્રિપુરા, દક્ષિણ આસામ અને મણિપુરના જિરિબામ વિસ્તારમાં ભારતીય સેના અને આસામ રાઈફલ્સે રવિવારે રાહત કામગીરી હાથ ધરી હતી.

## સિક્કિમમાં લશ્કરી છાવણી પર ભેખડ પડી: ત્રણ જવાનનાં મરણ, છ ગુમ

ગંગટોક: સિક્કિમના મંગન જિલ્લાના છાતેનમાં લશ્કરી છાવણી પર ભેખડ પડતા ત્રણ જવાનનાં મરણ થયાં હતાં અને છ સૈનિક ગાયબ છે, એવી માહિતી સંરક્ષણ અધિકારીએ માહિતી આપી હતી. વિસ્તારમાં ભારે વરસાદને લીધે ભૂસ્ખલને રવિવારે મંગન જિલ્લાના લાચેન નગરમાં તબાહી મચાવી હતી.

અધિકારીએ નિવેદનમાં કહ્યું હતું કે વિસ્તારમાં સતત ભારે વરસાદને લીધે ભૂસ્ખલન થયું હતું અને આને લીધે ત્રણ જવાન-હવાલદાર લખવિન્દર સિંહ, લાન્સ નાયક મનીષ ઠાકુર અને પોર્ટર અભિષેક લાખડાનું મરણ થયું હતું. જવાનોના મૃતદેહો શોધી કાઢવામાં આવ્યા છે. ચાર સૈનિકને નજીવી ઈજા થઈ હતી. બીજા છ ગૂમ જવાનને શોધી કાઢવા બચાવ ટીમ પડકારરૂપ પરિસ્થિતિમાં ૨૪ કલાક કામ કરી રહી છે. સંરક્ષણ ખાતાના અધિકારીએ કહ્યું હતું કે લશ્કરે મૃતક જવાનના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે અને બધી મદદની ખાતરી આપી છે. (એજન્સી) ■





**બચાવ કામગીરી:** સિક્કિમના છાટ્ટેન ખાતે ભેખડો ધસી પડવાની બનેલી ઘટના બાદ ચાલી રહેલી બચાવ કામગીરી. આ દુર્ઘટનામાં સેનાના ઓછામાં ઓછા ત્રણ અધિકારીનાં મોત થયાં હોવા ઉપરાંત છ જવાન ગુમ થયા છે. (એજન્સી)

## કૉલૉરાડોમાં શંકાસ્પદ આતંકવાદી હુમલામાં છ વ્યક્તિ ઘાયલ

બાઉલ્ડર (યુએસ): કૉલૉરાડોમાં મૉલની બહાર રવિવારે કરવામાં આવેલા હુમલામાં છ વ્યક્તિ ઘાયલ થઈ હતી. ઘટનાને મામલે તપાસ કરી રહેલી એફબીઆઈએ આને ટાર્ગેટેડ ટેરર ઍટેક લેખાવ્યો હતો.

ગાઝામાં બાનમાં રખાયેલા ઈઝરાયલીઓ પરત્વે ધ્યાન આકર્ષવા એક ગ્રૂપ અહીં એકઠું થયું હતું.

હુમલાના શંકાસ્પદને મોહમ્મદ સાબરી સોલિમાન (૪૫) તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. સોલિમાનની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.



**તપાસ:** કૉલૉરાડોના બાઉલ્ટરમાં રવિવારે પર્લ સ્ટ્રીટ મૉલ ખાતે કરવામાં આવેલા હુમલાને મામલે તપાસ કરી રહેલા અધિકારીઓ. (એજન્સી)

પેલેસ્ટાઈનને મુક્ત કરોના નારા સાથે તેણે હુમલો કર્યો હોવાનું સ્પેશિયલ એજન્ટ ઈન ચાર્જ ઑફ ધ ડેનવર ફિલ્ડ ઑફિસના માર્ક મિચાલૅકે કહ્યું હતું.

સોલિમાન વિરુદ્ધ તાત્કાલિક કોઈ આરોપ ઘડી કાઢવામાં નહોતા આવ્યા, પરંતુ આ હુમલાને મામલે તેને સંપૂર્ણપણે જવાબદાર ગણવામાં આવે તેવી અપેક્ષા છે, એમ તેમણે કહ્યું હતું. હુમલામાં સોલિમાન પણ ઘાયલ થયો હતો અને સારવારાર્થે તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાનું કૉલૉરાડોના ગવર્નર જાર્ડ પૉલિસે કહ્યું હતું. (એજન્સી) ■

## ઈંન્ડિગોના વિમાન સાથે પક્ષી અથડાયું

**રાંચીમાં તાકીદનું ઉતરાણ કરતા યાત્રીઓ સલામત**




રાંચી : ઈન્ડિગોના વિમાન સાથે પક્ષી ટકરાતાં વિમાને રાંચીના બિરસા મુંડા એરપોર્ટ પર તાકીદનું ઉતરાણ કર્યું હતું. આને લીધે ૧૭૫ પેસન્જરનો આબાદ બચાવ થયો હતો. અધિકારીએ કહ્યું હતું કે વિમાનના બધા પેસેન્જર અને પાઈલોટ સહિતના કર્મચારી સલામત છે. જોકે વિમાન એરબસ ૩૨૦ને નુકસાન થયું હતું.

રાંચીના બિરસા મુંડા એરપોર્ટના ડિરેક્ટર આર. આર. મૌર્યે માહિતી આપી હતી કે રાંચી નજીક ઈન્ડિગોની ફ્લાઈટ સાથે પક્ષી અથડાયું હતું. વિમાન અહીંથી ૧૦થી ૧૨ નોટિકલ માઈલ દૂર ૩,૦૦૦થી ૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ હતું ત્યારે આ બનાવ બન્યો હતો. વિમાન પટણાથી રાંચી આવી રહ્યું હતું. પાઈલટે રાંચીના હવાઈમથકે તાકીદનું ઉતરાણ કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે બધા પેસેન્જર સલામત છે, પરંતુ ગીધ વિમાન સાથે અથડાતા વિમાનને નુકસાન થયું છે. બનાવ બપોરે ૧-૧૪ કલાકે બન્યો હતો. ઈન્ડિગોના અધિકારીઓએ કોઈ ટિપ્પણી કરી નહોતી. (એજન્સી) ■

## ગુજરાતમાં કોરોના એક્ટિવ કેસનો આંક ૩૨૦ પર પહોંચ્યો

**અમદાવાદમાં બે મહિલાનાં મોત**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કોરોનાના વધતા કેસે ફરી એક વખત ચિંતા વધારી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૫ નવા કેસ નોંધાયા હતા. રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો ૩૨૦ પર પહોંચ્યો છે. ગુજરાતમાં ૨૨ લોકોએ કોરોનાને હરાવવામાં સફળ થતા તેમને રજા આપવામાં આવી હતી.

અમદાવાદ મનપાના અધિકારીઓએ આપેલી માહિતી પ્રમાણે, અમદાવાદમાં કોવિડ ૧૯ના હાલ ૧૯૭ એક્ટિવ કેસ છે. ૨૪ કલાકમાં ૫૦ નવા કેસ નોંધાયા છે. અમદાવાદમાં કોરોનાથી બે મહિલાનાં મોત થતાં સ્થાનિક તંત્ર દોડતું થયું છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં રહેતી ૪૭ વર્ષીય એક મહિલા તથા વિંઝોલ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય ગર્ભવતી યુવતીનું સોમવારે વહેલી સવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

અમદાવાદના દાણીલીમડાના રહેવાસી મહિલા

(જુઓ પાનું ૨) ▶▶

## માઓવાદીઓએ લૂંટેલા ૨.૫ ટન વિસ્ફોટકો સુરક્ષા દળે પાછા મેળવ્યા

ભુવનેશ્વર: માઓવાદીઓએ લૂંટેલા કુલ ચાર ટનમાંથી ૨.૫ ટન વિસ્ફોટકો સુરક્ષા દળે સોમવારે ઓડિશાના સુંદરગઢ જિલ્લામાંથી પાછા મેળવ્યા હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

રાજ્યના સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ (એસઓજી), સીઆરએફ, ઝારખંડના ઍલિટ જગુઆર ફૉર્સ અને સુંદરગઢના ડિસ્ટ્રિક્ટ વૉલન્ટરી ફૉર્સ (ડીવીએફ)ના અધિકારીઓએ ૨૭મી મેએ હાથ ધરેલી સંયુક્ત કાર્યવાહી દરમિયાન વિસ્ફોટકોનો આ જથ્થો પાછો મેળવવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

સુંદરગઢ જિલ્લાના કે બાલાન્ગ વિસ્તારમાંથી માઓવાદીઓએ ચાર ટન વિસ્ફોટકોનો જથ્થો લૂટ્યો હતો.

વિસ્ફોટકોનો અમુક જથ્થો જમીન નીચે દાટવામાં આવ્યો હતો. અમુક જથ્થો ખડકોની નીચેથી મળી આવ્યો હતો.

માઓવાદીઓએ વિસ્ફોટકોનો જથ્થો લૂટ્યા બાદના દિવસથી એટલે કે ૨૮મી મેથી તપાસ કાર્યવાહી ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

ખાણમાં વિસ્ફોટ કરવાના આશયથી લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે માઓવાદીઓએ વિસ્ફોટકોનો આ જથ્થો લૂંટી લીધો હતો.

બાલાન્ગ વિસ્તારમાં માઓવાદીઓએ બંદૂકની અણીએ અંદાજે ચાર ટન વિસ્ફોટકોનો જથ્થો લૂંટી લીધો હતો. આ જથ્થામાં મોટા પ્રમાણમાં જિલેટિન સ્ટીક હોવાનું માનવામાં આવે છે. ઓડિશા-ઝારખંડ સરહદે સારાન્દા જંગલ નજીક તિરિલપોશ ખાતેથી આ જથ્થો મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યાનુસાર ડ્રાઈવરના લમણે બંદૂક મૂકીને અંદાજે ૩૦ જેટલા સશસ્ત્ર માઓવાદીઓએ જિલેટિન ભરેલી ટ્રકનું ઝારખંડથી અપહરણ કર્યું હતું. ઘટનાના એક દિવસ બાદ ઓડિશાના ડીજીપી વાય. બી. ખુર્નાનિયા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ એનઆઈએએ ઘટનાને મામલે તપાસ આરંભી હતી.

ઘટનાને મામલે તપાસ હાથ ધરવા ઓડિશા પોલીસે પણ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી હતી.(એજન્સી) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીનનું નવું સંગઠન, વૈશ્વિક સ્તરે ચીનની તાકાત વધી

**દુનિયામાં** સર્વોપરિતાનાં સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યાં છે અને એક સમયે દુનિયાનાં જમાદાર મનાતા અમેરિકાની સર્વોપરિતાના દિવસો ખતમ થઈ ગયા છે. એક સમય હતો જ્યારે આખી દુનિયા અમેરિકાના ઈશારે નાચતી હતી. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અમેરિકા કહે એ રીતે જ વર્તતી હતી, પણ ધીરે ધીરે અમેરિકા નબળું પડતું જાય છે અને ચીન તેનું સ્થાન લેવા થનગની રહ્યું છે. ચીને આર્થિક મોરચે તો અમેરિકાને હંફાવી દીધું જ છે પણ વર્ચસ્વના મામલે પણ અમેરિકાનો વિકલ્પ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. તેના ભાગરૂપે હમણાં ચીને ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર મેડિએશન (IOMed)ની સ્થાપના કરી છે.

અત્યારે ભારતમાં ઓપરેશન સિંદૂર છવાયેલું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ડોનલ્ડ ટ્રમ્પની હરકતો ચર્ચામાં છે તેથી ચીને બનાવેલા આ સંગઠન તરફ કોઈનું ધ્યાન ગયું નથી પણ આ સંગઠનના વિચારને મળેલા પ્રતિસાદને જોતાં ભવિષ્યમાં ચીનને દુનિયાના ફોજદાર તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. હોંગકોંગમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર મેડિએશન (IOMed)ની સ્થાપના માટેના કરારની ઔપચારિક જાહેરાત કરી ત્યારે ૮૫ દેશો અને ૨૦ જેટલાં આંતરરાષ્ટ્રીય સંગઠનોના ૪૦૦ જેટલા પ્રતિનિધી હાજર હતા.

આ ૮૫ દેશો પૈકી ૩૩ દેશોના પ્રતિનિધિ તો તરત જ હસ્તાક્ષર કરીને અને ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર મેડિએશન (IOMed)ના સ્થાપક સભ્ય બની ગયા. અમેરિકા અને યુરોપના દેશો આ સંગઠનમાં ન જોડાય એ કહેવાની જરૂર નથી તેથી મોટા ભાગના સભ્ય દેશો આફ્રિકાના છે પણ એશિયામાંથી પણ સંખ્યાબંધ દેશો સ્થાપક સભ્યો બન્યા છે. ચીન ઉપરાંત ઇન્ડોનેશિયા, હોંગકોંગ, પાકિસ્તાન, બેલારુસ, ક્યુબા અને કંબોડિયા જેવા દેશો તેના સ્થાપક સભ્ય છે.

અત્યારે કરાયેલી જાહેરાત પ્રમાણે, આ સંગઠનનું હેડ ક્વાર્ટર હોંગકોંગમાં હશે. ચીને આ સંગઠન માટે હોંગકોંગને આગળ કર્યું છે અને હોંગકોંગ સરકારના વડા જોન લીએ જાહેરાત કરી છે કે તેમની સરકાર IOMED ને તમામ શક્ય સહાય પૂરી પાડશે જેથી સંગઠન ઝડપી અને વિશ્ર્વસનીય ઉકેલ લાવી શકે. પશ્ચિમી મીડિયા ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર મેડિએશન (IOMed) ને ઈન્ટરનેશનલ કોર્ટ ફોર જસ્ટિસ (ICJ) અને પરમેનન્ટ કોર્ટ ફોર આર્બિટ્રેશન (PCA) જેવી સંસ્થાઓનો વિકલ્પ ગણાવે છે, પણ ચીનના સરકારી વાજિંત્ર એવા ગ્લોબલ ટાઇમ્સ અખબારના કહેવા પ્રમાણે, આ સંગઠન મધ્યસ્થી દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોનું નિરાકરણ લાવનારું વિશ્વનું પ્રથમ ઈન્ટર-ગવર્નમેન્ટ લીગલ ઓર્ગેનાઈઝેશન છે. ચીને આ સંગઠન યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરશે એવો સધિયારો આપ્યો છે, પણ ચીનની વાત પર કેટલો ભરોસો કરવો એ સવાલ છે.

સત્તાવાર રીતે કરાયેલી જાહેરાત પ્રમાણે સભ્ય દેશો તેમજ અન્ય દેશોના નાગરિકો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠનો આ સંગઠનમાં કેસ દાખલ કરી શકે છે, પણ આ સંગઠનનો ઉદ્દેશ ફક્ત મધ્યસ્થી દ્વારા વિવાદોનું નિરાકરણ લાવવાનો છે. આ સંગઠન દ્વારા કરાનારાં સમાધાન સ્વૈચ્છિક હશે, કોઈ પક્ષ સંમત ન થાય તો કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં.

કોઈ પણ આંતરરાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરાય ત્યારે આ પ્રકારના દાવા કરાતા હોય છે. યુનાઈટેડ નેશન્સથી માંડીને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સુધીની સંસ્થાઓની શરૂઆત આવા કહેવાતા શુભ ઉદ્દેશોથી જ કરાઈ હતી, પણ પછી તેના પર તાકાતવર દેશો હાવી થઈ જતા હોય છે. જે દેશ વધારે ફંડ આપે તેનું ચાલતું હોય છે ને તેના ઈશારે આ સંગઠનો ચાલતાં હોય છે. ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર મેડિએશન (ઈંઘખયમ)માં ચીન મોટો ભા છે તેથી તેનું જ ચાલશે એ કહેવાની જરૂર નથી.

આ વાત સામી ભીંતે લખાયેલી છે તેથી તેના વિશે ચર્ચા કરવાનો મતલબ નથી, પણ આ પ્રકારનાં સંગઠનો ઊભાં કરીને ચીન કઈ દિશામાં આગળ વધી રહ્યું છે તેની વાત કરવી જરૂરી છે. ચીન આ સંગઠનો દ્વારા દુનિયામાં જૂથબંધી કરી રહ્યું છે અને અમેરિકા તથા યુરોપના દેશો સામે એક નવી જ ધરી બનાવી રહ્યું છે. ચીને રશિયા, સાઉદી અરેબિયા, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા સહિતના યુરોપની બહારના દેશો સાથે આર્થિક સંબંધો ગાઢ બનાવીને એક ધરી રચી છે, પણ આ સંગઠન તેનાથી એક કદમ આગળ છે. ચીન પોતાની આર્થિક તાકાતનો ઉપયોગ દુનિયાના ગરીબ અને અલ્પ વિકસિત દેશોને પોતાની તરફ વાળવા કરી જ રહ્યું છે. હવે આ દેશો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થી બનીને ચીન તેમના નેતા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અમેરિકાએ વરસો લગી યુએન, વર્લ્ડ બેંક, આઈએમએફ જેવી સંસ્થાઓ પર વર્ચસ્વ જમાવીને દુનિયા પર દાદાગીરી કરી એ જ કામ ભવિષ્યમાં ચીન આ સંગઠનના માધ્યમથી કરશે.

આ સંગઠનથી અમેરિકાની સર્વોપરિતાને મોટો ખતરો છે એ સ્પષ્ટ છે. ચીન લાંબા સમયથી ગ્લોબલ સાઉથની વાત કરીને દુનિયાના ગરીબ અને અલ્પ વિકસિત દેશોને પોતાની તરફ વાળવા પ્રયત્નશીલ છે. ગ્લોબલ નોર્થ અને ગ્લોબલ સાઉથ સામાજિક-આર્થિક અને રાજકારણના સંદર્ભમાં દુનિયાના દેશોને વિભાજિત કરે છે. ગ્લોબલ નોર્થમાં ધનિક અને વિકસિત દેશો છે જ્યારે ગ્લોબલ સાઉથમાં મોટા ભાગના ગરીબ અને પછાત દેશો છે.

યુએન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ની વ્યાખ્યા અનુસાર ગ્લોબલ સાઉથમાં આફ્રિકા, લેટિન અમેરિકા અને કેરેબિયન, ઇઝરાયેલ, જાપાન અને દક્ષિણ કોરિયા સિવાયના એશિયાના દેશો અને ઓસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેન્ડ સિવાયના ઓશનિયાના દેશોનો સમાવેશ થાય છે. આ સંગઠન દ્વારા ચીનનો વિકાસશીલ દેશો અને ગ્લોબલ સાઉથમાં પ્રભાવ વધશે તેથી અમેરિકાનું વરસોનું વર્ચસ્વ તૂટશે.

ભારત માટે પણ આ સંગઠન ખતરો છે કેમ કે ચીનનો પ્રભાવ વધે એવી કોઈ પણ ઘટના ભારતના નુકસાનમાં જ હોય. આપણી પિન પાકિસ્તાન પર ચોંટેલી છે, પણ વાસ્તવમાં ભારત માટે મોટો ખતરો ચીન છે કેમ કે પાકિસ્તાન ભારત સામે કોઈ હૈસિયત નથી ધરાવતું, પણ ચીન ભારત કરતાં બધા મોરચે ચડિયાતું છે. ચીન અત્યારે બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા દેશો મારફતે ભારત સામે પ્રોક્સી વોર ચલાવી જ રહ્યું છે તેથી ચીન તાકાતવર બનશે તો ભારત સામે ખતરો વધશે.

ભારતમાં એક વર્ગ આપણે ચીનને પછાડી દઈશું એવા ફાંકા મારે છે, પણ આપણામાં એ તાકાત નથી એ વાસ્તવિકતા છે. ચીનનો પ્રભાવ કેવો છે તેનો અંદાજ એ વાત પરથી આવે કે, ચીનના નિમંત્રણથી દુનિયાના ૮૫ દેશો ને ૨૦ સંગઠનો હાજર થઈ ગયાં ને ૩૩ દેશોએ ચીનની પહેલને સ્વીકારીને કરાર પર સહી કરી દીધી. આપણો કોઈ એવો પ્રભાવ નથી, પણ એ ચિંતાનો મુદ્દો નથી. ચિંતાનો મુદ્દો ચીન તાકાતવર બને પછી તેનો મુકાબલો કઈ રીતે કરવો એ છે ને એ દિશામાં સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૩-૬-૨૦૨૫, દુર્ગાષ્ટમી,

- ભારતીય દિનાંક ૧૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રે ક. ૨૪-૫૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૫૨,
- ઓટઃ સવારે ક. ૧૧-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૦ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી, મેલા ક્ષીર ભવાની (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ ક. ૦૯-૧૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, દુર્ગામાતા પૂજન, સપ્તસતી પાઠ હવન, પ્રયાણ મધ્યમ, મંગળ -શુક્ર ગ્રહદેવતાનું પૂજન, હનુમાનચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ વાંચન, માલ વેંચવો, પશુ લે-વેંચ, ઘર-ખેતર જમીન-મકાન લેવડ, મહાલક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ-પૂજન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આરોગ્ય માટે સાવધાની દાખવવી, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ ભીરુ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ. બુધ મૃગશીર્ષ પ્રવેશ. શુક્ર અશ્વિની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પાકિસ્તાનના કરાચીમાં ત્રણ ભૂકંપના આંચકા અનુભવાયા

કરાચીઃ પાકિસ્તાનના સિંધ પ્રાંતના કરાચી શહેરમાં સોમવારે ત્રણ ઓછી તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ માહિતી એક અધિકારીએ આપી હતી. ભૂકંપને કારણે હજુ સુધી કોઇ મોટા નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી. પાકિસ્તાન હવામાન વિભાગ(પીએમડી)એ સોમવારે સવારે ૧-૦૫ વાગ્યે કરાચીના ગડપ શહેર નજીક ૩.૨ની તીવ્રતાનો પહેલો ભૂકંપ આવ્યો હોવાની પુષ્ટિ કરી હતી. પીએમડીના અધિકારી સરફરાઝ ખાને જણાવ્યું કે ૩.૬ની તીવ્રતાનો બીજો ભૂકંપ પણ સોમવારે સવારે આ જ સ્થળે આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું કે સોમવારે સવારે શહેરના ગીચ વસ્તીવાળા કૈદાબાદ વિસ્તારમાં ૩.૨ની તીવ્રતાનો ત્રીજો ભૂકંપ નોંધાયો હતો. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આવી ઓછી તીવ્રતાવાળી ધરતીકંપીય હિલચાલ ટેક્ટોનિક પ્લેટોની અંદર સંગ્રહિત ઊર્જા મુક્ત કરીને ઉચ્ચ તીવ્રતાવાળા ભૂકંપોને અટકાવે છે. નિષ્ણાતોના મતે પાકિસ્તાનમાં પાંચ ભૂકંપ ઝોન છે કારણ કે તે ત્રણ મુખ્ય ટેક્ટોનિક પ્લેટો- અરબી, યુરો-એશિયન અને ભારતીય પર આવેલું છે. ■

# ‘પાણી અને લોહી એકસાથે વહી ન શકે’: મલયેશિયામાં સર્વપક્ષી ભારતીય પ્રતિનિધિમંડળ ઉવાચ

કુઆલામ્પુર : મલયેશિયાની મુલાકાતે આવેલા સર્વપક્ષી સંસદીય પ્રતિનિધિમંડળે આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય સહિષ્ણુતા પર ભાર મૂકતા ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘પાણી અને લોહી એકસાથે વહી શકતા નથી’, એમ ભારતીય મિશનએ સોમવારે જણાવ્યું હતું.

જેડી(યુ) સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે વડા પ્રધાન કાર્યાલય (કાયદા અને સંસ્થાકીય સુધારણા) માં નાયબ પ્રધાન વાયબી એમ. કુલા સેગરન અને મલેશિયામાં પાર્ટી કેડિલાન રાક્યતના નેતૃત્વમાં ડેમોક્રેટિક એક્શન પાર્ટીના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી અને આતંકવાદ સામે ભારતનો દ્રષ્ટિકોણ અને રાષ્ટ્રીય સંકલ્પ વ્યક્ત કર્યો હતો, એમ મલેશિયામાં ભારતીય દૂતાવાસે એક્સ પર પોસ્ટ કર્યું હતું.

“ઑપરેશન સિંદૂર હેઠળ આતંકવાદ પ્રત્યે ભારતના દઢ પ્રતિભાવ પર ચર્ચા કેન્દ્રિત હતી. આતંકવાદ પ્રત્યે ભારતના શૂન્ય સહિષ્ણુતા અને ‘પાણી અને લોહી એકસાથે વહી શકતા નથી’ તે દૃષ્ટિકોણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.” એમ તેમાં ઉમેર્યું હતું. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના સંદર્ભમાં પ્રતિનિધિમંડળની આ ટિપ્પણીઓ હતી. નવી દિલ્હીએ કહ્યું છે કે જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ ન કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે.પ્રતિનિધિમંડળે વાયબી સિમ ત્ઝ ત્ઝિનના નેતૃત્વમાં પાર્ટી કેડિલાન રાક્યતના પ્રતિનિધિઓ સાથે “રચનાત્મક વાટાઘાટો” કરી હતી

વિશ્વ બૅન્ક દ્વારા મધ્યસ્થી કરાયેલ, ૧૯૬૦ની સંધિ સિંધુ નદીના પાણી અને તેની પાંચ ઉપનદીઓ - સતલજ, બિયાસ, રાવી, ઝેલમ અને ચિનાબના ઉપયોગ માટે બે પરમાણુ સશસ્ત્ર પાડોશી દેશો વચ્ચે પાણીની વહેંચણી અને માહિતીના આદાનપ્રદાન માટે એક પદ્ધતિ વ્યાખ્યાયિત કરે છે. ■

# કર્ણાટકમાં ‘ઠગ લાઈફ’ની રિલીઝ માટે કમલ હાસને હાઈ કોર્ટમાં રક્ષણ માગ્યું

બેંગલૂરુઃ અભિનેતા કમલ હાસને સોમવારે કર્ણાટક હાઈ કોર્ટમાં અરજી કરીને રાજ્યમાં ફિલ્મ ‘ઠગ લાઈફ’ની સરળ રિલીઝ સુનિશ્ચિત કરવા માટે રક્ષણની માગ કરી છે.

કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ (કેએફસીસી)ની તાજેતરની જાહેરાતના જવાબમાં આ પગલું લેવામાં આવ્યું છે કે જ્યાં સુધી હાસન કન્નડ ભાષા તમિળ ભાષામાંથી ઉદ્ભવી હોવાનું સૂચવતી તેમની ટિપ્પણી માટે જાહેર માફી ન માગે ત્યાં સુધી તે કર્ણાટકમાં ફિલ્મના પ્રદર્શનને મંજૂરી આપશે નહીં.

કર્ણાટકમાં ફિલ્મ નિર્માતાઓ, વિતરકો અને પ્રદર્શકોનું પ્રતિનિધિત્વ કરતી પ્રભાવશાળી સંસ્થા કેએફસીસીએ ૫ જૂને થિયેટરોમાં રિલીઝ થનારી ફિલ્મનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે .

ચેમ્બરે ચેન્નઈમાં એક પ્રમોશનલ કાર્યક્રમ દરમિયાન હાસનની ટિપ્પણીનો કડક વિરોધ કર્યો હતો અને જાહેર કર્યું હતું કે જ્યાં સુધી અભિનેતા માફી ન માગે ત્યાં સુધી ફિલ્મને રાજ્યમાં પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેણે દાવો કર્યો હતો કે તેનું વલણ કર્ણાટકના સાંસ્કૃતિક ગૌરવ અને ભાષાકીય વારસાના બચાવમાં છે.

હાસન દ્વારા દિગ્દર્શિત પ્રખ્યાત પ્રોડક્શન હાઉસ રાજ કમલ ફિલ્મ્સે એક અરજીમાં જણાવ્યું હતું કે અભિનેતાની ટિપ્પણી, જેનો હેતુ તમિલનાડુ અને કર્ણાટકના લોકો વચ્ચે એકતા અને પરસ્પર આદરને પ્રતિબિંબિત કરવાનો હતો, તેને સંદર્ભની બહાર લેવામાં આવી હતી.

અરજદારે કર્ણાટકમાં ફિલ્મના પ્રદર્શનમાં અવરોધ અથવા પ્રતિબંધ મૂકવાથી કોઈપણ વ્યક્તિ, જૂથ અથવા સત્તા (કેએફસીસી અને સરકારી અધિકારીઓ સહિત) ને રોકવા માટે નિર્દેશની વિનંતી કરી છે અને ફિલ્મ નિર્માતા, કલાકારો, થિયેટર માલિકો અને પ્રેક્ષકોને “ધમકી અથવા વિક્ષેપો” થી બચાવવા માટે સુરક્ષા વ્યવસ્થાની પણ માગ કરી હતી.

કોર્ટમાં જતા પહેલા, ફિલ્મ નિર્માતાઓએ પોલીસ સહિત રાજ્યના અધિકારીઓને રજૂઆતો રજૂ કરી હતી, જેમાં ફિલ્મના પ્રદર્શન માટે “સુરક્ષા”ની ખાતરી માંગવામાં આવી હતી.

જોકે, કોઈ સકારાત્મક પ્રતિભાવ ન મળતાં, નિર્માતાઓએ કાનૂની નિવારણ માટે હાઇ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. હાઇ કોર્ટે હજુ સુધી આ મામલાને સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો નથી. ■

# ભારત પાંચ વર્ષમાં ૫૦ વધુ એરપોર્ટ વિકસાવશેઃ નાયડુ

નવી દિલ્હી : ભારતીય ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ પર પ્રકાશ પાડતા, કેન્દ્રીય પ્રધાન કે રામમોહન નાયડુએ સોમવારે જણાવ્યું હતું કે દેશમાં આગામી પાંચ વર્ષમાં ૫૦ વધુ એરપોર્ટ બનાવવાનું લક્ષ્ય છે. હાલમાં, ભારતમાં ૧૬૨ એરપોર્ટ છે અને ૨૦૧૪માં ૭૪ એરપોર્ટની સરખામણીમાં આ સંખ્યા બમણી થઈ ગઈ છે.

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં બોલતા, તેમણે એમ પણ કહ્યું કે સરકારની પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના (ઉડાન) એ હવાઈ મુસાફરીને લોકશાહી બનાવી છે અને કુલ ૬૧૯ રૂટ કાર્યરત કર્યા છે.

નાયડુએ જણાવ્યું હતું કે ભારતને વૈશ્વિક એમ.આર.ઓ. (જાળવણી, સમારકામ અને ઓવરહોલ) હબ બનાવવાના પ્રયાસો પણ ચાલુ છે અને ૨૦૩૧ સુધીમાં આ સેગમેન્ટ ૪ બિલિયન ડોલરનું થવાનો અંદાજ છે. ■

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને તેલંગાણાના લોકોને રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે તેલંગાણાના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર જણાવ્યું કે રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે તેલંગાણાના લોકોને હાર્દિક શુભેચ્છાઓ! આ યુવા રાજ્ય સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને આર્થિક અને તક્નીકી વિકાસની જીવંત આધુનિક ઇકોસિસ્ટમ ધરાવે છે.

હું તેલંગાણાના લોકો પ્રગતિ અને સમૃદ્ધિના પથ પર આગળ વધે તેવી શુભેચ્છા પાઠવું છું.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે તેલંગાણાના અદ્ભુત લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસ પર શુભેચ્છાઓ. આ રાજ્ય રાષ્ટ્રીય પ્રગતિમાં તેના અસંખ્ય યોગદાન માટે જાણીતું છે. છેલ્લા દાયકામાં એનડીએ સરકારે રાજ્યના લોકોનું જીવન સરળ બનાવવા માટે અનેક પગલાં લીધાં છે. રાજ્યના લોકોને સફળતા અને સમૃદ્ધિ મળે તેવી પ્રાર્થના.

અત્રે નોંધનીય છે કે દાયકાઓના આંદોલન પછી ૨૦૧૪માં આ દિવસે તેલંગાણાને આંધ્ર પ્રદેશમાંથી અલગ કરીને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### દેશના પૂર્વોત્તર

૧૯,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. છેલ્લા ચાર દિવસથી સતત ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે ૩,૩૬૫ ઘરોને નુકસાન થયું છે અને ૧૯,૮૧૧ લોકો પ્રભાવિત થયા છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

પૂરના લીધે પોતાના ઘરો અને વિસ્તારો છોડીને આવેલા લોકોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે ૩૧ રાહત શિબિરો શરૂ કરવામાં આવી છે. જેમાંથી મોટાભાગની ઇમ્ફાલ પૂર્વ જિલ્લામાં છે. સેનાપતિ જિલ્લાની સાથે સાથે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના હેઇગંગ, વાંગખેઇ અને ખુરાઇ વિધાનસભા મતવિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયા છે. છેલ્લા ચાર દિવસમાં રાજ્યના વિવિધ ભાગોમાં ૪૭ ભૂસ્ખલનની ઘટનાઓ પણ નોંધાઇ છે. ખુરાઇ, હેઇગંગ અને ચેકોન વિસ્તારોમાં નદીના વહેણથી બંધ તૂટી ગયા બાદ રાજ્યના પાટનગર ઇમ્ફાલના ઘણા વિસ્તારો અને ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના કેટલાક ભાગો જળમગ્ન બન્યા છે.

આસામમાં પૂરની સ્થિતિ સોમવારે પણ ગંભીર રહી હતી. રાજ્યના ઘણા ભાગોમાં જળ સ્તર વધી રહ્યું છે. ગુવાહાટી સ્થિત ભારતીય હવામાન વિભાગના પ્રાદેશિક હવામાન કેન્દ્ર(આરએમસી)એ રાજ્યમાં મોટાભાગના સ્થળોએ મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે.

આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(એએસડીએમએ)ના અહેવાલમાં જણાવાયું છે કે કચર અને શ્રીભૂમિ જિલ્લામાં વધુ બે લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમ જ ૧૫ જિલ્લાઓમાં લગભગ ચાર લાખ લોકો પૂરથી પ્રભાવિત છે. આ વર્ષે પૂર અને ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા લોકોનો કુલ આંક વધીને ૧૦ થયો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે કચર સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં એક લાખથી વધુ લોકો પ્રભાવિત છે. ત્યારબાદ શ્રીભૂમિમાં ૮૫,૦૦૦ અને નાગાંવમાં ૬૨,૦૦૦ લોકો પ્રભાવિત થયા છે. વહીવટીતંત્ર ૧૨ જિલ્લાઓમાં ૧૫૫ રાહત શિબિરો અને રાહત વિતરણ કેન્દ્રો ચલાવી રહ્યું છે. જે હાલમાં ૧૦,૨૭૨ વિસ્થાપિત લોકોની સંભાળ રાખી રહ્યા છે.

મિઝોરમમાં ભારે વરસાદને કારણે સોમવારે સતત ત્રીજા દિવસે પણ શાળાઓ બંધ રહી હતી. આ વરસાદને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન, માટી ધસી પડવી, ખડકો પડવા અને પાણી ભરાવાની ઘટનાઓ નોંધાઇ હતી. શાળા શિક્ષણ વિભાગના નિયામક એન્જેલા જોથાનપુઇએ જણાવ્યું કે તમામ ૧૧ જિલ્લા વહીવટીતંત્રોએ વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના પગલાં તરીકે સોમવારે શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી હતી.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી જાહેરનામામાં જણાવાયું છે કે શાળાઓ બંધ રાખવાનો નિર્દેશ ભારતીય હવામાન વિભાગ(આઇએમડી) દ્વારા જારી કરવામાં આવેલી ચિંતાજનક હવામાન આગાહીઓને પગલે આપવામાં આવ્યો છે. જેમાં રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલન, કાદવ અને ખડકો ધસી પડવા સહિતના સંભવિત કુદરતી જોખમોની આગાહી કરવામાં આવી છે.આ અગાઉ ૨૯ મે અને ૩૦ મેના રોજ રાજ્યભરમાં બે દિવસ શાળાઓ બંધ રાખવામાં આવી હતી. જો કે વરસાદ પડ્યો ન હતો. પરંતુ રાજ્યના પાટનગર આઇઝોલમાં સોમવારે સવારે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. રાજ્યમાં ૨૪ મેથી ભારે વરસાદને કારણે ભૂસ્ખલન, મકાન ધરાશાયી થવા અને અન્ય આફતોને કારણે અત્યાર સુધીમાં ત્રણ મ્યાનમાર શરણાર્થીઓ સહિત ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે. ■

### સ્વદેશી હથિયારોથી

સુધીના અંતરે આવેલા નિશાનને સચોટ રીતે સાધવામાં સફળ રહી હતી. આ રાઈફલ જળ, વાયુ અને અન્ય ભૌગોલિક પરિસ્થિતિમાં પણ સ્થિર અને સુસંગત રીતે કામ કરી શકે છે. આ રાઈફલ સો ટકા ‘મૅડ ઈન ઈન્ડિયા’ હશે એટલે કે આ રાઈફલના તમામ હિસ્સાનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો અન્ય મહત્ત્વનો હિસ્સો મલ્ટીબેરલ મશીનગન છે જે ટેકનિકની દૃષ્ટિએ ખૂબ જ સક્ષમ છે. આ ગન એક મિનિટમાં ૬,૦૦૦ રાઉન્ડ ફાયર કરવાની ક્ષમતા ધરાવે છે અને એક હજાર મીટર સુધી સચોટતાપૂર્વક નિશાન સાધી શકે છે.

આ ગનના એક બેલ્ટમાં ૧૫,૦૦૦ રાઉન્ડ ફાયર કરી શકાય તેવી સુવિધા હશે. ભવિષ્યમાં આ ગનને સી-આરએએમ (કાઉન્ટર રૉકેટ, આર્ટિલરી અને મોર્ટાર) મતલબ ઍન્ટી ઍરક્રાફ્ટ હથિયારના રૂપમાં અપગ્રેડ કરવામાં આવશે જે તેને દુશમનના ડ્રોન અને હવાઈહુમલા વિરુદ્ધ કારગર હથિયાર બનાવશે. આ યોજનાને પણ ‘મૅક ઈન ઈન્ડિયા’ અંતર્ગત આગળ વધારવામાં આવી રહી છે અને તેની ટેકનિક અને નિર્માણ પ્રક્રિયા સંપૂર્ણપણે સ્વદેશી હશે.

આ યોજના અંતર્ગત હથિયારોના વિશેષ હિસ્સાનું ઉત્પાદન જોધપુર, જયપુર સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં કરવામાં આવશે. મુખ્ય ઉત્પાદન કેન્દ્ર જોધપુરના બોરાનાડા ઔદ્યોગિક ક્ષેત્રસ્થિત ફેક્ટરી હશે જ્યાં મશીનગનની બેરલ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત હથિયારના અન્ય હિસ્સાઓનું ઉત્પાદન રાજ્યના અન્ય હિસ્સામાં કરવામાં આવશે. ત્યાર બાદ આ તમામ હિસ્સાઓને ગુપ્તસ્થળે એસેમ્બલ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત મશીનગન અને સ્નાઈપર રાઈફલના સંચાલન માટે જરૂરી દારૂગોળો અને ગોળીઓનું ઉત્પાદન પણ કરવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રે રાજસ્થાનની આ પહેલ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે અને ભારતના આત્મનિર્ભરતાના લક્ષ્યને પણ મજબૂતી પ્રદાન કરશે. ‘મૅડ ઈન રાજસ્થાન’ બ્રાન્ડ અંતર્ગત તૈયાર કરવામાં આવનારાં આધુનિક હથિયાર આવનારાં સમયમાં ભારતીય સેનાની તાકાત વધારશે અને વૈશ્વિક સ્તરે સંરક્ષણ ક્ષેત્રે તેને નવી ઓળખ આપશે. આ યોજના રાજસ્થાનના યુવકો માટે રોજગાર, ટૅકનિકલ કુશળતા અને સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા સંબંધિત અનેક તક ઊભી કરશે. ■

### થાણેના પડઘામાં

ઑફ ઈન્ડિયા (સિમી)ના ભૂતપૂર્વ પદાધિકારી અને સભ્યોનાં બે ડઝનથી વધુ ઘરમાં સર્ચ હાથ ધરી હતી, જેમાં સાકીબ નાચન, અકીબ નાચન, અબ્દુલ લતીફ કાસકર, કૈફ નાચન અને શાજીલ નાચનનો સમાવેશ થાય છે. એ સિવાય લૅન્ડ બ્રોકર અને સિમીના ભૂતપૂર્વ સભ્ય ફરાક ઝુબેર મુલ્લા (૬૦)ના ઘરમાં પણ સર્ચ કરાઈ હતી.

તપાસમાં એવું જણાયું હતું કે ફરાક મુલ્લા સાઉદી અરેબિયામાં હજ પર ગયો હતો. તેનો મોટો ભાઈ હસીબ ઝુબેર મુલ્લા ૨૦૦૨ અને ૨૦૦૩ના મુંબઈ ટ્રેન બૉમ્બ બ્લાસ્ટ કેસોનો આરોપી હતો. હસીબને ૧૦ વર્ષની જેલની સજા થઈ હતી. આઈએસઆઈએસ મોડ્યુલ કેસમાં નવ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી તે સાકીબ નાચન સાથે દિલ્હીની જેલમાં હતો.

અબ્દુલ લતીફ કાસકર (૨૭)ના ઘર અને ગોદામમાં પણ તપાસ કરવામાં આવી હતી. તે ફરહાન સુસેનો ખાસ મિત્ર છે અને ફરહાનને દિલ્હીના આઈએસઆઈએસ મોડ્યુલ કેસમાં તપાસ એજન્સીએ તાબામાં પણ લીધો હતો.

એટીએસ જે લોકોનાં ઘરમાં તપાસ કરવાની હતી તેમાંથી છ જણ હાથ લાગ્યા નહોતા. લગભગ ૧૦ કલાક સુધી ચાલેલા સર્ચ ઑપરેશન પછી એટીએસે પૂછપરછ માટે ૧૨ જણને તાબામાં લીધા હતા. પ્રાથમિક પૂછપરછ પછી તેમને છોડી દેવામાં આવ્યા હતા. વધુ પૂછપરછ માટે જરૂર હશે તો તેમને ફરી બોલાવવામાં આવશે, એમ એટીએસે જણાવ્યું હતું.

### ગુજરાતમાં કોરોના

છેલ્લા બે દિવસથી એલ.જી હૉસ્પિટલમાં દાખલ હતા. તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સાથે અમદાવાદની ૧૮ વર્ષની યુવતીનું પણ શહેરની મણિનગરમાં આવેલી એલ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મનપાના આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા શહેરના મેયરને તેમજ સત્તાધીશોને પણ કોરોના અંગેની માહિતી આપવામાં આવી રહી નથી, જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ બેદરકારી અને આંકડાકીય વિગતો છુપાવી રહ્યો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આરોગ્ય વિભાગ કોરોનાની રી-એન્ટ્રી થઈ હોવા છતાં પણ હજી આ બાબતને ગંભીરતાથી લેતો નથી. ■

### રશિયા ભારતને

ભારતને વર્ષ ૨૦૨૬ સુધીમાં આપશે. એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ માટે ભારતે વર્ષ ૨૦૧૮માં રશિયા સાથે ૫.૪૩ અબજ ડૉલરના કરાર કર્યા હતા. અત્યાર સુધીમાં પાંચમાંથી ત્રણ યુનિટની ડિલિવરી ભારતને મળી ગઈ છે. ઍન્ટી ડ્રોન સિસ્ટમ ભારત અને રશિયા વચ્ચે ચાલી રહેલી સંરક્ષણ વાટાઘાટનો હિસ્સો છે. (એજન્સી) ■

# ભાજપે કડીમાં રાજેન્દ્ર ચાવડા અને વિસાવદરમાં કિરીટ પટેલને મેદાનમાં ઉતાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિધાનસભાની પેટાચૂંટણીની તૈયારીઓ હાલ જોરશોરથી ચાલી રહી છે. કડી અને વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ નક્કી છે. આ દરમિયાન ભાજપ દ્વારા કડી અને વિસાવદર બેઠક પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. કડીમાં ભાજપ દ્વારા રાજેન્દ્રભાઈ દાનેશ્વર ચાવડાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે વિસાવદર બેઠક માટે કિરીટભાઈ બાલુભાઈ પટેલના નામ પર મહોર લગાવવામાં આવી હતી.

કડી વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાએ સોમવારે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું, તેમની સાથે ભાજપના અગ્રણી નેતાઓ સાથે મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. રાજેન્દ્ર ચાવડા કૉંગ્રેસના રમેશ ચાવડા સાથે ટકરાશે. આ બેઠક પર ભારે રસાકસી જોવા મળશે. આ બેઠક અનુસૂચિત જાતિ (એસસી) ઉમેદવારો માટે અનામત બેઠક છે.

તે જ પ્રકારે ભાજપે જૂનાગઢ જિલ્લાના પૂર્વ પ્રમુખ એવા કિરીટ પટેલને વિસાવદર બેઠક ઉપરથી ચૂંટણી લડવા માટે મેદાને ઉતાર્યા છે. વિસાવદરથી ભાજપના ઉમેદવાર કિરીટ પટેલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. તેમની સાથે ધારાસભ્ય જયેશ રાદડિયા, પૂર્વ ધારાસભ્ય રિબડીયા પણ હાજર રહ્યા હતા. કિરીટ પટેલે ફોર્મ ભરી જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

વિસાવદર બેઠકની વાત કરીએ તો અહીંની પેટાચૂંટણી ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) વચ્ચે ત્રિપાંખિયો જંગ બની રહેવાની છે. આમ આદમી પાર્ટીએ પહેલેથી ગોપાલ ઈટાલિયાને પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા હતા. ત્યાર પછી ભાજપે કિરીટ પટેલ અને કૉંગ્રેસે નીતિન રાણપરિયાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના બંને ઉમેદવારો વિધિવત રીતે જાહેર થઈ ચૂક્યા છે. હવે ૧૯ જૂનના રોજ વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાવાની છે. ત્યારે કડી વિધાનસભા જે ભારતીય જનતા પાર્ટીના ફાળે હતી તે અકબંધ રહેશે કે કેમ તેમજ આમ આદમી પાર્ટીના ફાળે ગયેલી વિસાવદર વિધાનસભા બેઠક ભાજપ આંચકે છે કે કેમ તે જોવું રહ્યું. ■

# સુરેન્દ્રનગરમાં મુખ્ય પ્રધાનના હસ્તે ₹ ૬૯૬ કરોડના પ્રકલ્પોનું અનાવરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગરમાં રૂ.૬૬૪ કરોડના પાણી અને સિંચાઈ સંબંધિત વિકાસકામો સહિત કુલ રૂ.૬૯૬.૨૫ કરોડના ૧૨ વિકાસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કર્યા હતા. આનંદ ભુવન ખાતે યોજાયેલી જનસભાને સંબોધતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, એક સમયે પાણીની સમસ્યાથી ઝઝૂમી રહેલા સુરેન્દ્રનગર-ઝાલાવાડ અને સૌરાષ્ટ્ર પંથકને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પબદ્ધ પ્રયાસોથી પાણીદાર બનાવવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, રૂ.૬૯૬ કરોડના કુલ વિકાસ કાર્યોમાંથી રૂ. ૬૬૪ કરોડના કામો ફક્ત સુરેન્દ્રનગર જિલ્લામાં પાણી અને સિંચાઈની સુવિધા માટેના છે. તેમણે વડા પ્રધાનના 'જનશક્તિને જલશક્તિ સાથે જોડીને' ગુજરાતમાં જળ સુરક્ષા સુનિશ્ચિત કરવાના વિઝનને બિરદાવ્યું હતું. નર્મદાના નીર ઝાલાવાડ સુધી પહોંચાડવાથી માતાઓ-બહેનોનું જીવન સરળ બનશે અને ખેડૂતોને ખેતીમાં મોટો લાભ થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કેન્દ્ર સરકારના મક્કમ નિર્ધારના પરિણામ સ્વરૂપે લખતરના ઢાંકીમાં નિર્મિત એશિયાનું સૌથી મોટું ૨૪ માળ ઊંચું પમ્પિંગ સ્ટેશન ઊભું થયું છે, જે તેમની દૂરંદેશીનું ઉત્તમ ઉદાહરણ છે.

મુખ્ય પ્રધાને સૌની યોજનાને વડા પ્રધાનના વિઝનનું ઉત્તમ ઉદાહરણ ગણાવી હતી. તેમણે સમજાવ્યું કે, જ્યારે એક તરફ નર્મદાનું લાખો લિટર પાણી દરિયામાં વહી જતું હતું અને બીજી તરફ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત પાણી માટે વલખાં મારતું હતું, ત્યારે વડા પ્રધાને સૌરાષ્ટ્ર-કચ્છના ગામેગામ પાણી પહોંચાડવાનો સંકલ્પ કર્યો. નર્મદાના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા મજબૂત કરવા અને પીવાનું પાણી પહોંચાડવાનું નક્કર આયોજન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે.

આ અવસરે રાજ્યના જળસંપત્તિ, પાણી પૂરવઠા પ્રધાન કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, આજનો દિવસ ઐતિહાસિક છે. ધોળીધજા ડેમમાં નર્મદાનાં નીર પહોંચ્યા તે દિવસ પણ ઐતિહાસિક હતો અને આજે સુરેન્દ્રનગર જિલ્લાનાં પાણીવિહોણાં ૧૦૦ જેટલાં ગામોમાં પાણી પહોંચાડવાની યોજનાનું ભૂમિપૂજન થયું છે, જેનાથી આ ગામોને સિંચાઈ માટે પાણી મળશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા, વઢવાણ અને મુળી તાલુકાનાં ૪૫ ગામોને રૂ.૨૯૩.૨૫ કરોડના ખર્ચે ૨૩૫ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાંખીને પાણી પહોંચાડવામાં આવશે. ઉપરાંત, સાયલા, મુળી, વઢવાણ તાલુકાના ૪૪ ગામોમાં રૂ.૨૧૮.૧૯ કરોડના ખર્ચે પાઈપલાઈન નાંખીને પાણી પહોંચાડાશે. સરવડા પમ્પિંગ સ્ટેશન બનાવીને, બ્રાહ્મણી-૧માંથી પાણી ઉપાડીને ૬૯ કિ.મી. લાંબી પાઈપલાઈન મારફત મોરબી જિલ્લાના હળવદ તાલુકાનાં ૧૧ ગામોનાં તળાવો ભરવામાં આવશે. જેનાથી ૪૩૩ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. આ યોજના પાછળ રૂ. ૪૦.૮૮ કરોડનો ખર્ચ થવાનો છે. કુલ રૂ. ૫૫૨ કરોડના ખર્ચે ૧૦૦ કરતાં વધુ ગામોમાં સિંચાઈનો લાભ મળશે અને પીવાના પાણીની સમસ્યા હલ થશે. ■

# વિસાવદર બેઠક માટે કૉંગ્રેસે જાહેર કર્યો ઉમેદવાર, નીતિન રાણપરિયા પર પસંદગીનો કળશ ઢોળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિસાવદર અને કડી વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જેથી રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવારોને મેદાને ઉતારી રહી છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ થવાનો છે. દરેક પાર્ટીએ પોતાના ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. કૉંગ્રેસ દ્વારા પણ વિસાવદર બેઠક પર ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. આ બેઠક માટે કૉંગ્રેસે નીતિન રાણપરિયા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.

કૉંગ્રેસે વિસાવદર બેઠક પરથી નીતિન રાણપરિયાને ટિકિટ આપી છે. નીતિન રાણપરિયા જિલ્લા પંચાયતના સભ્ય રહી ચૂક્યા છે, આ સિવાય વિસાવદર યુથ કૉંગ્રેસના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ ભેસાણ તાલુકા કૉંગ્રેસ પ્રમુખની જવાબદારી નિભાવી રહ્યા છે. નીતિન રાણપરિયાને પહેલીવાર કૉંગ્રેસે વિધાનસભા બેઠકની ટિકિટ આપી છે. તેઓ વિધાનસભાની પહેલીવાર ચૂંટણી લડી રહ્યા છે. ■

# ત્રિ-દિવસીય ઈન્ડિયન ફોક કાર્નિવલ અમદાવાદમાં ભવ્યતાપૂર્વક સંપન્ન થયો

અમદાવાદઃ શહેરમાં યોજાયેલો ત્રિ-દિવસીય ઇન્ડિયન ફોક કાર્નિવલ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ ભવ્ય આયોજનમાં દેશભરનાં રાજ્યોમાંથી આવેલા ૧ હજારથી વધુ લોક કલાકારોએ પોતાના પારંપારિક લોકનૃત્યો અને લોકકલાની અદ્ભુત પ્રસ્તુતિ કરીને ખરેખર ભારતની વિવિધતામાં એકતાના દર્શન કરાવ્યા હતા. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે આ કાર્નિવલના સમાપન સમારોહમાં સહભાગી થઈને કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા અને વિવિધ કલા પ્રસ્તુતિઓનો મનભરીને આનંદ માણ્યો હતો. તેમણે આ ઇન્ડિયન ફોક કાર્નિવલને, પરંપરાગત લોકકલાને આધુનિક આયામો સાથે નવી પેઢી સુધી પહોંચાડવાના એક સરાહનીય પ્રયાસ તરીકે બિરદાવ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે તેને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિરાસત ભી, વિકાસ ભીના ધ્યેયને પાર પાડનારું પ્રશંસનીય આયોજન ગણાવ્યું હતું.

લોકકલા ફાઉન્ડેશન દ્વારા રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સહયોગથી અમદાવાદમાં આ ત્રિ-દિવસીય ઇન્ડિયન ફોક કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરના ૧ હજારથી વધુ લોક કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આપણી ભવ્ય અને ભાતીગળ ઇતિહાસ ધરાવતી લોકકલાને મલ્ટીમીડિયાના મેગા શો દ્વારા નવી જનરેશન સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે આ અનોખો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.

આ કાર્નિવલમાં પહેલા દિવસે ગુજરાતનાં વિવિધ લોકનૃત્યો, બીજા દિવસે આદિવાસી લોકનૃત્યો અને ત્રીજા દિવસે દેશના જુદાં જુદાં રાજ્યોના પરંપરાગત લોકનૃત્યોની કલા પ્રસ્તુતિઓએ ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્નિવલના દિવસો દરમિયાન બે વર્કશોપ, બે આર્ટ ગેલેરી, ૧૦થી વધુ એવોર્ડ્સનું વિતરણ, અને ૧ હજારથી વધુ કલાકારો દ્વારા વિવિધ પ્રદેશોના ૫૦થી વધુ લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યાં હતાં, જે કલાપ્રેમીઓ માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહ્યો હતો. અમદાવાદમાં યોજાયેલા આ ઇન્ડિયન ફોક કાર્નિવલના ત્રીજા અને અંતિમ દિવસના સમાપન સમારોહમાં અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન, ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક તથા પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, પદ્મશ્રીથી સન્માનિત વિખ્યાત લોક કલાકાર ભીખુદાનભાઈ ગઢવી, શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ અને મોટી સંખ્યામાં લોકકલાકારો, કલાજગત સાથે સંકળાયેલા લોકો તથા કલાપ્રેમીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યાં હતાં. ■

# મુખ્ય સચિવની અધ્યક્ષતામાં પ્રિ-મોનસૂન બેઠક યોજાઈઃ કુદરતી આફતો સામે લડવા તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આગામી ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારનું વહીવટીતંત્ર સંપૂર્ણ સુસજ્જ બન્યું છે. મુખ્ય સચિવ પંકજ જોષીએ ગાંધીનગર ખાતે કેન્દ્ર અને રાજ્યની વિવિધ એજન્સીઓ તથા વિભાગોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી પ્રિ-મોનસૂન તૈયારીઓની સમીક્ષા બેઠકમાં સંબંધિત વિભાગોને તાત્કાલિક રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમ શરૂ કરવા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર રાખી તેના અમલ પર ભાર મૂક્યો હતો.

મુખ્ય સચિવે જણાવ્યું હતું કે, વિવિધ વિભાગોએ પોતાની જરૂરિયાત મુજબની વસ્તુઓ અને પુરવઠાનો પૂરતો જથ્થો અત્યારથી જ સુનિશ્ચિત કરવો જોઈએ, જેથી ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં નાગરિકોને યોગ્ય સુવિધા પૂરી પાડી શકાય. રાજ્યમાં ચોમાસા દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે વહીવટીતંત્ર અત્યારથી જ સંપૂર્ણ સજ્જ બને તે અનિવાર્ય છે.

પંકજ જોષીએ રાજ્યના તમામ વિભાગો, કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહીવટી તંત્રના તમામ અધિકારીઓ સાથે બેઠક યોજી, સંભવિત આપત્તિના સામનો કરવા માટેના આગોતરા આયોજન અને સજ્જતાની સમીક્ષા કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતમાં દર વર્ષે સરેરાશ વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ વર્ષે પણ ગુજરાત રિજિયનમાં ૧૧૪ ટકા અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૧૯ ટકા જેટલો સારો વરસાદ થવાની સંભાવના છે. છેલ્લા પાંચ વર્ષમાં એક વર્ષ છોડીને એક વર્ષે નાના-મોટા વાવાઝોડા આવ્યાં છે, જેમાં તાજેતરમાં આવેલા બિપરજોય વાવાઝોડામાં વિવિધ વિભાગોના યોગ્ય સંકલનથી જાનહાનિ ટાળી શકાઇ હતી. આ વર્ષે પણ રાજ્ય અને કેન્દ્રના વિવિધ વિભાગો વચ્ચે યોગ્ય સંકલન દ્વારા કોઈપણ કુદરતી આપત્તિ સામે પહોંચી વળવા માટે ગુજરાત સરકાર સજ્જ હોવાનો વિશ્વાસ મુખ્ય સચિવે વ્યક્ત કર્યો હતો.

મુખ્ય સચિવે સૂચના આપી હતી કે, ભૂતકાળમાં જ્યાં વધુ વરસાદ થયો હોય તેવા વિસ્તારોની અત્યારથી જ સમીક્ષા કરીને આગામી ચોમાસા માટે જરૂરી તૈયારીઓ કરી લેવી જોઈએ જેથી નુકસાન અટકાવી શકાય. શહેરી વિસ્તારોમાં જૂનાં અને જોખમી મકાનોની સ્થળ તપાસ કરાવીને તેને અત્યારથી જ ખાલી કરાવવા જોઈએ, જેથી જાનહાનિ ટાળી શકાય. ચોમાસાની તૈયારી સંદર્ભે વિવિધ સ્થળોએ મોકડ્રીલ યોજવા તેમજ સરદાર સરોવર, ઉકાઈ સહિતના ડેમોમાં પાણીની સ્થિતિ અંગે અગાઉથી વિગતો મેળવવા પણ તેમણે વહીવટીતંત્રને સૂચનાઓ આપી હતી.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ 'પ્રિ-મોનસૂન પ્રિપેર્ડનેસ' બેઠકમાં તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જરૂરી ફેરફાર સાથે તૈયાર રાખવા અને રાજ્ય વહીવટી તંત્ર, કેન્દ્ર સરકારની કચેરીઓ, સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન જાળવવા પર ભાર મૂક્યો હતો. આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં 'આપદા મિત્રો'ને તાલીમ આપી સજ્જ કરાશે. તેમણે ઉમેર્યું હતું કે, સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યમાં એનડીઆરએફની ૧૫ તેમજ એસડીઆરએફની ૧૧ ટીમો ઉપલબ્ધ રહેશે, જેને જરૂરિયાત પ્રમાણે તહેનાત કરી શકાશે. ■

# ગુજરાતમાં વધતા કોરોના કેસ વચ્ચે આરોગ્ય પ્રધાનની લોકોને હૈયાધારણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના કેસમાં એકધારા ઉછાળા વચ્ચે આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ઋષિકેશ પટેલે લોકોને ચિંતા ન કરવા પણ સજાગ રહેવા અને કોરોનાને લગતાં લક્ષણો જણાય તો તબીબી સલાહ મુજબ સારવાર લેવા અનુરોધ કર્યો હતો.

રાજ્યના આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે કડીમાં એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે કોવિડ હવે જીવનનો હિસ્સો છે. વર્ષે-બે વર્ષે આવો એકાદ મહિનો આવતો રહે છે. ઋષિકેશ પટેલએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોનામાં જૂના ઓમિક્રોનના જે સબ વેરિયન્ટ છે એ જ છે. જીનોમ સિક્વન્સિંગ દ્વારા એ વાત સાબિત પણ થાય છે અને આ જે કેસ વધી રહ્યા છે એ કોઈ ચિંતાજનક નથી, ભયજનક નથી, પણ જેને લક્ષણો દેખાય તો તેને પોતાની જાતને કોરોન્ટીન કરવી જોઇએ તથા સિમ્પ્ટમેટિક સારવાર દ્વારા એ જાતે સાજા થઈ શકે છે, ચિંતાનો વિષય નથી.

લગભગ વર્ષે-બે વર્ષે આવો એકાદ મહિનો આવતો પણ હોય છે અને હું એવું માનું છું કે જે રીતે બીજા ઇન્ફલુએન્ઝા, ન્યુમોનિયા પ્રકારના રોગો છે આ જે ઓમિક્રોનનો સબ વેરિયન્ટ છે. એ જીવનનો હિસ્સો થયો છે એ હું માનું છું. મૃત્યુ થવાનું કારણ બીજું પણ હોઈ શકે, કોઇને નાના-મોટા પ્રકારની બીમારી હોય અને એ બીમારીના કારણે અને સાથે જ તેને આ પ્રકારના વાઇરસનો ચેપ લાગે ત્યારે સમયસર સારવાર ન લેતાં અથવા તો ઈગ્નોર કરતાં કોઈ ને કોઈ મુશ્કેલી પડી શકે છે. એવું મારું માનવું છે.

કોઇને તાવ, શરદી, ઉધરસ, નબળાઇ, શરીર તૂટવું જેવી તકલીફ જણાય તો ડોકટરની સલાહ મુજબ સારવાર લેવી. આવી વ્યકિતએ પોતાની જાતને પરિવારના અન્ય સભ્યોથી અમુક દિવસ સુધી અળગી રાખવી. તબીબોએ અમને જણાવ્યા મુજબ આ વેરિયેન્ટ જીવલેણ નથી. લોકોએ ચિંતા કરવા જેવું નહીં પણ માત્ર સાવચેતી રાખવા જેવું છે. રોગોચાળાની પરિસ્થિતિની સરકાર દ્વારા સમયાંતરે સમીક્ષા થતી રહે છે. બેડ, દવા, ઓકિસઝન, વેન્ટિલેટર વગેરે વ્યવસ્થા રાખવામાં આવેલી છે. કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ રાજય સરકાર જરૂરી કાર્યવાહી કરશે. ■

# બીપીએલ અનુસૂચિત જનજાતિના સભ્યોને કોર્ટ ફીમાંથી મુક્તિ આપતો ગુજરાત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના અનુસૂચિત જનજાતિ (આદિજાતિ) ના ગરીબી રેખા નીચે (બીપીએલ) જીવન જીવતા સભ્યો માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લીધો છે. હવે આવા આદિવાસી સમુદાયોને કોર્ટ ફી ભરવામાંથી મુક્તિ મળશે.

રાજ્યના કાયદા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી અધિસૂચના અનુસાર, ૧લી એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧મી માર્ચ, ૨૦૨૭ સુધી, ભારતના બંધારણના અનુચ્છેદ ૩૪૨ હેઠળ ગુજરાત સંબંધિત અનુસૂચિત જનજાતિ તરીકે ગણાતા અને બીપીએલ કાર્ડ ધરાવતા આદિવાસી સમુદાયોના સભ્યોને ન્યાયની કોઈપણ અદાલતમાં રજૂ કરાયેલા દસ્તાવેજો પર લાગતી કોર્ટ ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય ગુજરાત કોર્ટ ફી એક્ટ, ૨૦૦૪ ની કલમ ૪૬ હેઠળ લેવામાં આવ્યો છે. આ પહેલથી આદિવાસી સમુદાયોને કાયદાકીય પ્રક્રિયામાં મોટી રાહત મળશે અને ન્યાય મેળવવામાં તેમને નોંધપાત્ર મદદરૂપ થશે. સરકારના આ નિર્ણયથી સામાજિક સમાનતા અને ન્યાય સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે. ■

# ગુજરાતમાં મેડિકલ શિક્ષણ મોંઘુંદાટઃ એમબીબીએસ-એમડી કોર્સની ફીમાં ૮ થી ૧૨ ટકાનો વધારો ઝીંકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં આગામી દિવસોમાં મેડિકલ અને ડેન્ટલ સહિતના નીટ આધારિત કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને મોટો આર્થિક ફટકો પડે તેવી જાહેરાત કરવામાં આવી હતી. ફી રેગ્યુલેટરી કમિટી (એફઆરસી) દ્વારા સ્વનિર્ભર મેડિકલ અને પેરામેડિકલ કોલેજોમાં વર્ષ ૨૦૨૫-૨૬ થી લઈને આગામી બે વર્ષ માટે નવી ફીનું માળખું જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ફીમાં ૮ થી ૧૨ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારો અંડર ગ્રેજ્યુએશન એટલે કે એમબીબીએસની ૧૯ કોલેજો અને પોસ્ટ ગ્રેજ્યુએશન એમડી-એમએસની ૧૦ કોલેજોમાં લાગુ પડશે. જુદી જુદી કોલેજના સરકારી ક્વોટાની ફીમાં સરેરાશ ૧ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં સરેરાશ દોઢ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

એફઆરસી દ્વારા મેડિકલ કોલેજોની બે વર્ષ માટે ફી વધારો મંજૂર કરાયો છે, જેમાં અમદાવાદ મનપા સંચાલિત નમો મેડિકલ કોલેજની મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં સૌથી વધુ વધારો મંજૂર થયો છે. નમો મેડિકલ કોલેજને મેનેજમેન્ટ ક્વોટાની વાર્ષિક ફીમાં રૂ.૨.૭૬ લાખનો તોતિંગ વધારો આપવામાં આવ્યો છે. આ વધારા સાથે, નમો મેડિકલ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટાની વાર્ષિક ફી રૂ.૨૩ લાખથી વધીને રૂ.૨૫.૭૬ લાખ થઈ ગઈ છે, જે રાજ્યમાં સૌથી વધુ ફીમાંનો એક વધારો છે.

ગુજરાત રાજ્યની સ્વનિર્ભર મેડિકલ અને પેરામેડિકલ કોલેજોમાં સામાન્ય રીતે દર ત્રણ વર્ષે ફી નક્કી કરવામાં આવતી હોય છે. અગાઉ વર્ષ ૨૦૧૮માં ફીનું માળખું નક્કી કરાયું હતું અને ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં ફી નક્કી કરવામાં આવી હતી. ફી કમિટીનાં સૂત્રો અનુસાર, ૨૦૨૧માં કોરોનાકાળ ચાલતો હોવાથી અને કોલેજોના આવક-જાવકના હિસાબો પૂરતા ન હોવાને કારણે, ૨૦૧૮ની ફીમાં કોઈ વિશેષ વધારો કરવામાં આવ્યો નહોતો. ગત વર્ષે, કોરોનાકાળ પછી કોલેજોના હિસાબો પૂરતા ન હોવાને કારણે માત્ર એક જ વર્ષની ફી નક્કી કરવામાં આવી હતી, અને ત્યારે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આગામી વર્ષે હિસાબોની ચકાસણી બાદ આગળના વર્ષની ફી નક્કી કરાશે. જેના અનુસંધાનમાં, ફી કમિટી દ્વારા હાલમાં આગામી ત્રણ વર્ષ માટે નવી ફીની જાહેરાત કરી દેવામાં આવી છે. ફી કમિટીએ ૭ ટકા ફુગાવો અને ૫ ટકા વહીવટી ખર્ચ નક્કી કરીને કુલ ૧૨ ટકા જેટલો વધારો આપવામાં આવ્યો છે.

આમ, કુલ ૮ થી લઈને ૧૨ ટકા જેટલો વધારો મેડિકલ કૉલેજોની ફીમાં કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આગામી ત્રણ વર્ષ માટે ફી નક્કી કરવામાં આવી હોવાથી દર વર્ષે ૧૨ ટકા જેટલો વધારો કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી. ચાલુ વર્ષે પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓએ ગત વર્ષ કરતાં અંદાજે ૧૨ ટકા વધારે ફી ભરવાની તૈયારી રાખવી પડશે, જોકે તેઓ આગામી ચાર વર્ષ સુધી એક સરખી ફી ભરશે. પરંતુ, આગામી વર્ષે (૨૦૨૬)માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ હાલની ફી કરતા ૧૨ ટકા વધારે, અને છેલ્લા એટલે કે વર્ષ ૨૦૨૬-૨૭ માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓએ વધુ ૧૨ ટકા ફી ભરવાની તૈયારી રાખવી પડશે. ■

# સિહોર પંથકમાં ગેરકાયદે ખનન પર ભાવનગર ખાણ ખનિજ વિભાગના દરોડાઃ ₹ ૧.૩૫ કરોડનો મુદ્દામાલ સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર ખાણ ખનિજ વિભાગે સિહોર પંથકના ઘાંઘળી અને નેસડા ગામે ચાલી રહેલા ગેરકાયદેસર ખનિજ ખનન અને વહનની ફરિયાદોના આધારે સપાટો બોલાવ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ રૂ. ૧.૩૫ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો, જેમાં એક જેસીબી અને ચાર ડમ્પર સહિત પાંચ વાહનોનો સમાવેશ થાય છે. આ તમામ વાહનો સંબંધિત પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યાં હતાં.

આ અંગે મળતી વિગતો અનુસાર, સિહોર તાલુકાના ઘાંઘળી ગામે ગેરકાયદેસર સાદી માટી ખનિજ ખોદકામ થતું હોવાની ફરિયાદના આધારે ભાવનગરની ભૂસ્તરશાસ્ત્ર કચેરીની તપાસ ટીમે આજે ઘાંઘળીમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન, જેસીબી મશીન અને એક ખાલી ડમ્પર મળી આવ્યું હતું. જેસીબીના ડ્રાઈવર ઝાકિરખાન જુમાભાઈ દ્વારા ગેરકાયદેસર સાદી માટી ખનિજ પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાનું ધ્યાને આવતા, આ વિસ્તારમાંથી કુલ રૂ. ૪૫ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો અને સિહોર પોલીસ સ્ટેશનને સુપ્રત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વધુમાં, તપાસ દરમિયાન નેસડા ગામથી ખનિજના ગેરકાયદેસર વહન બદલ બે ડમ્પર જપ્ત કરવામાં આવ્યા હતા. આ બંને વાહનોમાંથી કુલ રૂ. ૬૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી સિહોર પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં આવ્યો હતો.

દરોડાની કાર્યવાહી દરમિયાન, વરતેજ પોલીસ સ્ટેશન સામેથી બ્લેકટ્રેપ ખનિજના ગેરકાયદેસર વહન કરતું એક ડમ્પર પણ ઝડપાઈ ગયું હતું. આ ડમ્પરને અટકાયતમાં લઈ, કુલ રૂ.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વરતેજ પોલીસ સ્ટેશનમાં સીઝ કરવામાં આવ્યો હતો. સમગ્ર તપાસ દરમિયાન કુલ પાંચ વાહનો સહિત રૂ. ૧.૩૫ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. ■

# સુરત મહાનગરપાલિકાની તિજોરી છલકાઈઃ બે મહિનામાં ₹૩૫૯ કરોડથી વધુનો મિલકત વેરો વસૂલાયો

અમદાવાદઃ ઓકટ્રોય નાબૂદી બાદ મિલકત વેરો સુરત મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત બની ગયો છે. આ આવકને વધુ સુદૃઢ બનાવવા માટે, સુરત પાલિકા દ્વારા એપ્રિલ અને મે મહિનામાં મિલકત વેરામાં રિબેટ આપવાનો નિર્ણય લેવાયો હતો. આ નીતિને કારણે સુરતીઓએ ઉત્સાહભેર વેરો જમા કરાવ્યો છે, જેના પરિણામે પાલિકાની તિજોરીમાં માત્ર એપ્રિલ મહિનામાં જ રૂ. ૩૫૯ કરોડથી વધુની રકમ જમા થઈ છે.

પાલિકા દ્વારા એપ્રિલ મહિનામાં ૧૦ ટકા અને મે મહિનામાં ૭ ટકા રિબેટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ઓનલાઈન વેરો ભરનાર કરદાતાઓને વધારાનું ૨ ટકા રિબેટ પણ મળ્યું હતું. આ આકર્ષક યોજનાને કારણે નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં જ ૨.૫૭ લાખ મિલકતદારોએ પોતાનો વેરો એડવાન્સમાં ભરી દીધો છે. આ સમયગાળા દરમિયાન, પાલિકાએ કરદાતાઓને કુલ રૂ.૧૮.૭૨ કરોડનું રિબેટ આપ્યું છે.

ખાસ કરીને, ઓનલાઈન વેરા વસૂલાતની કામગીરીને વેગ મળ્યો છે. છેલ્લા બે મહિનામાં, ૯૪,૦૨૬ લોકોએ ઓનલાઈન માધ્યમથી રૂ. ૧૮૫.૩૦ કરોડનો વેરો જમા કરાવ્યો છે. નાણાકીય વર્ષ શરૂ થયાના પહેલા પખવાડિયામાં જ પાલિકાની તિજોરીમાં રૂ. ૧૦૦ કરોડનો મિલકત વેરો જમા થઈ ગયો હતો, જે આ યોજનાની સફળતા દર્શાવે છે. ■

# મેટ્રો-૪ કાર ડેપો માટે થાણેમાં ગ્રીન ઝોન કાઢી નાખવામાં આવશે

મુંબઈઃ રાજ્ય શહેરી વિકાસ વિભાગ યુડીડી થાણેના મોઘરપાડા ખાતેના ગ્રીન ઝોનને દૂર કરવાની અને તેનો ઉપયોગ બદલવાની યોજના બનાવી રહ્યું છે, જેથી મેટ્રો-૪ માટે કાર શેડ બનાવવાનો માર્ગ મોકળો થાય. ૩૨ કિમી લાંબો મેટ્રો કોરિડોર, જે મુંબઈની સૌથી લાંબી મેટ્રો લાઇનોમાંનો એક છે, તે મુંબઈના વડાલાને થાણેના કાસરવાડાવલી સાથે જોડશે. ૩૨ સ્ટેશનો સાથેનો એલિવેટેડ કોરિડોર, ૮૦ ટકા પૂર્ણ થઈ ગયો છે.

૨૦ માર્ચના રોજ જારી કરાયેલા એક જાહેરનામામાં ૧૭૬ હેક્ટર (૪૩૫ એકર) પ્લોટનો ઉપયોગ ગ્રીન ઝોનમાંથી મેટ્રો કાર ડેપોમાં બદલવાનો પ્રસ્તાવ છે, જે બાંધકામ પર પ્રતિબંધ મૂકે છે. વધારાની જમીનનો ઉપયોગ મુંબઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટી એમએમઆરડીએ દ્વારા રહેણાંક/કમર્શિયલ હેતુઓ માટે કરવામાં આવશે.

યુડીડીએ જનતા પાસેથી સૂચનો અને વાંધા મગાવ્યા છે, જેના પછી અંતિમ સૂચના જારી કરવામાં આવશે.

થાણેમાં સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન એસજીએનપી અને ઘોડબંદર રોડ નજીક સ્થિત જમીન રાજ્યની માલિકીની છે, પરંતુ પરંપરાગત રીતે ૧૬૭ લીઝ લેનારાઓ દ્વારા ખેતી માટે ઉપયોગમાં લેવાય છે. સરકાર હજુ પણ વળતર પેકેજ પર કામ કરી રહી છે જે ભાડે લેનારાઓ માટે યોગ્ય છે.

# જેપી નડ્ડાના ઉત્તરાધિકારી કોણ હશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

નાગપુરઃ ભાજપને નવો રાષ્ટ્રીય અધ્યક્ષ ક્યારે મળશે? આ પ્રશ્ન ઘણા સમયથી ચાલી રહ્યો છે. વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના ઉત્તરાધિકારી અંગે એક મોટી અપડેટ બહાર આવી છે. સૂત્રોનું માનીએ તો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દેશનો પ્રવાસ સમાપ્ત થતાં જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગીની પ્રક્રિયા આગળ વધશે. સંઘ અને ભાજપના સૂત્રોનું કહેવું છે કે રાષ્ટ્રીય અધ્યક્ષનું નામ ૩૦ જૂન પહેલા જાહેર કરવામાં આવશે. જૂન મહિનામાં જ, ૯મી તારીખે, પીએમ મોદી તેમના ત્રીજા કાર્યકાળનું પ્રથમ વર્ષ પૂર્ણ કરશે. પીએમ મોદીએ ૯ જૂને શપથ લીધા હતા. તેમણે વડાપ્રધાન તરીકે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમણે ૨૬ મેના રોજ પહેલી વાર શપથ લીધા હતા.

રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાતમાં વિલંબ પાછળનું કારણ સંઘ સાથે સર્વસંમતિનો અભાવ હતો, જોકે સંઘના નજીકના લોકો આ દાવાને નકારી રહ્યા છે. નવા ભાજપ પ્રમુખ સામે છજીજની વિચારધારા અને ભાજપની રાજકીય રણનીતિનું સંતુલન જાળવવાનો પડકાર રહેશે. આવી સ્થિતિમાં, કમાન એવા ચહેરાને સોંપવામાં આવશે જે માત્ર ઉર્જાવાન જ નહીં પરંતુ દેશભરમાં સંગઠનને મજબૂત પણ બનાવી શકે. ભાજપના અત્યાર સુધીના ઇતિહાસમાં ક્યારેય રાષ્ટ્રીય અધ્યક્ષ માટે મતદાન કરવાની સ્થિતિ આવી નથી. દર વખતે રાષ્ટ્રીય અધ્યક્ષ બિનહરીફ ચૂંટાયા છે. આ વખતે પણ આ પરંપરા ચાલુ રહેવાની અપેક્ષા છે. સૂત્રોનું માનીએ તો, રાષ્ટ્રીય અધ્યક્ષનું નામ જૂનના મધ્યમાં પણ જાહેર થઈ શકે છે. ૩૦ જૂનને છેલ્લી સમયમર્યાદા માનવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાતમાં વિલંબને કારણે, અત્યાર સુધીમાં લગભગ ૨૦ નામોની ચર્ચા થઈ છે, પરંતુ સૂત્રો કહે છે કે ભાજપ નેતૃત્વએ યોગ્ય ઉમેદવારને શોર્ટલિસ્ટ કર્યો છે. જૂન મહિનામાં પાર્ટી નેતૃત્વ નવા નેતાને કમાન સોંપશે, કારણ કે હવે સમય બચ્યો નથી. આ પછી, પાર્ટીએ બિહાર ચૂંટણી માટે તૈયારી કરવી પડશે. ભાજપે ૨૦૨૦ માં જેપી નડ્ડાને સંગઠનની કમાન સોંપી. તેમનો કાર્યકાળ ૨૦૨૩ માં પૂર્ણ થયો. આ પછી, તેમનો કાર્યકાળ લોકસભા ચૂંટણી સુધી લંબાવવામાં આવ્યો. આ પછી પણ, તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો. આવી સ્થિતિમાં, જ્યારે મોદી ૩.૦ સરકારની પહેલી વર્ષગાંઠ આવતા મહિને છે, ત્યારે એવું માનવામાં આવે છે કે પીએમ મોદી ૩ જૂન પછી કોઈ મોટો પ્રવાસ કરશે નહીં. આવી સ્થિતિમાં, રાષ્ટ્રીય અધ્યક્ષની નિમણૂક અને મંત્રીમંડળમાં ફેરબદલનું કામ આગળ વધી શકે છે. રાષ્ટ્રીય અધ્યક્ષની રેસમાં, ભાજપમાં ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામો આગળ વિચારવામાં આવી રહ્યા છે. બંને ઓબીસીમાંથી આવે છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહથી લઈને નીતિન ગડકરી અને શિવરાજ સિંહ ચૌહાણ સુધીના નામોની ચર્ચા થઈ રહી છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે રાજનાથ સિંહ અને ગડકરી બંને ૧૦ વર્ષ પહેલા રાષ્ટ્રપતિ રહી ચૂક્યા છે. આવી સ્થિતિમાં, નવી ભાજપનો જૂનો વિચાર મુશ્કેલ છે. શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ મંત્રી તરીકે સારું કામ કર્યું છે. આવી સ્થિતિમાં, તેમને સંગઠનમાં લાવવાની શક્યતા ખૂબ ઓછી છે. શિવરાજ સિંહ ચૌહાણ બે દાયકાથી સરકારમાં છે. તેમનો સંગઠનાત્મક અનુભવ ઘણો જૂનો છે. આવી સ્થિતિમાં, પાર્ટી ૬૦ વર્ષથી ઓછી ઉંમરના ઘઇઈ નેતાના નામને મંજૂરી આપે તેવી અપેક્ષા છે. આ દિગ્ગજો ઉપરાંત, અન્ય નામોમાં મનોહર લાલ, બીએલ સંતોષ, પ્રહલાદ જોશી, જી કિશન રેડ્ડી, કે અન્નામલાઈનો સમાવેશ થાય છે.

# પર્યાવરણના સંવર્ધન માટે પ્લાસ્ટિક પ્રદૂષણ વિશે જનજાગૃતિ લાવતી ફિલ્મ લોન્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પર્યાવરણના સંવર્ધન માટે પ્લાસ્ટિકના પ્રદૂષણથી થતા નુકસાન બાબતે નાગરિકોમાં જનજાગૃતિ લાવવા અને પ્લાસ્ટિકના પ્રદૂષણને ટાળવા માટે મુંબઈ મહાનગરપાલિકાની નટિક ટિક પ્લાસ્ટિકથ ઝુંબેશ અમલમાં મૂકવામાં આવી છે. એ સાથે જ બે ખાનગી કંપની તથા એક સામાજિક સંસ્થા સાથે સંયુક્ત રીતે પાલિકાએ નવર્લ્ડ એન્વાયરમેન્ટ ડેથ નિમિત્તે નઅર્થિંગથ અને નપ્યાસથ આ બે ફિલ્મ તૈયાર કરી છે. પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીની હાજરીમાં શુક્રવારે આ ફિલ્મને લોન્ચ કરવામાં આવી હતી.

ચોમાસામાં ઠેકઠેકાણે પાણી ભરાઈ જવા માટે પાલિકાની ટીકા કરવામાં આવતી હોય છે પણ નાગરિકો પોતાની જવાબદારીથી હાથ ખંખેરી નાખતા હોય છે. રસ્તા પર અન્ન પદાર્થ અને કચરો ભરેલી પ્લાસ્ટિકની થેલીઓ રસ્તા પર ફેંકવામાં આવે છે અને અન્નપદાર્થ સહિત પ્લાસ્ટિકની થેલીઓ પ્રાણીઓ ખાઈ જતા હોય છે. પ્લાસ્ટિક નષ્ટ થતું નથી તેથી આ પ્લાસ્ટિક પ્રાણીઓના પેટમાં અટવાઈ રહેતું હોય છે અને તેને કારણે પ્રાણીઓના જીવનને પણ જોખમ ઊભું થાય છે. અનેખ વખત તેમના ગળામાં અને શ્વાસનળીમાં પ્લાસ્ટિક અટકીને પ્રાણીઓના મૃત્યુ થયા હોય છે. જમીન પર રહેલું અને પાણીમાં રહેલું પ્લાસ્ટિક નષ્ટ ખતુ નથી. પ્લાસ્ટિકને બાળવામાં આવે તો હવામાં પ્રદૂષણ થાય છે. પ્લાસ્ટિકમાં વિવિધ જોખમી રસાયણો હોય છે, જે માનવી માટે પણ જોખમી બની શકે છે અને પાણી તથા જમીન માટે પણ જોખમી બની શકે છે.

પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ અંતર્ગત સરકારે ૪૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈની પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. તેની માહિતી તમામ લોકોને હોવા છતાં ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે.

# લગ્નોત્સુક લોકો માટે આ મહિનો છે છેલ્લી આશા, નહીં તો ચાર મહિના જોવી પડશે રાહ...

મુંબઈઃ હાલમાં લગ્નસરાની સિઝન ચાલી રહી છે અને જૂન મહિનો શરૂ થઈ ગયો છે. જૂન મહિનાની વાત કરીએ તો જૂન મહિનામાં સૌથી ઓછા લગ્નના મુહૂર્ત છે અને જો આ મુહૂર્તમાં લગ્ન નહીં થાય તો પાંચ મહિના સુધી લગ્નના કોઈ બીજા મુહૂર્ત નથી. આ મહિનામાં પણ શરૂઆતના ૯ દિવસમાં લગ્ન માટે પાંચ મુહૂર્ત હોવાની માહિતી સામે આવી રહી છે.

છઠ્ઠી જુલાઈના દેવશયની એકાદશીના દિવસે સૃષ્ટિનું સંચાલન કરનારા વિષ્ણુજી ચાર મહિના માટે સૃષ્ટિ સંચાલનની જવાબદારી દેવાધિદેવ મહાદેવજીને સોંપીને શયન મુદ્રામાં જતા રહે છે એટલે જ તેને દેવશયની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. દેવો સૂઈ જાય એટલે ધરતી પરના વિવાહ, ગૃહપ્રવેશ જેવા કોઈ પણ માંગલિક કાર્યક્રમ વર્જિત હોય છે. ચાર મહિના બાદ દેવો ઊઠે ત્યારે દેવ ઊઠી એકાદશી પર ફરી માંગલિક કાર્યક્રમો શરૂ થાય છે.

મુંબઈના જાણીતા જ્યોતિષાચાર્યના જણાવ્યા અનુસાર ૯મી જૂનના દેવગુરુ બૃહસ્પતિ એટલે કે ગુરુ એક મહિના માટે અસ્ત થવા જઈ રહ્યા છે.

# ઝેપ્ટોના ગોડાઉનનું લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈઃ ઓનલાઈન કરિયાણા ડિલીવરી સેવા કંપની ઝેપ્ટો પ્રાઈવેટ લિમિટેડ ( કિરાનાકાર્ટ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ )ના ધારાવી સ્થિત ગોડાઉનમાં મહારાષ્ટ્રના અન્ન અને ઔષધી વ્યવસ્થાપન (એફડીએ) એ અચાનક તપાસ કરતા ગંભીર લાપરવાહી સામે આવી છે. જેને ધ્યાનમાં રાખીને કંપનીનું ફૂડ બિઝનેસ લાઈસન્સ તાત્કાલિત રૂપે સસપેન્ડ કરવામાં આવેલ છે.

એફડીએના સૂત્રોને આધારે કંપનીએ નિયમોનું ઉલ્લંઘન કર્યુ હતુ . એવામાં ફૂડ સિક્યોરિટી રામ બોડકે એ ધારાવીમાં આવેલ ગોડાઉનનું અચાનક નિરીક્ષણ કર્યુ હતુ.

નિરીક્ષણમાં જાણવામાં આવ્યું કે, ખાદ્ય પદાર્થો પર ફૂગ લાગેલી છે અને પ્રોડક્ટસને ગંદા નાળા પાસે રાખ્યા હતા. કોલ્ડ સ્ટોરેજનું તાપમાન ખાદ્ય પદાર્થને અનુરૂપ નહોતું. ભીનાશ વાળી અને ગંદી જમીન પર અસ્વચ્છ રીતે ખાદ્ય પદાર્થ રાખવામાં આવ્યા હતા. એકસપાયરી ડેટ વાળા પ્રોટક્ટસ પણ સાથે રાખવામાં આવ્યા હતા.

આસિસટન્ટ કમિશનર (ફૂડ) અનુપમા પાટીલે જણાવ્યું હતું કે, કંપની પાસે લાઈસન્સ તો હતું, પરંતુ ગોડાઉન અને તેમાં રાખેલી સામગ્રીને અનહાઈજેનીક રીતે રાખવામાં આવેલી હતી. આ ખાદ્ય સુરક્ષા તેમજ માનવ અધિનિયમ , ૨૦૦૬ અને ખાદ્ય વ્યવસાયોના લાઈસન્સ તેમજ રજિસ્ટ્રેશન નિયમ, ૨૦૧૧ ના ગંભીર ઉલ્લંઘન કરવાની અંદર આવે છે . તે કારણે અધિનિયમની ધારા ૩૨(૩) અને નિયમ ૨.૧.૮(૪) ની હેઠળ તાત્કાલિક રૂપે લાઈસન્સ સસપેન્ડ કરવાનો આદેશ આપવામાં આવેલ છે. જ્યાં સુધી ઝેપ્ટોની આ યુનિટ બધા નિયમોનું પાલન નહી કરે ત્યાં સુધી લાઈસન્સ નહીં આપવામાં આવે.

# જોગેશ્વરીમાં ટેમ્પોએ સ્કૂટરને ટક્કર મારતાં મહિલાનું મોત

મુંબઈઃ જોગેશ્વરી વિસ્તારમાં પુરપાટ વેગે આવી રહેલા ટેમ્પોએ સ્કૂટરને ટક્કર મારતાં ૩૨ વર્ષની મહિલાનું મૃત્યુ થયું હતું.

એમઆઇડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ પર પેટ્રોલ પંપ નજીક ગુરુવારે રાતે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ ચંદા માને તરીકે થઇ હતી.

ચંદા માને રાતે ઓફિસેથી છૂટ્યા બાદ સ્કૂટર પર ઘરે જઇ રહી હતી ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. ચંદાને સારવાર માટે હૉસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી. આ અકસ્માત બાદ નાગરિકોએ ટેમ્પો ડ્રાઇવરને પકડી પાડ્યો હતો, જેની ઓળખ સુશિલકુમાર ભારતી તરીકે થઇ હતી. ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નવમા પાનાનું ચાલુ

## મીઠી નદીની સફાઈ

હોવાથી જે કૉન્ટ્રેક્ટરને કામ આપ્યું છે જે ગાયબ છે અને બીજા કૉન્ટ્રેક્ટર આગળ આવવા તૈયાર નથી, તેને કારણે બ્લેક લિસ્ટેડ કૉન્ટ્રેક્ટરને જ આ કામ સોંપવાની તૈયારી ચાલી રહી છે. મુંબઈમાં ઉપનગર અને દક્ષિણ મુંબઈના બંને વિસ્તારોમાંથી વહેતી લગભગ ૨૨ કિલોમીટર લંબાઈની મીઠી નદીની સફાઈ અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે અને અત્યાર સુધી તેમાંથી માત્ર ૫૫.૫૭ ટકા ગાળ કાઢવામાં આવ્યો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મીઠી નદીની સફાઈનું કામ ત્રણ તબક્કામાં ચાલી રહ્યું છે, જેમાં પહેલા તબક્કાનું કામ કરનારા કૉન્ટ્રેક્ટર પર નાળાસફાઈમાં કૌભાંડ કરવાનો આરોપ હોવાથી તેનો કોઈ પતો નથી. તો બીજા તબક્કામાં સફાઈ કરનારા કૉન્ટ્રેક્ટરને પ્રશાસનની સાથે છેતરપિંડી કરવા બદલ તેને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે, તેથી પાલિકાની મીઠી નદીની સફાઈનું કામ અટવાઈ ગયું છે.

ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મીઠી નદીની સફાઈકામમાં થયેલા કૌભાંડની તપાસ ચાલી રહી છે તેથી કોઈ નવો કૉન્ટ્રેક્ટર મીઠીના સફાઈના કામ માટે આગળ આવતો નથી, તેથી ચોમાસા પહેલા નદીની સફાઈનું જે લક્ષ્યાંક રાખ્યું હતું તેને પહોંચી શકયા નથી. કામ પૂરું કરવા માટે નવો કૉન્ટ્રેક્ટર શોધવાની સાથે જ થાણે અને નવી મુંબઈમાં જઈને પણ તપાસ કરી છે, પણ નાળાસફાઈના કૌભાંડની તપાસ ચાલતી હોવાથી કોઈ કામ કરવા આગળ આવવા તૈયાર નથી. તેથી ફરી બ્લેક લિસ્ટેડ કૉન્ટ્રેક્ટરને કામ સોંપવાની ફરજ પડી છે

મીઠી નદીની સફાઈ અધૂરી થઈ હોવાને કારણે આગામી દિવસોમાં જો ભારે વરસાદ પડયો તો ઉપનગરમાં કુર્લા, સાકીનાકા, સાયન, માટુંગા, બાન્દ્રા, માહિમ સહિતના વિસ્તારોમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ શકે છે. મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫માં અતિવૃષ્ટિ દરમ્યાન મીઠી નદીમાં આવેલા પૂરને કારણે જ પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી હતી.

### નાળાસફાઈ માત્ર ૭૬ ટકા

નાળાસફાઈ માટે અગાઉ ૩૧ મે, ૨૦૨૫ની મુદત રાખવામાં આવી હતી, જેને બાદમાં સાત જૂન સુધી વધારવામાં આવી હતી. સોમવાર, બે જૂન સુધીમાં મુંબઈમાં સરેરાશ ૭૬.૯૨ ટકા નાળાસફાઈનું કામ પૂરું થયું હતું. જોકે મુંબઈ માટે અત્યંત મહત્ત્વની ગણાતી મીઠી નદીની સફાઈનું કામ માત્ર ૫૫.૫૭ ટકા થયું છે. મીઠી નદીમાંથી કુલ ૨,૧૪,૩૧૫ મેટ્રિક ટન ગાળ કાઢવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, તેની સામે અત્યાર સુધી માત્ર ૧,૧૯,૦૯૭.૪૯ મેટ્રિક ટન ગાળ કાઢવામાં આવ્યો છે.

## ચોપાટી માટે

ચોપાટી પર મોટી સંખ્યામાં પર્યટકો આવતા હોય છે. ભરતી દરમ્યાન અને ચોમાસામાં તથા ગણેશોત્સવ તહેવાર દરમ્યાન વિસર્જન સમયે દરિયામાં તણાઈ જવાના પ્રકારમાં વધારો નોંધાયો હતો. આ સમયે લોકોને બચાવવાનું કામ લાઈફગાર્ડ કરતા હોય છે. પાલિકાના અખત્યાર હેઠળ આવતા મુંબઈ ફાયરબ્રિગેડે હવે જોકે રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન લેવાનો નિર્ણય લીધો છે, જે મુંબઈની છ ચોપાટી પર તહેનાત કરવામાં આવશે. પાલિકાએ ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકી ત્યારે બે કંપની આગળ આવી હતી, તેમાં પસંદ કરવામાં આવેલી કંપની સ્વિઝરલેન્ડની હોઈ બંને બાજુએ વોટર જેટ અને ૧૦,૦૦૦ એમએએચ ક્ષમતાના રિચાર્જેબલ બેટરી ધરાવતા તુર્કી ઉત્પાદિત રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન ખરીદી કરવામાં આવવાના હતા. હવે કૉન્ટ્રેક્ટ રદ થયા બાદ નવેસરથી ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ મશીન રિમોટ કંટ્રોલથી ચાલે છે અને તેની વહનક્ષમતા ૨૦૦ કિલોગ્રામ સુધીની છે. દરિયા પ્રતિ કલાકે ૧૮ કિલોમીટરની ઝડપથી રોબટ પહોંચી શકે છે. સાધારણ રીતે ૮૦૦ મીટર અને તેના કરતા પણ વધુ લાંબે આ રોબોટ જઈ શકે છે. તેમ જ એક કલાક સુધી રોબર્ટ કામ કરે છે અને ત્યારબાદ તેને ફરી ચાર્જ કરવો પડે છે.

## શસ્ત્રો સાથે

સર્ચ હાથ ધરવા સંબંધી વૉરન્ટ પ્રાપ્ત કર્યા હતા. સર્ચ વૉરન્ટ મળતાં જ એટીએસની ૨૦ ટીમ સહિત ૨૫૦ જેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓએ રવિવારની મધરાત બાદ ત્રણ વાગ્યાથી અનેક ઠેકાણે ઑપરેશન હાથ ધર્યાં હતાં. સોમવારની બપોર સુધી ચાલેલા સર્ચ ઑપરેશન બાદ તલવાર, છરા જેવાં શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યાં હતાં. એટીએસના કહેવા મુજબ આતંકવાદ અને લોકોને ભડકાવવા સંબંધી વાંધાજનક દસ્તાવેજો હાથ લાગ્યા હતા. આ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે. વળી, મોબાઈલ ફોન્સ પણ જપ્ત કરવામાં આવ્યા છે, જેની તપાસ ચાલી રહી છે.

## મિડલ વૈતરણા

ખરીદી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાને મિનિસ્ટ્રી ઓફ એનવાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ટ ક્લાઈમેટ ચેન્જ તરફથી પર્યાવરણી મંજૂરી મળી ગઈ છે. અમે હાલમાં પ્રોજેક્ટ માટે ૪.૯૦ હેક્ટર જમીન ટ્રાન્સફર કરવા માટે રાજ્ય સરકારની મંજૂરીની રાહ જોઈ રહ્યા છીએ, જે આગામી ૧૫ દિવસમાં મળવાની અમને અપેક્ષા છે. મંજૂરી મળ્યા પછી ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને માળખાગત સુવિધાઓ સ્થાપવાનું કામ શરૂ કરશું.

હાલમાં પાલિકા કુલ ૨૬.૫ મેગાવોટ હાઈબ્રિડ પાવરનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. પ્રોજેક્ટ સાઈટ પર ૧૦ મેગાવોટના બે જનરેટરનો ઉપયોગ કરીને ૨૦ મેગાવોટનું ઉત્પાદન કરાશે. જ્યારે સોલાર પાવર પ્રોજેક્ટ ૬.૫ મેગાવોટર વીજળી ઉત્પન્ન કરશે. હાલમાં ફક્ત ૬.૫ મેગાવોટ સોલાર પાવર ઉત્પન્ન થશે. ભવિષ્યમાં અત્યાધુનિક ટેક્નોલોજી ઉપલબ્ધ થશે ત્યારે વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાની યોજના બનાવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ પાણીની સપાટી પર ૮.૫ હેક્ટર વિસ્તારને આવરી લેતી ફ્લોટિંગ સોલાર ટેક્નોલોજીનો ઉપયોગ કરશે. તે બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર મોડલ પર આધારિત છે. સર્વિસ પ્રોવાઈડરની પ્રોજેક્ટ ચાલુ થવાના ૨૫ વર્ષ સુધી પ્રોજેક્ટની જાળવણી અને સમારકામની જવાબદારી રહેશે.

આ પ્રોજેક્ટના માધ્યમથી ઉત્પન્ન થનારી વીજળી પ્રતિ યુનિટ ૪.૭૨ના દરે ખરીદવામાં આવશે. તે મહારાષ્ટ્ર રાજ્ય વીજળી ટ્રાન્સમિશન કંપની દ્વારા સ્ટેટ ગ્રીડમાં ટ્રાન્સમિટ કરવામાં આવશે. વધુમાં મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની સાથે વીજળી ખરીદી માટે કરાર કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી પાલિકાને વાર્ષિક લગભગ નવ કરોડ રૂપિયાની બચત થવાની અપેક્ષા છે. ખાસ કરીને પાલિકાના પિસે-પાંજરાપુરમાં આવેલા જળશુદ્ધિકરણ કેન્દ્રને તેનો ફાયદો થશે.

## એટીએસની

હતો. એટીએસે ગયા સપ્તાહે વર્માની ધરપકડ કરી હતી.

પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી સોમવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ તેને થાણે સેશન્સ કોર્ટમાં હાજર કરાયો હતો. તપાસકર્તા પક્ષના વકીલ અને બચાવ પક્ષના વકીલોની દલીલો સાંભળ્યા પછી જજ જે. એસ. જગદાળેએ વર્માને પાંચમી જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

વર્માની પોલીસ કસ્ટડી વધારી આપવાની વિનંતી સાથે પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે વર્મા જે સ્થળે કામ કરતો હતો ત્યાં તપાસ કરવાની બાકી છે. વર્માના સહકર્મચારીઓની પણ પૂછપરછ કરવામાં આવશે. આ કારણોસર વર્માની કસ્ટડી જરૂરી હોવાનું પોલીસે કહ્યું હતું. સરકારી વકીલ સુપારેએ કોર્ટમાં જણાવ્યું હતું કે એટીએસને વર્મા પાસેથી કેટલાંક સિમ કાર્ડ્સ મળ્યાં છે. તે સંદર્ભે પણ વર્માની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે બચાવ પક્ષનાં વકીલ રૂપાલી શિંદે અને રાજહંસ ગિરાસેએ જણાવ્યું હતું કે વર્માએ કોઈ પણ પ્રકારની સંવેદનશીલ માહિતી પૂરી પાડી નથી. તેને ખોટી રીતે સંડોવવામાં આવ્યો છે. તેના બૅન્ક ખાતામાં કોઈ મોટી રકમ ટ્રાન્સફર થઈ નથી.

પ્રીતિ નામની છોકરીએ વર્માની ભાણેજને ચૉકલેટ આપવા માટે તેના ખાતા પર માત્ર બે હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાનું તપાસમાં જણાયું છે. આ સિવાય તપાસ એજન્સી પાસે કોઈ નક્કર પુરાવા નથી. આ પ્રીતિ કોણ છે તે તપાસ એજન્સીએ હજુ સુધી શોધી કાઢ્યું નથી. વર્મા પાસેથી જે નકશા મળ્યા હોવાનો દાવો એટીએસ દ્વારા કરાઈ રહ્યો છે તે ગૂગલ મેપના હોવાનો દાવો બચાવ પક્ષના વકીલે કર્યો હતો. વર્માની ડાયરીમાં પણ કામ સંબંધી વિગતો નોંધવામાં આવી છે. વર્મા ટીબીથી પીડાતો હોવાથી સમયાંતરે હૉસ્પિટલમાં તેને તપાસ માટે લઈ જવાની વિનંતી તેના વકીલે કોર્ટમાં કરી હતી.

## કોણ છે સાકીબ

હત્યામાં ફરી તેનું નામ સંડોવાયું હતું. તે સમયે સાથીઓ સાથે તેની ધરપકડ થઈ હતી, પરંતુ કોર્ટે તેને નિર્દોષ છોડ્યો હતો.

૨૦૦૨ અને ૨૦૦૩માં મુંબઈમાં ચાર વખત બૉમ્બ બ્લાસ્ટ થયા હતા. પોલીસે દાવો કર્યો હતો કે પૂછપરછમાં સાકીબે બ્લાસ્ટમાં તેની સંડોવણી કબૂલી હતી. તેની પાસેથી એકે-૪૭ અને એકે-૫૬ રાઈફલો મળી આવી હતી. એ કેસમાં શસ્ત્રો રાખવાના આરોપસર કોર્ટે દોષી ઠેરવી તેને ૧૦ વર્ષની જેલની સજા સંભળાવી હતી. ૨૦૧૭માં જેલમાંથી છૂટીને તે ફરી પડઘા રહેવા ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ૨૦૨૩માં સાકીબ નાચનનું નામ ફરી આતંકવાદી કાવતરામાં સંડોવાયું હતું. એનઆઈએએ સાકીબના દીકરા શમીલની ધરપકડ કરી હતી. આઈએસઆઈએસ સાથે કડી ધરાવવાના કેસમાં એનઆઈએએ સાકીબની પૂછપરછ કરી હતી. આખરે ડિસેમ્બર, ૨૦૨૩માં એનઆઈએએ તેની ધરપકડ કરી હતી.

## શિવસેનાના

પ્રધાને દાવો કર્યો હતો કે હોટેલ હસ્તગત કરવાની કિંમતના ૭૫ ટકા નાણાં સંસ્થાઓ પાસેથી લોન દ્વારા આપવામાં આવશે. ગયા અઠવાડિયે શિવસેના (યુબીટી)ના વિધાન પરિષદના સભ્ય અંબાદાસ દાનવેએ કરોડો રૂપિયાના આ સોદામાં ગેરરીતિનો આક્ષેપ કર્યો હતો અને આ સોદા માટે ચૂકવવાના નાણાંનાં સ્રોત અંગે પણ સવાલ ઉઠાવ્યા હતા. (પીટીઆઈ)

## ઘાટકોપરમાં

અલગ રહેતો હતો. પિતા હરેશ જોશીએ પોલીસને જણાવ્યું હતું કે અમુક દિવસોથી દીપક ડિપ્રેશનમાં હતો. ઘાટકોપરના આર સિટી મૉલના સિક્યોરિટી ગાર્ડને સોમવારની સવારે દીપકનો મૃતદેહ નજરે પડ્યો હતો. દીપકના પિતાએ પોલીસને ઘટનાની જાણ કરી હતી.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ પ્રકરણે એડીઆર નોંધી પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## ચૂંટણી પંચે

ચાર અઠવાડિયામાં જાહેરનામું બહાર પાડવું જોઈએ. તે મુજબ, ચૂંટણી પંચે ચૂંટણી યોજવા માટેની હિલચાલ ઝડપી બનાવી છે.

મહા વિકાસ આઘાડી સરકારના કાર્યકાળમાં રાજ્ય સરકારે વોર્ડ બનાવવાની સત્તા પોતાના હાથમાં લીધી હતી. પરિણામે, ચૂંટણી પંચે હવે ફરીથી રાજ્ય સરકારને વોર્ડ રચના પૂર્ણ કરવાની જવાબદારી સોંપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વોર્ડ રચનાની પ્રારંભિક પ્રક્રિયા હાલમાં અંતિમ તબક્કામાં છે અને આ માહિતી આ અઠવાડિયામાં કમિશનને સુપરત કરવામાં આવે તેવી શક્યતા છે. રાજ્ય સરકાર તરફથી માહિતી મળતાં જ, તેના આધારે વોર્ડ આરક્ષણ અને મતદાર યાદીઓને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા શરૂ થશે. વોર્ડ રચના, અનામત અને મતદાર યાદી - ત્રણ મહત્વપૂર્ણ તબક્કા પૂર્ણ થયા પછી જ વાસ્તવિક ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવશે.

# પારસી મરણ

હોશંગ રુસી બીલીમોરયા તે મરહૂમ રુખીના ધની. તે મરહૂમો ગુલેસતાન રુસી બીલીમોરીયાના દીકરા. તે નેવીલના પપ્પા. તે બીયાકાના સસરા. તે ફિરોઝ, રોશન, નાઝરના ભાઈ. તે આવા ને અમીલીયાના બપાવાજી. (ઉં.વ. ૭૦) રે.ઠેઃ સેથના બિલ્ડિંગ, ફ્લેટ નં. ૩૦, ભોઈતળીયે, નવરોજી સ્ટ્રીટ, એસ.કે. પાતીલ ઉદ્યાન, ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ ૦૪-૦૬-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે તારદેવ બાતલીવાલા અગ્યારીમાં છેજી.

# હિન્દુ મરણ

**નાઘેર દશા મોઢ માંડલીયા**

સનખડા નિવાસી હાલ મલાડ માલતીબેન મનસુખલાલ શાહ (ઉં. વ. ૭૨) તા. ૧-૬-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ નારણદાસ શાહના પત્ની. સ્વ. કાંતીભાઇ, સ્વ. ભોગીભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. નિર્મળાબેન મહેતાના ભાભી. સ્વ. હરગોવિંદદાસ ગભરૂભાઇ ગાંધીનાં દીકરી. પંકજ, કવિતા, હેતલના માતુશ્રી. તે કવિતા, જતીન, વીરેનના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી લેઉઆ પટેલ**

જયંતીભાઇ અંબાલાલ પટેલ (ઉં. વ. ૮૫) (મુંબઇ નિવાસી) તા. ૧-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. અમીતના પિતાશ્રી. સલોનીના દાદા. તથા સ્વ. કૃષ્ણકાંતભાઇ, કીર્તિકાંતભાઇ અને સ્વ. ભૂપેન્દ્રભાઇના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગં.સ્વ. દમયંતીબેન (સવિતાબેન) દેવજી વેદ (ઉં.વ. ૯૨) તે દેવજી હંસરાજ છીંઢાળ (વેદ)ના ધર્મપત્ની. દામોદર સ્વાલીના પુત્રી. કબુભાઈ, શશીકાંતભાઈ તથા નિર્મળાબેનના બેન તા. ૧ જૂન-૨૦૨૫ મુંબઈ મધ્યે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

હાલ ઘાટકોપર નિવાસી પ્રવીણાબેન ભૂપેન્દ્રભાઇ શાહના પુત્ર કૌશિકભાઇ (ઉં. વ. ૬૨) તા. ૧ જૂન ૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે હિનાબેનના પતિ. સ્વ. નિકુંજબાળા નવનીતલાલ શાહના જમાઇ. પૂર્વીન અને દર્શિલના પિતા. કરિશ્મા પૂર્વીન શાહના સસરા. ચેતનાબેન જતીનકુમાર શાહ, નયનાબેન અશોકકુમાર મકવાણા, દિપ્તિબેન નિમિષકુમાર શાહ, ફાલ્ગુનીબેન જયેશકુમાર શાહના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૩૦૪, ધીરેન સોસાયટી, પુણે વિદ્યાભવન શાળાની સામે, નાથપાઇ નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ચારણ ગઢવી**

પ્રકાશ બારોટ (ઉં. વ. ૫૧) મૂળ ગામ રાધા (કચ્છ, હાલ મુલુંડ) રવિવાર, તા. ૧-૬-૨૫ના અવસાન પામેલ છે. તે ગં. સ્વ. દેવલબેન દેવદાસ બારોટના પુત્ર. ભાવિકા બારોટના પતિ. ઓમકાર, પ્રભાતીના પિતા. રમેશ, અતુલ, સામત બારોટ, રાજબાઇ આશરિયા બારોટના ભાઇ. સ્વ. ખીમજી જમનાદાસ દાવડા અને ગં. સ્વ. રૂખમણી ખીમજી દાવડાના જમાઇ. અમિત ખીમજી દાવડાના બનેવી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩-૬-૨૫ના ૫થી ૭. ઠે. આર્ટ ઓફ લિવિંગ, પરમેશ્વરી સેન્ટર, ડી-૨, મદન મોહન માલવિયા રોડ, એમટીએનએલ કોલોની, કેશવપાડા, મુલુંડ (વેસ્ટ).

**ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ**

હાલ કાંદિવલી સંજય વ્યાસ (ઉં. વ. ૬૧) તે સ્વ. નરેન્દ્ર જીવણલાલ વ્યાસ અને ગં. સ્વ. દામિની વ્યાસના સુપુત્ર. અજયભાઇ, વિજયભાઇ, મીનાબેનના ભાઇ. લીનાબેનના પતિ. હિતાંશી અને અંશુલના પિતા. તે આકાશભાઇના સસરા. રવિવાર, તા. ૧ જૂન ૨૦૨૫ના અક્ષરધામ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના વિણા અરવિંદ છેડા (ઉં. વ. ૬૦) તા. ૩૧-૫-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સુશીલાબેન કલ્યાણજીના પુત્રવધૂ. અરવિંદના ધર્મપત્ની. ગૌતમના મમ્મી. દેવકાબેન ઝવેરીલાલના પુત્રી. હીરજી, વસનજી, કલ્યાણજી, મેરાવા હાંસબાઇ દામજીના ભત્રીજી. દેવચંદ, જ્યોતિ, મધુના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

નાની ખાખરના સંજીવ ખુશાલચંદ શાહ / દેઢિયા (ઉં. વ. ૫૮) તા. ૩૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. પુષ્પાબેન ખુશાલચંદના સુપુત્ર. પલ્લવીના પતિ. સ્મિત, પ્રિતના પિતા. શોભા, પલ્લવી, હેમંતના ભાઈ. પત્રી સુશીલા કલ્યાણજી ડાહ્યાભાઈના જમાઇ. પ્રાર્થના : યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (વે), બપોરે ૩ થી ૪.૩૦.

નારાણપુરના કમળાબેન કાંતિલાલ નાગડાના જમાઇ શ્રી ફરઝાદ સોરાબ મહેતા (ઉં. વ. ૫૩) તા. ૩૦-૫-૨૫ ના અવસાન પામેલ છે. જ્યોતિના પતિ. ઉર્વક્ષના પિતા. પૂનાના મહારૂખબેન સોરાબ દારબ મહેતાના પુત્ર. નેવીલ, કૈનાઝના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. : જ્યોતિ નાગડા મહેતા, બી-૧/૧૦૧૨, ક્લોવર હાઇટ્સ, સાલુકીઆ વિહાર રોડ, વાનોવારી, પૂના-૪૧૧૦૪૦.

લાખાપુરના નેમચંદ વીરજી ગાલા (ઉં. વ. ૭૩) તા. ૧-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વીરજી માલશીના પુત્ર. ચંદનબેનના પતિ. વિમલ, અલ્પાના પિતા. સ્વ. મણીલાલ, શાંતિલાલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નેમચંદ ગાલા, નંદા યાદવ ચાલ, નરશી પાડા, આકુર્લી રોડ, કાંદીવલી (ઇસ્ટ).

ગઢશીશાના ધનજી લધાભાઈ દેઢિયા (ઉં. વ. ૮૦) તા. ૩૧-૫-૨૫ના અવસાન પામેલ છે. સોનબાઈ લધાના પુત્ર. ભાનુમતીના પતિ. પ.પુ.ત્રૈલોકયચંદ્રાશ્રીજી, સેજલ, સુચીતા, રીનાના પિતા. ઠાકરશી, રતનશી, ખેરાજ, શામજી, લીલાધરના ભાઈ. ઉનડોઠ મોટી ખેતબાઈ દામજી ટોકરશી ખીમસરીયાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪ થી ૫.૩૦.

મોખાના અ.સૌ. વર્ષા (વેલબાઇ) ચંદ્રકાંત ભેદા (ઉં. વ. ૭૫) તા. ૧-૬-૨૫નાં અરિહંત શરણ પામેલ છે. વિમળાબેન નાનજી કોરશીના પુત્રવધૂ. બેરાજાના લાછબાઇ પાલણ મામણીયાના સુપુત્રી. ચંદ્રકાંત નાનજીના ધર્મપત્ની. પ્રીતી, ડૉ. હેમલના માતુશ્રી. બેરાજાના લાલજી (બાબુભાઇ), વસનજી, પ્રવિણ, જયંતિ, કાંડાગરાના લક્ષ્મીબેન પોપટલાલ ગાલા, ડેપાના જયા (જેતબાઇ) પ્રેમજી સાવલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રકાંત ભેદા, ૫૦૩, મીથીલા, નિલકંઠ કીંગડમ, વિદ્યાવિહાર (વે.) ૮૬.

## તન-મન-ધનથી રહો તરોતાજા




# ભાવ ચંચળતાના ભયને ઓળખો...

**'બજાર આવતા મહિને વધશે કે ઘટશે એવું હું ક્યારેય કોઈને પૂછતો નથી. મને ખબર છે કે એનો જવાબ મને કોઈ આપી શકે એમ નથી.'**
**- સર જોન ટેમ્પલ્ટન**

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

ધારો કે એક રોકાણ સલાહકારે બે કંપનીના શૅરની ભલામણ કરી છે. સ્ક્રિપ 'એ' અને સ્ક્રિપ 'બી'. સ્ક્રિપ 'એ'નો ભાવ ગત પાંચ વર્ષમાં ૧૦૦થી વધીને ૨૨૫ રૂપિયા થઈ ગયો છે અને 'બી'નો ભાવ ૧૦૦થી વધીને ૨૫૦ થયો છે. બન્ને કંપનીઓ સમાન ક્ષેત્રની છે અને મજબૂત છે. આ માહિતીના આધારે તમે કઈ સ્ક્રિપમાં રોકાણ કરવાનું પસંદ કરશો?

તમારો જવાબ હશે સ્ક્રિપ 'બી'...પણ થોભો. ૧૦૦ રૂપિયા બાદની બન્ને કંપનીઓના શૅરના ભાવની હિલચાલ પર એક નજર નાખીએ. સ્ક્રિપ 'એ'નો ભાવ ૧૦૦ પછી ૧૫૦, ૧૭૫, ૨૨૫, ૨૩૫, ૨૪૦ અને ૨૨૫ થયો છે. સ્ક્રિપ 'બી'નો ભાવ ૧૦૦ પછી ૧૭૫, ૧૫૦, ૨૧૫, ૨૦૫, ૨૮૫ અને ૨૫૦ એ પ્રમાણે વધ્યો-ઘટ્યો છે.

ઉપરોક્ત આંકડાઓ પરથી જોઈ શકાય છે કે 'બી' લિમિટેડનો શૅર વધારે ચંચળ છે. આંકડાકીય દૃષ્ટિએ ચંચળતાનું માપ સ્ટાન્ડર્ડ ડેવિયેશન દ્વારા કાઢવામાં આવે છે. કોઈ પણ રોકાણમાં રહેલું જોખમ સ્ટાન્ડર્ડ ડેવિયેશનથી મપાય છે. ચંચળતા વધારે હોય તો જોખમ પણ વધારે હોય છે.

રોકાણકાર તરીકે આપણી નજર મોટાભાગે વળતર પર જ હોય છે. આપણને એ સારી પેઠે ખબર છે કે જોખમ અને વળતર એક જ સિક્કાની બે બાજુઓ છે. આમ છતાં, આપણું અર્ધજાગૃત મન જોખમ તરફ આંખ આડા કાન કરે છે.

'વધુ જોખમ, વધુ વળતર' વિશે આપણે અનેક વાર સાંભળ્યું છે. હવે આ બે વાક્યનો વિચાર કરોઃ

૧) વધારે જોખમ, વધારે વળતર,
૨) વધારે વળતર, વધારે જોખમ...

આમાંથી કયું વાક્ય વધુ યોગ્ય છે? લોકો આ સવાલના જવાબમાં પહેલું વાક્ય બરોબર હોવાનું કહી દેતા હોય છે, પણ થોડો વધુ વિચાર કરવાથી બીજું વિધાન વધુ યોગ્ય દેખાવા લાગે છે. અર્ધજાગૃત મનમાંથી જવાબ મેળવવા માટે વધારે વિચાર કરવો પડે છે.

મારાં લેકચર્સ દરમિયાન હું ઘણી વાર શ્રોતાઓને પૂછું છું, 'તમારામાંથી કેટલા લોકો ઘણું બધું જોખમ લઈ શકે છે?' સવાલ પૂછાયા બાદ મોટી સંખ્યામાં હાથ ઊંચા થાય છે. પછી હું કહેતો હોઉં છું, 'જેમને નાણાં ગુમાવવામાં વાંધો નથી એવા લોકો હાથ નીચા કરી દે.'

હવે જેમના હાથ ઊંચા છે એ કહેતા હોય છે, 'અમે જોખમ લઈ શકીએ છીએ, પણ પૈસા ગુમાવવાનું અમને ગમે નહીં.' એ વખતે આ હાથ ઊંચા રાખનારાઓને મારે પૂછવું પડે છે કે, 'જો તમે જોખમ લેવા તૈયાર છો, પણ નાણાં ગુમાવવાનું તમને ગમતું નથી, તો પછી તમારી જોખમની વ્યાખ્યા શું છે?'

આ વાત પરથી કહી શકાય કે કોઈ પણ વ્યક્તિને જોખમની સામે વાંધો હોતો નથી, પણ ખરેખર થતા નુકસાનથી અણગમો હોય છે. નફો કરવાથી મળતો આનંદ નાણાં ગુમાવવાથી થતા દુઃખ કરતાં ઓછો હોય છે.

સ્ટાન્ડર્ડ ડેવિયેશનની ગણતરી કરવાથી તમામ જોખમો મપાઈ જાય છે. ભાવમાં વિવિધ પરિબળોને લીધે ઉતાર-ચડાવ આવતા હોય છે. આ પરિબળો કોઈ પણ સંસ્થાની આંતરિક કે બાહ્ય ઘટનાઓ હોઈ શકે છે. ભાવચંચળતા જેટલી વધારે હોય તેટલું નાણાં ગુમાવવાનું જોખમ પણ વધારે હોય છે.

સટ્ટાખોરોને ભાવચંચળતા ગમતી હોય છે, જ્યારે ખરા અર્થમાં રોકાણકાર હોય તેમને સ્થિરતા પસંદ હોય છે. વાસ્તવમાં એવું જોવામાં આવ્યું છે કે રોકાણકાર લાંબા સમય સુધી રોકાણ રાખી મૂકે તો તેને ભાવચંચળતાની અસર ઓછી થાય છે. શિસ્તબદ્ધ રોકાણકારોને સમય જતાં વધારે લાભ થતો હોય છે. સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી) મારફતે રોકાણ કરતા લોકોને લાભ થાય છે, કારણકે એ લાંબા ગાળા સુધી અને નિયમિતપણે રોકાણ કરીને ભાવચંચળતાનો લાભ ઉઠાવી શકે છે.

હવેથી રોકાણ કરતી વખતે ફક્ત વળતરનો જ વિચાર કરતા નહીં. વળતર અને જોખમ એ બન્નેને ધ્યાનમાં લીધા બાદ જ આગળ વધવું. શૅર હોય, સોનું હોય કે પછી મ્યુચ્યુઅલ ફંડ હોય, રોકાણના સંબંધિત સાધનમાં ભૂતકાળમાં કેટલું વળતર મળ્યું એટલી વિગત જોવાને બદલે તેની ભાવની હિલચાલ પર પણ નજર નાખવી. ■

## વીમા સુરક્ષાકવચ

# શું તફાવત છે મેડિક્લેમમાં ટોપ અપ પ્લાન ને સુપર ટોપ અપ પ્લાન વચ્ચે?

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

**છેલ્લી વાર** આપણે આ કોલમમાં મેડિક્લેમના સુપર ટોપ અપ પ્લાન વિશે વાત કરી. આજે ટોપ અપ પ્લાન પર એક નજર નાખીએ. ટોપ અપ પ્લાન પણ હોસ્પિટલાઇઝેશનના બિલમાં એક મર્યાદા (ડિડક્ટિબલ રકમ) કરતાં વધારે ખર્ચ થાય ત્યારે લાગુ પડે છે. ડિડક્ટિબલ રકમ બેઝ પોલિસી (મૂળ પોલિસી) હેઠળ આવરી લેવાયેલી હોઈ શકે છે અથવા તો દરદીના ખિસામાંથી ચૂકવાતી હોઈ શકે છે. આમ, ટોપ અપ મેડિક્લેમ પોલિસી ખરીદવા માટે બેઝ પોલિસી હોવી જરૂરી નથી. ટોપ અપ પોલિસી પણ વ્યક્તિગત કે ફ્લોટર બેઝિસ પર આપવામાં આવે છે.

### ડિડક્ટિબલ એટલે શું?

પોલિસીના સમયગાળા દરમિયાન થનારા દરેક હોસ્પિટાઇઝેશન વખતે આવનારા ખર્ચમાંથી જે રકમ વીમાધારકના ખિસામાંથી અથવા એમની મૂળ પોલિસીમાંથી ભરપાઈ કરવામાં આવે એ રકમને ડિડક્ટિબલ કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ટોપ અપ પોલિસી આપનાર કંપની બિલમાંથી જે રકમ કાપીને બાકીના બિલની ચુકવણી કરે એ રકમને ડિડક્ટિબલ કહેવાય છે.

ટોપ અપ પોલિસી હેઠળ ક્લેમના વખતે ડિડક્ટિબલ કેવી રીતે લાગુ પડે છે?

- દરેક ક્લેમ વખતે ડિડક્ટિબલ નવેસરથી લાગુ પડે છે.
- દરેક હોસ્પિટલાઇઝેશનને અલગ ક્લેમ ગણવામાં આવે છે.
- વીમાની રકમ ડિડક્ટિબલ કાપી લીધા પછીની રકમ માટે લાગુ થાય છે.

ઉદાહરણ તરીકે, મૂળ પોલિસી પાંચ લાખ રૂપિયાની હોય અને ટોપ અપ પ્લાન ૧૦ લાખ રૂપિયાનો હોય તો ડિડક્ટિબલ પાંચ લાખ રૂપિયા ગણાય અને તેની ઉપરની મર્યાદા પાંચ લાખ રૂપિયાની થાય.

### બિલની રકમ ટોપ અપ પ્લાન હેઠળ ચુકવણી

આઠ લાખ રૂપિયાનું એક બિલ આવ્યું હોય એ સ્થિતિ મૂળ પોલિસી હેઠળ વીમા કંપની પાંચ લાખ રૂપિયા આપશે અને ઉપરના ત્રણ લાખ રૂપિયા ટોપ અપ પ્લાન હેઠળ ચૂકવાશે.

પોલિસીના સમયગાળા દરમિયાન એક કરતાં વધારે બિલ થયાં હોય એ સ્થિતિ...

પહેલું બિલ - ૬ લાખ
બીજું બિલ - ૨ લાખ
ત્રીજું બિલ - ૧ લાખ

પહેલું બિલઃ મૂળ પોલિસી હેઠળ વીમા કંપની પાંચ લાખ રૂપિયા ચૂકવશે. ઉપરના એક લાખ રૂપિયા ટોપ અપ પ્લાન હેઠળ ચૂકવાશે.

બીજા અને ત્રીજા બિલની રકમ વીમાધારકે પોતે ચૂકવવી પડશે.



### સુપર ટોપ અપ પૉલિસી

સુપર ટોપ અપ પ્લાનમાં સુપર ટોપ અપ માટે લેવાયેલી ડિડક્ટિબલ ઉપરાંતની મર્યાદા સુધીનાં હોસ્પિટલનાં તમામ બિલને આવરી લેવામાં આવે છે. ડિડક્ટિબલ રકમ આખા વર્ષમાં આવેલા કુલ ક્લેમને લાગુ પડે છે. એક વખત ડિડક્ટિબલની ચુકવણી થઈ જાય પછી સુપર ટોપ અપ પ્લાન બાકીના ક્લેમ માટે સક્રિય થાય છે. ટોપ અપ પ્લાનમાં એક મર્યાદા પછીના દરેક ક્લેમને આવરી લેવામાં આવે છે, જ્યારે સુપર ટોપ અપ પ્લાનમાં મર્યાદા ઉપરનાં હોસ્પિટલાઇઝેશનનાં બધાં બિલને આવરી લેવામાં આવે છે,

જેમકે....

મૂળ પોલિસી પાંચ લાખ રૂપિયાની છે અને સુપર ટોપ અપ પ્લાન ૧૦ લાખ રૂપિયાનો છે, જેમાં મર્યાદા પાંચ લાખ રૂપિયા છે.

બિલની રકમ સુપર ટોપ અપ પ્લાન મુજબ ચુકવણી

૮ લાખ રૂપિયાનું એક બિલ મૂળ પોલિસીમાંથી પાંચ લાખ રૂપિયા ચૂકવાશે અને બાકીના ત્રણ લાખ રૂપિયા સુપર ટોપ અપ પ્લાનમાંથી ચૂકવાશે.

પોલિસીના સમયગાળા દરમિયાન એક કરતાં વધારે બિલ થયાં હોય એ સ્થિતિમાં

પહેલું બિલ - ૬ લાખ
બીજું બિલ - ૨ લાખ
ત્રીજું બિલ - ૧ લાખ મૂળ પોલિસી હેઠળ પાંચ લાખ રૂપિયા ચૂકવાશે. અલગ અલગ બિલના ઉપરના ચાર લાખ રૂપિયા સુપર ટોપ અપ પ્લાનમાંથી ચૂકવાશે.

આમ, આરોગ્ય વીમાનું કવચ મોટું કરવું હોય તો સુપર ટોપ અપ આદર્શ રસ્તો છે. સુપર ટોપ અપ પ્રમાણમાં સસ્તાં પડે છે. મૂળ પોલિસી અને સુપર ટોપ અપ પોલિસીની કંપની એકસમાન હોય તો કંપનીના નેટવર્કની હોસ્પિટલમાં ક્લેમની પતાવટ કેશલેસ ધોરણે થાય છે.

---------------

***પ્રશ્નઃ શું હું ફક્ત સુપર ટોપ અપ પોલિસી ખરીદી શકું?***

ઉત્તરઃ હા, તમે ફક્ત સુપર ટોપ અપ પોલિસી ખરીદી શકો છો, પરંતુ તમારે એ ધ્યાનમાં રાખવાનું કે એમાંની ડિડક્ટિબલની રકમ તમારા ખિસામાંથી ચૂકવવી પડશે. જો તમે ખિસામાંથી ડિડક્ટિબલ ચૂકવવા માગતા ન હો તો તમારે મૂળ પોલિસી લેવી પડે.

**પ્રશ્નઃ નવી સુપર ટોપ અપ પોલિસીને પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ માટેનો વેઇટિંગ પીરિયડ લાગુ પડશે?**

ઉત્તરઃ હા, પોલિસીના નિયમો અને શરતો હેઠળ વેઇટિંગ પીરિયડ લાગુ થશે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ફેટી લીવરમાં પણ ઉપયોગી છે યોગાસન

આ ૨૧ જૂનના દિવસે આપણે 'વિશ્વ યોગ દિવસ' ઉજવીશું. યોગના ફાયદા શારીરિક તો છે જ સાથે માનસિક પણ છે. આ ઉપરાંત કેટલાક યોગાસન શરીરની આંતરિક વ્યાધિને દૂર કરવામાં પણ કારગત સાબિત થાય છે. આજકાલ નાની ઉંમરમાં લોકોને ફેટી લીવરની સમસ્યા બહુ પજવે છે. આ સમસ્યામાં પણ યોગ ઉપયોગી સાબિત થઇ શકે છે.

જ્યારે લીવરના કોષોમાં વધુ પડતી ચરબી જમા થવા લાગે છે ત્યારે તેને 'ફેટી લીવર' ર કહેવામાં આવે છે. વધુ પડતું તળેલું, મીઠુ, પ્રોસેસ્ડ ખોરાક અને આલ્કોહોલ ખાવાથી લીવરમાં વધારાની ચરબીનો સંચય થાય છે, જે લીવરની કામગીરીને અસર કરે છે. આના કારણે લીવરમાં સોજો, પેટમાં દુખાવો, ભૂખ ન લાગવી, થાક અને વજન ઘટવા જેવી સમસ્યાઓ થવા લાગે છે. જો સમયસર તેની સારવાર ન કરવામાં આવે તો, લીવર સિરોસિસ, લીવર ડેમેજ અને લીવર કેન્સરનું જોખમ વધી શકે છે.

### અર્ધ મત્સ્યેન્દ્રાસન

આ આસન તણાવ દૂર કરે છે અને તમારા આંતરિક અવયવોને ઉત્તેજિત કરે છે. તે કરોડરજ્જુની ગતિશીલતામાં સુધારો કરે છે અને પાચન અંગોની કામગીરીમાં વધારો કરે છે. તે યકૃતમાં રક્ત પરિભ્રમણને સુધારે છે, જેનાથી અંગની કામગીરી સારી થાય છે.

### આ આસન કરવા માટે

બેસવાની સ્થિતિમાં શરૂઆત કરો. તમારા જમણા પગને તમારા ડાબા હિપની બહાર એવી રીતે રાખો, જેથી તમારો જમણો ઘૂંટણ આગળ તરફ રહે. તમારા ડાબા પગને તમારી જમણી જાંઘની બહાર લાવો. તમારા ડાબા હાથને તમારી પાછળ જમીન પર ટેકવો. તમારા જમણા હાથને તમારા ડાબા પગની બહાર ખસેડો. ધીમેધીમે તમારા ધડને ફેરવો અને બંને ખભા પર નજર રાખો. ૧ મિનિટ સુધી આ પોઝ રાખો. વિરુદ્ધ બાજુએ પુનરાવર્તન કરો.





### ધનુરાસન

આ આસાન થોડું મુશ્કેલ છે. યોગની પ્રારંભિક ક્રિયાઓમાં તમે અનુકૂળ થઇ ગયા હો ત્યારે જ આ આસન કરવું જોઈએ અને વિશેષ કે શરૂઆતમાં કોઈ જાણકારની હાજરીમાં અભ્યાસ કરવો જોઈએ. આ આસન કરવા માટે, યોગ મેટ પર પેટના બળે સૂઈ જાઓ. તમારા બંને હાથ સીધા રાખો. હવે ઘૂંટણ ઉપરની તરફ વાળીને શ્વાસ બહાર કાઢો. તમારી એડીઓને તમારા નિતંબની નજીક લાવો. હવે, હાથ વડે પગના અંગુઠાને પાછળની તરફ રાખીને ધનુષની કમાન બનાવવા કોશિશ કરો. હવે ઊંડો શ્વાસ લો અને તમારી છાતીને જમીનથી ઉપર ઉઠાવો. પછી શ્વાસ બહાર કાઢો અને શરૂઆતની સ્થિતિમાં પાછા ફરો. તમે આ આસન ૩ થી ૫ વખત કરી શકો છો.



### ભુજંગાસન

આ ઘણું સરળ આસાન છે. એક હળવો બેકબેન્ડ, કરોડરજ્જુને આરામ આપે છે, સ્નાયુઓને ખેંચે છે અને મજબૂત બનાવે છે. તે મૂળ શક્તિમાં સુધારો કરે છે, પેટના અવયવોને ઉત્તેજિત કરે છે અને આરામનો અનુભવ કરાવે છે. પેટના અવયવોમાં રક્ત પરિભ્રમણ નોંધપાત્ર રીતે સુધરે છે. આ આસાન કરવા તમારા પેટ પર પગ સીધા રાખીને સૂઈ જાઓ. કોણીને એવી રીતે વાળો જેથી તમારા હાથના પંજા માથાની સીધી રેખામાં રહે. આ રીતે હાથના બળે પીઠને ઉપર તરફ વાળો. આનાથી તમારા શરીરનો ઉપરનો ભાગ થોડો ઊંચો થશે, જેનાથી તમને હળવો બેકબેન્ડ મળશે. આ સ્થિતિમાં થોડી ક્ષણ રહો અને થોડીવાર શ્વાસ લેતા રહો. પછી નીચે આવો. ૨ કે ૩ વખત તમે રિપીટ કરી શકો છો. આ જ આસનને થોડું વધુ મુશ્કેલ બનાવવા અને પેટ સહિત શરીરના કમરથી ઉપરના ભાગને વધુ ખેંચાણ આપવા હાથોને છાતીની સીધી રેખામાં રાખીને પણ કરી શકાય છે.



### ગોમુખાસન

આ આસન કરવા માટે, યોગ મેટ પર બંને પગ આગળ રાખીને બેસો. તમારા બંને હાથ તમારી બાજુઓ પર રાખો. હવે તમારા ડાબા પગને ઘૂંટણ પર વાળો. આ પછી, તમારા જમણા પગને ઘૂંટણથી વાળો અને તેને ડાબા પગ પર રાખો. પછી તમારા ડાબા હાથને ખભા ઉપરથી પીઠ તરફ લઇ જાઓ. એ જ રીતે, તમારા જમણા હાથને કમર તરફથી પીઠ તરફ લઇ જાઓ જાઓ અને તમારા ડાબા હાથ પકડો. ૩૦ સેકન્ડ માટે આ સ્થિતિમાં રહો. ત્યાર બાદ વિરુદ્ધ દિશામાં ફરીથી આ સ્થિતિમાં આવો. પછી ધીમે ધીમે શરૂઆતની સ્થિતિમાં પાછા ફરો. આ પ્રક્રિયાને ૩ થી ૪ વાર પુનરાવર્તન કરો.

નવો યોગાભ્યાસ શરૂ કરતા પહેલા, યોગ્ય યોગાસન, સંભવિત ફેરફારો અને સલામતીના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે જાણકારનું માર્ગદર્શન અવશ્ય લેવું. ઉપરાંત ડોક્ટરની સારવાર ચાલતી હોય તો એમની પણ સલાહ લો....

સૌમ્ય, શિખાઉ માણસો માટે આવા અનુકૂળ આસનોથી વ્યક્તિગત પ્રેક્ટિસ શરૂ કરો. ધીમે ધીમે તમારી પોતાની ગતિએ પ્રગતિ કરો, હંમેશાં તમારા શરીરને સાંભળો અને શરીરની મર્યાદાઓને સમજીને યોગ કરો. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# કોઈ કારણ વગર કે મતલબ વગર ખાવાની કુટેવો



ભોજન મનુષ્યની મૂળભૂત જરૂરિયાતમાં એક છે. ભોજન વગર મનુષ્ય જીવનની કલ્પના પણ કરવી એ અશક્ય છે. પ્રકૃતિએ મનુષ્યના શરીરની જરૂરતોને પૂરી કરવા પ્રાકૃતિક ભોજન જેમ કે ફળો, શાકભાજી, ધાન્ય, સૂકામેવાનો પ્રબંધ કર્યો છે.

ખોરાક સાથેનો આપણો સંબંધ જટિલ છે. આ સંબંધ ખાદ્ય-પદાર્થોની કિંમત તેમની ઉપલબ્ધતા અને આસપાસના લોકોની ખાવાની ટેવથી પ્રભાવિત છે સંશોધન અનુસાર ખોરાક સાથે સંબંધિત ઘણા સંકેતો આપણી ખાવાની ઈચ્છાને અસર કરે છે. જેમ કે સુગંધ, ભોજન બનાવતી વખતે થતાં અવાજો વગેરે. આપણી આસપાસ એવી જાળ રચાઈ જાય છે, જેમાં ફસાઈને આપણે વધારે ખાઈ લેતા હોઈએ છીએ, જરૂરત ન હોય છતાં ખાઈએ છીએ. એવી વસ્તુઓ જે બીજા ખાતા હોય તો આપણે પણ ખાઈએ.

બીજાને સારું લાગે તે માટે પણ ખાઈએ છીએ. સ્વાદ સારો છે માટે પણ થોડું ખાઈ લઈએ. બધા લોકો લેતાં હતા માટે આપણે પણ લઈએ કોઈ જાહેરાતથી પ્રરાઈને પણ લઈએ જેવાં અનેક કારણો છે જે આપણને નુકસાન પહોંચાડે છે કે કોઈ બીમારી આપે છે તે જાણવાની કોશિશ વગર લોકો જરૂરિયાત વગરની ખાદ્ય-સામગ્રી ખરીદતા હોય છે ઘણીવાર દવાઓ પણ વગર કારણથી ખરીદતા હોય છે કે પડી હશે તો કામ લાગશે અને આ જાહેરાતને કારણે પણ થતું હોય છે. નટ-નટીઓની જાહેરાત લોકોના માનસ ઉપર વધુ પડે છે નટ-નટીને જાહેરાતની કિંમત મળતી હોય છે તેથી તેઓ જાહેરાત કરે છે.

શરીરને પાતળું કે જાડું કરવા કે સુંદર બનાવવા ડાયટિંગ કરતા હોય છે ત્યારે તેમણે એ ધ્યાન રાખવું કે જે વસ્તુનો ઉપયોગ કરે છે તે ખરેખર કરવા લાયક છે કે નહીં. ડાયેટમાં આવે છે એટલે ખાવું ભૂખ છે કે નહીં તે પણ જોવું જરૂરી છે.

વજન ઓછો કરવાનો તણાવ રાખે છે ત્યારે શરીરમાંનું કોર્ટિસોલ નામનું હાર્મોન સ્તર વધી જાય છે જે ભૂખને દબાવી શકે છે. જેથી શરીરને પોષકતત્ત્વો મળતાં નથી અને અનોરેકિસ્યા નર્વોસા નામક બીમારી થાય છે, જેમાં ભૂખની ઓછપ થઈ જાય છે.

એક એવો વર્ગ છે જે મતલબ વગર કે કોઈ કારણ વગરની વસ્તુઓનું સેવન કરે છે જેમ કે માછલીના તેલની કેપ્સુલ ખાય છે લગભગ પૂરી દુનિયામાં માછલીના તેલની કેપ્સુલ દસ લાખ ટન જેટલી ખવાય છે. દસ લાખ ટન કેપ્સુલ બનાવવા માટે સત્યાવીશ લાખ ટન માછલી મારવી પડે છે. પાંચ કિલો માછલીમાંથી એક કિલો માછલીનું તેલ (ફીશ ઓઈલ) બને છે. આ ફીશ ઓઈલ કેપ્સુલ લોકો ઓમેગા-૩ માટે ખાય છે. સમજવા જેવી વાત એ છે કે આપણું શરીર ઓમેગા-૩ બનાવી શકતું નથી તો માછલીનું શરીર કેવી રીતે બનાવે? માછલી પોતે ઓમેગા માટે સમુદ્રમાં ઊગતી વનસ્પતિ અલગાઈ ખાય છે. જે સમુદ્રના તળમાં ઊગે છે. તો આપણે આ અલગાઈનો ઉપયોગ કરીએ. આ અલગાઈનું તેલની કેપ્સુલ પણ મળે છે અને તેલ પણ મળે છે જે કોઈપણ જાતના કેમિકલ વગર અને મરક્યુરી (પારા) વગર બને છે. જે વર્ગ હિંસાથી દૂર રહે છે કે કોઈપણ જાતનો માંસાહાર નથી કરતો તે વર્ગ પણ આ કેપ્સુલ ખાય છે અથવા તેમાંથી બનતી દવાઓ ખાય છે. વનસ્પતિમાં પાપ દેખાય છે ને આ રીતે કેપ્સુલમાં માંસાહાર કરે છે. આ કેપ્સુલ ખાવાથી ઓમેગા બને એવું ક્યાંય જણાયું નથી. પ્રાકૃતિક ખોરાક જ ઓમેગા બનાવે છે. માટે જાગૃત રહેવું જોઈએ. શરીરમાં મેટાબોલીઝમ વધવાથી ઓમેગા-૩ સારી રીતે બને છે.

ઘણી એવી આદતો જે નાનપણથી શિખવાડવામાં આવે છે જરૂર ન હોવા છતાં હેલ્થડ્રીંક જેમાં હાડકાં મજબૂત બનશે એવી જાહેરાતો જોઈને ખવડાવવામાં આવે છે. જેના કારણે હાડકાનો વિકાસ અટકે છે. એવા દર્દી મારી પાસે આવે છે. ચોકલેટ, પીપરમેંટ,બિસ્કીટ, ચીઝ, બટર જેવી વસ્તુઓ તો બીમારી મફતમાં આપે છે. પછી તેની ભારી કિંમત ચૂકવવી પડે છે સ્વાદ માટે ખવાતી વસ્તુઓ ખાવાથી શરીરમાં સાકર (ગ્લુકોઝ)નું સ્તર વધી જતાં અનેક બીમારીઓ લાગુ પડે છે.

આપણી કુટેવો ચહા કોફી પીવાની ટેવ જે શરીરમાં કોઈ ન્યૂટ્રિશન આપતી નથી છતાં પણ લોકો તેનું સેવન કરે છે. જેના કારણે શરીરની મિનરલ્સ બનાવવાની ક્ષમતા ધીમે ધીમે ઘટી જાય છે અને પછી બૂમો મારે કે શરીરમાં કેલ્શિયમ ઘટ્યું, વિટામિન બી૧૨ ઘટ્યુ, ડી-૩ ઘટ્યું કે સોડિયમ વધી ગયું.

બધી બીમારીઓ કેમિકલ યુક્ત ખોરાક અને જરૂરત વગરની ખાદ્ય ચીજો વાપરવાના કારણે જ આવે છે. સુધાર લોકો લેશ માત્ર કરતાં નથી. રિપોર્ટ કાઢવાની ઘેલછાએ હદ પાર કરી છે રિપોર્ટ કાઢવાથી કશો ફાયદો થતો નથી ફક્ત તણાવ વધે છે યોગ્ય આહાર વિશે લોકોને જાણ છે પણ આચરણમાં આવતું નથી. ટીવી. યુટ્યૂબ ચેનલો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર આવતી માહિતીઓથી લોકો ભરમાઈ જાય છે. આ પ્રોડકાસ્ટવાળાને પોડકાસ્ટ માટે ઘણી રકમ મળે છે. તેથી લોકોને તેઓ ભરમાવે છે જેને કારણે દવાઓ અને ખોટી ખાવાની વસ્તુઓ માટે લોકો પ્રેરાય છે. સારી રીતે કામ કરતાં કે સાચી સલાહ આપવાવાળાની લોકો મજાક ઉડાડે છે. આ મજાક લોકો ને હવે ભારી પડતી દેખાય છે કારણ કે બીમારી બહુ જ નાની ઉંમરમાં જ દેખાવા લાગી છે.

વગર જરૂરિયાતે ખાવાની ખોટી ટેવો હજુ ઘણી છે કોલ્ડડ્રીંક, મુખવાસ, અમુક ચટરપટર વસ્તુઓ તેમ જ કોઈ પિકનિકમાં જાય ત્યારે આખો દિવસ કંઈકને કંઈક ખાવું, કારણ વગરના કાઢા પીવા, ભૂખ ન હોય છતાં ખાવું આવું લગ્નપ્રસંગમાં વધુ બને છે. આપણી રુચિ ન હોય તેવું ખાવું સ્વાદ સુંગધ સારા છે તે માટે ખાવું વગેરે.

બાળપણથી આદત નાખો કે સમય પર ખાવું ક્યાંય ખાવાનું મફત મળે કે પ્રંસગોમાં મળે તે જરૂરત વગર ન ખાવું. થોડું ભૂખ્યા રહેવાથી શરીરને લાભ થાય છે એ ધ્યાન રાખવું જરૂરી છે. મારી પાસે આવતાં દર્દીઓને જ્યારે જણાવું છું અને સારા ખોરાકની સ્વાદિષ્ટ વસ્તુઓ કેવી રીતે બનાવવી ત્યારે લોકો એક સંતોષ અનુભવે છે. રોગો લગભગ સારા થઈ જાય છે.

સવારના નાસ્તાથી લઈ રાતના ખાવા સુધી કેટલી અખાદ્ય વસ્તુઓ ખાઈએ છીએ તેનું એકવાર લિસ્ટ (યાદી) બનાવજો જેથી ખબર પડે કે ક્યાં સુધારા કરવાની જરૂર છે. તેમ જ અન્ય વાપરવાની વસ્તુઓનું લિસ્ટ પણ. ■

feedback@bombaysamachar.com

ભોજની ખોજ

સુભાષ ઠાકર

# મિશન એડ્‌મિશન...



'લ્યો, પેંડા' લાસ્ટ ચૂટણીમાં ચોથીવાર હારેલા ચંદુલાલ પેંડાનુ બોક્સ ધરતા બોલ્યા.

'શેના છે?' મેં પૂછ્યું

'માવાના' ચંદુલાલનો જવાબ

'પેંડા માવાના જ હોય. કઇ બાફેલા બટેટાના ન હોય, પણ કઇ ખુશાલીમાં?'

'અરે હા, અમારો ચંબુ ચોથીમાં ચોથીવાર ફેલ થયો.'

'હેં! આ મારું બેટું કેવું? ફેલ થયો તોય પેંડા?'

'આ મારું બેટું એવું કે મારા ચંબુના ક્લાસમાં ૪૬ વિદ્યાર્થીમાંથી ૩૩ ફેલ. બહુમતી આપણા પક્ષે છે.'

આભાર કે આશ્વાસનની દ્વિધામાં મેં દીકરા ચંબુને પૂછ્યું :

'બેટા, હવે કેરિયર વિશે શું વિચાર્યું?'

'કેરિયરનું તો એવું છે અંકલ, મારી પાસે સ્કૂટર છે એટલે કેરિયર ન હોય ને બાપુજીને ગાડી માટે જરૂર હોય તો માળિયા પરથી ઉતારે.. બાકી..'

'અરે ચૂપ' ચંદુલાલ ભડક્યા 'અલ્યા ચરકટ, આ ચોથી વાર ફેલ થયો તો હવે આગળની કેરિયર એટલે કે ભણતર વિષે શું વિચાર્યું?'

'હું શું વિચારું? કહેતા હો તો પાંચમી વાર ટ્રાય કરું... બીજું શું?'

આ ચંબુ ૨૩મા વર્ષે હજી ચોથામાં હતો, કારણ કે પહેલામાં એક વર્ષ, બીજામાં બે, ત્રીજામાં ત્રણ વર્ષ ને હવે ચોથામાં ચોથીવાર ફેલ. આમનું આમ ચાલ્યું તો ૮૦મા વર્ષે ચંબુનું બારમું આવે ત્યારે કેટલાયના બારમાં પતી ગયા હોય.(હું ગણીને જ કઉ છું) .

'અંકલ, મારા બાપુને નાની ઉંમરમાં ભણતરનો બહોળો અનુભવ નથી દેખાતો. સાલુ, પોતે ચૂંટણીમાં ચાર વાર હાર્યા એનું કઇ નઇ ને હું ચોથી વાર ફેલ થયો એમાં તો જાણે દુનિયા લુટાઈ ગઈ, મારા ચોથીવાર ફેલ થવાનું કારણ આ મારા બાપુ જ છે, મેં કીધું 'બાપુ, ન્યૂટનના માથા ઉપર સફરજન પડ્યું તો ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો પણ અહીં રોજ માણસાઈ નીચે પડી રહી છે એને કયો નિયમ લાગુ પડે છે? તો બોલતી બંધ. એમના માથા પર સફરજન, જાંબુ કે ચીકુ પડ્યા તો ઘરે લઈ આવ્યા એમ નઇ કે આપણે પણ કોઈ નિયમ શોધીએ.'

'અરે ઠાકર, એની સ્કૂલમાંથી લેટર આવ્યો કે હવે દીકરાને પરીક્ષા અપાવી પૈસા વેસ્ટ ન કરો પછી એ પેપરો પસ્તીવાળા પણ નથી લેતા. દરેક પ્રશ્નનો જવાબ ઉર્દુમાં લખ્યો હોય એવું લાગે છે. પરીક્ષા આપવા કરતાં ચા ને વડાપાંઉની લારી કરી આપો. ડોક્ટર કે સી.એ કરતાં વધુ કમાશે ઠાકર,આ એડમિશનના મિશન એવા ચાલ્યા કે વિદ્યાર્થી નઇ વિદ્યાની જ અર્થી નીકળી રહી છે. મારા ચંબુના દીકરા માટે એક સ્કૂલમાં એડમિશન માટેની ભલામણ ચિઠ્ઠી માટે કાલે જઉ છું. તું આવજે.

બીજા દિવસે ટ્રસ્ટી રમણલાલને ઘરે જઈ વિનંતી કરી 'હે રમણલાલ, અમારા દીકરા માટે કઈક કરો, ભગવાન તમારા બાળબચ્ચાં સુખી રાખશે, તમારા બૂટ ચંપલ વધુ ટકશે, તમારી વાઈફ માત્ર તમને જ પ્રેમ કરશે, અંબાણી તમારી પાસે ઉછીના માગશે, મોંઘવારી ઓછી નડશે..'

'બસ ...હવે,બહુ થયું પણ મારા હાથમાં કશું નથી' રમણલાલ બોલ્યા

'સાહેબ, તમારા હાથમાં કે પગમાં જ નઇ આખી બોડીમાં છે. તમારી પાસે સત્તા છે'

'અલ્યા ભાઈ મારી પાસે સત્તા, અઠ્ઠા, નવ્વા, દસ્સા કશું જ નથી. ખોટી મેથી ન મારો'

'એમ જુઠ્ઠું ન બોલો સર, જૂઠ બોલે કૌવા કાટે.... દસ્સા ભલે ન હોય પણ આ ગુલામ તમારી સામે છે તમે રાજા છો, કઈક કરો.'

રમણલાલ સો ગ્રામ પીગળ્યા 'ઓકે, પણ ૨૫૦૦૦ ભલામણ ચિઠ્ઠીના થશે,.. તમને હપ્તા કરી આપીશ. જુઓ, ચંદુલાલ જે સ્કૂલમાં હું ભણ્યો એ જ સ્કૂલમાં આજે ટ્રસ્ટી છું એ કબૂલ. ને પછી તો હું વકીલાતનું ભણ્યો, પણ વકીલાત ચાલતી નથી ને ભલામણ ચિઠ્ઠી ચાલે છે. બોલો, તમારા દીકરાને શેમાં એડમિશન જોઈએ છે? અંગ્રેજી કે ગુજરાતી મીડિયમમાં?'

'અરે સાહેબ, એડમિશન મળતું હોય તો સાંભળી કે બોલી ન શકતા હોય તેમની સ્કૂલમાં પણ ચાલે,પણ આપની ચિઠ્ઠી..'

ભલામણ ચિઠ્ઠી લઈ ચંદુલાલ ચંપાબા ને હું સ્કૂલમાં પહોંચ્યા ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની જેમ ત્રણ હોદ્દેદારો બેઠેલા, ભલામણ ચિઠ્ઠી પણ જાસાચિઠ્ઠીની જેમ વાંચી. પછી મિસ્ટર બ્રહ્મા બોલ્યા :

'એડમિશન પહેલાં અમારે તમને એક સવાલ પૂછવો પડશે.'

'બોલો એવું કયું દંપતી છે કે આખો દેશ ત્રાહિમામ પોકારે છે?'

ચંદુલાલ બોલે એ પહેલાં ચંપાબા બોલ્યાં 'ફુગાવો ને મોંઘવારી'

'વાહ ક્યા બાત હૈ પહેલાં જવાબથી જ અમારી પેનલ ખુશ તમારું એડમિશન પાકું'

કૃષ્ણની શોધમાં સુદામાને હર્ષના આંસુ આવેલા એવા આંસુ ચંદુલાલને આવ્યા પછી મિસ્ટર બ્રહ્માએ મોટો બોમ્બ ફોડ્યો. ૨૦૨૯ માટેની ફી ભરી દો. રૂપિયા પાંચ લાખ!'

ચંદુલાલનું મોઢું ધર્માદા પેટી જેવું ખૂલી ગયું : 'પાંચ લાખ?

'સાહેબ, અમારું બાળક તો હજી ઘોડિયામાં રમે છે ને અમે એડમિશન માટે આવ્યા છીએ, આટલા તો વહેલા આવ્યા છીએ તોયે'...ચંદુલાલે ફેક્યું.

'આને તમે વહેલા કહો છો? અરે મારા ભાઈ, અહીંતો વાઈફને સાતમો-આઠમો જતો હોય ત્યારથી લાઇન લાગે છે, સમજ્યા?'

બોલો, શું કરવું છે?'

'અમે શું કરી શકીએ' ચંદુલાલ ગૂંચવાયા 'અમે સમાજને સમજાવશું કે વાઈફને સારા દિવસો જતાં હોય ને બાળકની જિંદગી સારી જોવી હોય તો અત્યારથી જ એડમિશનની હિલચાલ શરૂ કરી દેશો, ચાલો ઠાકર... અહીં આપણી દાળ કે કઢી કશું ગળે એમ નથી. આ લોકોનું પેટનું પાણી હલે એમ નથી કે અંદર પાણી છે જ નઇ..'

ત્યાં સામેના ખૂણામાં સરસ્વતીની મૂર્તિમાં આંસુ હતા, લક્ષ્મીજીના જોર આગળ સરસ્વતી લાચાર બની ગઈ હતી.

જેવા સ્કૂલથી બહાર આવ્યા ત્યાં ચંબુને બૂટ પોલિસ કરતાં જોયો.

'ચંબુ તું?'

'હા હું બૂટ પોલિસ કરવા કેટલાંયના પગ પકડું છું. આશીર્વાદ ને પૈસા બંને મળે છે બૂટ ચમકાવાની સાથે મારું નસીબ પણ ચમકાવું છું. નાનકડી કમાણીથી પરિવાર જેટલું કમાઈ મહેનતનું કમાઈને સંતોષ મેળવીશ.'

'વાહ બેટા' ચંદુલાલના ચહેરા પર સંતોષનું સ્માઇલ આવી ગયું.

શું કહો છો ? ■

feedback@bombaysamachar.com

વિશેષ

ખુશ્બુ મુલાણી ઠક્કર

# પરિવારના સાથ સાથે સ્વાદ પિરસતી...



ગાયત્રી પટેલ

ઘરના ચૂલા પર રંધાતું રસોઈનું કૌશલ્ય જ્યારે આત્મવિશ્વાસ સાથે જોડાય છે., ત્યારે એક નવી સફળતાની શરૂઆત થાય છે. આજે ઘણી મહિલાઓ પોતાનો રસોઈનો શોખ એક સફળ ઘરઆધારિત વ્યવસાયમાં પરિવર્તિત કરી રહી છે. જેમાં પ્રેમ અને દરેક વાનગી સાથે એક સપનાનું પુનઃનિર્માણ છે. મુંબઈ સમાચારે કેટલીક મહિલાઓ સાથે વાત કરી કે જેઓએ પોતાના શોખ અને પરિવારના સાથ સાથે સફળતા પ્રાપ્ત કરી છે. ચાલો જાણીએ તેમની સફર વિષે.

કાંદિવલીમાં રહેતા ૪૭ વર્ષીય ગાયત્રીબહેન પટેલનું કહેવું છે કે, 'મને પહેલેથી જ ખાવાનું બનાવવાનો ખૂબ જ શોખ હતો. ઘણી વખત પ્રયત્ન પણ કર્યો કે કંઈ નાના પાયે ચાલુ કરું, પરંતુ ઘરની જવાબદારી અને બાળકોના ઉછેરમાં એટલી વ્યસ્ત હતી કે પોતાને શું કરવું છે તેની પર ક્યારેય ધ્યાન જ નહોતું અપાયું. પાંચ વર્ષ પહેલા જ્યારે કોવિડનો સમય હતો અને બધા ઘરનું ખાવાનું જ પ્રિફર કરતા હતા ત્યારે મેં વિચાર્યું કે, કૈક શરૂઆત કરવી જોઈએ. તેથી મેં થેપલા અને સૂકો નાસ્તો એટલે કે, ચોખાની ચકરી, મકાઈનો અને પૌઆનો ચીવડો અને ફરસી પુરી બનાવવાનું ચાલુ કર્યું. શરૂઆતમાં મેં મારા નાસ્તા અને થેપલા આજુ બાજુમાં રહેતા લોકોને અને પરિવારને આપવાનું ચાલુ કર્યું. તેઓને ખૂબ જ ભાવ્યા. અને પછી તો ઓર્ડર વધવા મંડ્યા. મને માઉથ પબ્લિસિટીથી ઘણો ફાયદો થયો. પણ એક વસ્તુ મેં પહેલેથી જ વિચારેલી કે, જે રીતે શરૂઆત કરી છે તે જ રીતે હું આગળ વધીશ. એટલે કે, જે પણ વસ્તુઓ બનાવીએ તેમાં ઘરનો શુદ્ધ માલ અને આપણે જે ખાઈએ તે જ બીજાને આપવાનું. ક્વોલિટીમાં ક્યારેય કોમ્પ્રોમાઇઝ કરવાનું નહીં.

હું કંઈ પણ સ્ટોર કરીને નથી રાખતી જે ઓર્ડર આવે તેનું પ્રિ બુકિંગ કરીને જ ઓર્ડર રેડી કરવો એવો મારો આગ્રહ હોય છે. માત્ર અથાણાં હું ચોમાસા પૂરતા સ્ટોર કરું છું. ચોમાસા પછી પાછા દિવાળી વખતે નવા બનાવવાના. મેં જ્યારે શરૂઆત કરી ત્યારે મને જરા પણ કલ્પના નહતી કે મને એટલો સારો પ્રતિસાદ મળશે. જેમ જેમ ઓર્ડર વધતા ગયા તેમ તેમ મારો કોન્ફિડન્સ પણ વધતો ગયો. શરૂઆતમાં હું ૫ થી ૧૦ કિલો જેટલા અથાણાં બનાવતી હવે હું ૨૫૦ થી ૩૦૦ કિલો જેટલા અથાણાં બનાવું છું.'

ગાયત્રી બહેન આગળ જણાવતાં કહે છે કે, 'તમે એક વખત શરૂ કરો અને પછી જયારે સારો પ્રતિસાદ મળે ત્યારે નવું કરવાની અને વધારે વસ્તુઓ બનાવવાની પ્રેરણા થાય. અત્યારે મારી પાસે ૨૨ જાતનાં અથાણાં છે જે બારે માસ મળી રહે છે, ઉનળામાં કરેલી સુકવણીવાળી બટેટાની વેફર, જાળીવાળી, કતરી, સાબુદાણાની વેફર, ખિચિયા પાપડ વગેરે પણ હું બનાવું છું. તેમજ ૭ થી ૮ સૂકા નાસ્તા, ૬ થી ૭ ડાયેટ નાસ્તા, ૭ થી ૮ મીઠાઈ તેમજ થેપલા, પરોઠા, ડાયાબિટીઝ સ્પેશ્યલ નાસ્તા, શિયાળામાં ખવાતા મિક્સ સીડ્સ બોલ્સ અને મુખવાસ પણ બનાવું છું. મારા નાસ્તા ઓલ ઓવર મુંબઈમાં તો જાય જ છે સાથે સાથે વલસાડ, વાપી, દિલ્હી, જયપુર અને અમેરિકા પણ જાય છે.

ગાયત્રી બહેન તેમની વાત પૂરી કરતા જણાવે છે કે, કંઈ પણ નવું ચાલુ કરવા માટે ઉંમરને જોવાની જરૂર નથી. તમે ગમે તે ઉંમરે પોતાના શોખને વ્યવસાયમાં બદલી શકો છો. શર્ત માત્ર એટલી જ કે, તમને ઘરનાનો સપોર્ટ હોવો જોઈએ. પોતાના પર વિશ્વાસ રાખીને આગળ વધી જ શકાય.



હેતલ છેડા

અંધેરી ઇસ્ટમાં રહેતા ૪૩ વર્ષીય હેતલ છેડાનું કહેવું છે કે, 'હું નાની હતી ત્યારથી મને મમ્મીને રસોઈ કરતા જોવી ખૂબ જ ગમતું. હું ૧૦મા ધોરણમાં હતી ત્યારથી જમવાનું બનાવું છું. મારી બોર્ડ એક્ઝામ પછી મેં ૨૫ જણ માટે પહેલી વાર ખાવાનું બનાવ્યું હતું. મેં ક્યારેય પ્રોફેશનલી આગળ વધવાનો વિચાર જ નહોતો કર્યો. હું માત્ર મારા ઘરનાઓ માટે જ નવી નવી રેસિપીઓ બનાવતી, પરંતુ એક વસ્તુ જે સૌથી વધારે ગમતી એ હતું કે કોઈ પણ સિમ્પલ વાનગીને કઈ રીતે વધારે સુંદર રીતે પ્રેઝન્ટ કરવી કે જોતા જ ખાવાનું મન થઈ જાય.

કોવિડના સમયમાં જયારે હું મારા ઘરના માટે અલગ અલગ રેસિપી બનાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી હતી ત્યારે એક કે બે મિત્રોએ મને પૂછ્યું કે તું અમને બનાવીને આપીશ. મિત્રો હતા એટલે મેં ના ન પાડી. અને બસ પછી તો પાછળ વળીને જોયું જ નથી. મિત્રો સાથે મને મારા પરિવારે પણ એટલો જ સપોર્ટ કર્યો.

કોવિડના સમયમાં હું બધું જ બનાવતી. મને સોશિયલ મીડિયાથી ઘણી પબ્લિસિટી મળી અને સાથે ઓર્ડર પણ મળ્યા. જેમ જેમ ઓર્ડર મળતા ગયા તેમ તેમ નવું નવું કરવાની પ્રેરણા થતી ગઈ. લગભગ બે વર્ષ સુધી મેં બધી જ જાતની વાનગીઓ બનાવી. એક દિવસ એવો વિચાર આવ્યો કે, આપણી ગુજરાતી વાનગીઓ કે જે ખૂબ જ અંડર રેટેડ છે તેને કેમ ન લાઇમ લાઇટમાં લાવીએ અને લોકોમાં જાગૃતતા લાવીએ કે ગુજરાતી ફૂડ એટલે માત્ર રોટલી, દાળ, ભાત, શાક નથી. આપણું ગુજરાતી ફૂડ ખૂબ જ બહોળું છે.

હેતલ આગળ જણાવતાં કહે છે કે, હવે હું માત્ર ગુજરાતી વાનગીઓ જ બનાવું છું. કોવિડમાં તો રોજના ઓર્ડર હતા, પરંતુ હવે માત્ર વિક એન્ડ અને મીડ વિકમાં જ ઓર્ડર લઉં છું. વાનગીઓમાં વપરાતો માલ મારા લોકલ વેન્ડર પાસેથી જ લઉં છું. પ્રિ બુકિંગ પર જ કામ કરવાનું. આપણી ગુજરાતી વાનગીઓ એટલી બધી છે કે, હું એવો પ્રયત્ન કરું કે, દરેક અઠવાડિયામાં હું કંઈ જુદું આપી શકું જેમકે, અત્યારની સિઝન પ્રમાણે કેરીનો રસ, પુરી, વાલની દાળ, ફજેતો. તો શિયાળામાં ઊંધિયું, લસણિયો રોટલો, મેથીના મુઠિયાંવાળું શાક, વાલોળ પાપડી અને બાજરીના ગોટા. કે પછી ઉપવાસની થાળી જ કેમ ના હોય. હાંડવાનો લોટ હું મારા ચક્કીવાળા પાસે દળાવું છું. કૈક અલગ કરવા માટે હું મિલેટ હાંડવો અને ઝૂકીની હાંડવો બનાવું છું. મારી સ્પેશ્યલ થાળી અને બ્રન્ચ પેકેટ્સ કોર્પોરેટ કંપની, કીટી પાર્ટી માટે જાય છે. મારા ક્લાઇન્ટ ઓલ ઓવર મુંબઈમાં છે જેમાં સેલિબ્રિટી પણ આવી ગઈ.

હેતલ આગળ જણાવતા કહે છે કે, સારી વસ્તુ આપવી, માલમાં કોમ્પ્રોમાઇઝ કરવો નહિં. મારી સફળતા મારા પરિવારના સહયોગ વગર અધૂરી હતી. તેમના સાથ સાથે જ હું આટલું બધું નવું કરી શકી છું. હેતલ તેની વાત પૂરી કરતા જણાવે છે કે, તમને જે ગમે છે તે કરતા રહો. તમારી નક્કી કરેલી દિશામાં આગળ વધતા જ રહો અને તમને જરૂરથી સફળતા મળશે. ■

feedback@bombaysamachar.com

ફોકસ

રશ્મિ શુકલ

# ગરમી હાય તોબા!



**બળબળતો** ઉનાળો શરૂ થતાં જ આપણે અકળાઈ જઈએ છીએ. ઉનાળાનો તીવ્ર તડકો અને હિટ વેવ આંખો માટે હાનિકારક હોઈ શકે છે. હિટ વેવ દરમિયાન આંખોનું રક્ષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હિટ વેવ આંખોને વધુ નુકસાન પહોંચાડી શકે છે, જાણો તેનાથી બચવાના ઉપાયો શું છે...

ઉનાળાની ઋતુ શરૂ થતાં જ દેશના ઘણા ભાગોમાં તાપમાન ઝડપથી વધવા લાગે છે. આ સમય દરમિયાન ગરમીની લહેર ફક્ત શરીરને જ નહીં, પણ આંખોને પણ દઝાડે છે. નિષ્ણાતોના મતે વધુ પડતી ગરમી અને તીવ્ર સૂર્યપ્રકાશ આંખો માટે અત્યંત હાનિકારક હોઈ શકે છે. જો કાળજી ન લેવામાં આવે તો આંખોમાં બળતરા, શુષ્કતા અને લાલાશ પણ થઈ શકે છે.

## આંખો પર હિટ વેવની અસર

હિટ વેવ દરમિયાન તાપમાન સામાન્ય કરતાં ઘણું વધારે વધી જાય છે. ગરમ પવન અને તીવ્ર સૂર્યપ્રકાશ આંખોમાં ભેજને ઝડપથી સૂકવી નાખે છે. જેના કારણે આંખો સૂકી થઈ જાય છે. જ્યારે આંખોમાં ભેજનો અભાવ હોય છે, ત્યારે બળતરા, ખંજવાળ અને ડંખ જેવી સમસ્યાઓ શરૂ થાય છે. આ ઉપરાંત તીવ્ર સૂર્યપ્રકાશમાં રહેલાં અલ્ટ્રાવાયોલેટ કિરણો આંખોને સીધું નુકસાન પહોંચાડી શકે છે. લાંબા સમય સુધી તડકામાં રહેવાથી કોર્નિયા બળી શકે છે, જેને ફોટોકેરાટાઇટિસ કહેવાય છે. આ એક પીડાદાયક સ્થિતિ છે જેમાં આંખોમાં તીવ્ર બળતરા થાય છે અને પ્રકાશ સહન ન કરી શકવા જેવી સમસ્યાઓ થાય છે.

**હિટ વેવથી કોને વધુ જોખમ છે**

હિટ વેવ દરમિયાન વૃદ્ધો, બાળકો અને પહેલાથી જ આંખોની સમસ્યાઓથી પીડાતા લોકો વધુ પ્રભાવિત થઈ શકે છે. આ ઉપરાંત જે લોકો લાંબા સમય સુધી બહાર રહે છે અથવા ખુલ્લામાં કામ કરે છે તેમની આંખો પર તેની વધુ અસર પડે છે.

## હિટ વેવથી આંખને બચાવવાના ઉપાયો

**સનગ્લાસ પહેરો** - સારી ગુણવત્તાવાળા યુવી પ્રોટેક્શન સનગ્લાસ પહેરવાની સલાહ આપવામાં આવે છે. આ યુવી કિરણોથી રક્ષણ આપશે.

**તડકામાં બહાર જવાનું ટાળો**- જ્યારે સૂર્ય સૌથી વધુ પ્રખર હોય છે, એટલે કે બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે, તમારે બહાર જવાનું ટાળવું જોઈએ.

**આંખ ધોતા રહો** - હિટ વેવથી તમારી આંખોને બચાવવા માટે, તમારે દિવસમાં ૨-૩ વખત ઠંડા પાણીથી તમારી આંખો ધોવી જોઈએ. આનાથી તમને તાજગી પણ મળશે.

**હાઇડ્રેટેડ રહો** - શરીરમાં પાણીની ઊણપથી આંખો પણ સૂકી થઈ જાય છે, તેથી ઉનાળામાં દરરોજ ૬ લિટર સુધી પાણી પીવું જોઈએ.

જો તમને તમારી આંખોમાં કોઈ સમસ્યા હોય તો - આંખનાં ટીપાંનો ઉપયોગ કરો. તેથી તમારે તાત્કાલિક ડોક્ટર પાસે જવું જોઈએ અને આંખના ટીપાં લેવા જોઈએ.

ઉનાળાનો તીવ્ર સૂર્ય અને હિટ વેવ આંખો માટે હાનિકારક હોઈ શકે છે. થોડી સાવધાની અને યોગ્ય કાળજીથી આંખોનું રક્ષણ કરી શકાય છે. જો કોઈને આંખોમાં અતિશય બળતરા, લાલાશ અથવા દુખાવો લાગે, તો તાત્કાલિક આંખના નિષ્ણાતનો સંપર્ક કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સ્વાસ્થ્ય માટે સર્વોત્તમ ગણાય છે દિવેલ- કૅસ્ટર ઑઈલ

**તાજેતરમાં** વડા પ્રધાન મોદીજીએ દેશવાસીઓને ભારતીય વસ્તુનો ઉપયોગ વધારવાની હાકલ કરી છે. વિદેશી વસ્તુનો ઉપયોગ દિવસે દિવસે ઘટાડવાની વાત તેમણે કરી હતી. ચાલો, આજે સ્વાસ્થ્ય માટે ઉત્તમ ગણાય તેવા દેશી ઓસડિયું ગણાંતા દિવેલ કે એરંડિયાના નામે ઓળખાતા તેલ વિશે જાણકારી મેળવીએ. દિવેલ કે દિવેલાના નામે જાણીતા તેલનો ઉપયોગ આયુર્વેદિક ઉપચારમાં લાંબા સમયથી થતો આવ્યો છે. દિવેલ તેલ 'દિવેલા' નામક વનસ્પતિના બીજમાંથી મળે છે. વૈજ્ઞાનિક નામ રિકિનસ કમ્યુનિસ તરીકે ઓળખાય છે. દિવેલાનો મોટો હિસ્સો ભારતમાં પાકે છે. દક્ષિણ અમેરિકા, આફ્રિકામાં પણ એરંડિયાની ખેતી મોટા પાયે થતી આવી છે. દિવેલાના પાન, બીજ, ડાળી, ફૂલ તથા તેમાંથી નીકળતું તેલ આરોગ્ય માટે સર્વોત્તમ ગણાય છે. તેલનો ઉપયોગ અનેક વ્યાધિમાં અકસીર ગણાય છે. ૨૦૨૨માં કરવામાં આવેલાં સંશોધન બાદ જાણવા મળ્યું છે કે દિવેલમાં મુખ્ય ઘટક રિસિનોલેઈક એસિડ હોય છે. આ એસિડ મૉઈશ્ચરાઈઝરના રૂપમાં કામ કરે છે. ત્વચાને પોષણ પ્રદાન કરે છે. પ્રાકૃતિક રેચક તરીકે અકસીર ઉપાય ગણાય છે. ભરાવદાર લાંબા કાળા વાળ આજના યુગમાં સ્વપ્ન સમાન છે. વાળમાં દિવેલ નાખવાથી તેલનું પોષણ યોગ્ય પ્રમાણમાં મળી રહે છે. ધીમે ધીમે વાળનો જથ્થો આપોઆપ વધવા લાગે છે.



ભારતમાં દિવેલનો ઉપયોગ દવાથી માંડીને વિવિધ ઉદ્યોગોમાં થાય છે. દિવેલમાં રહેલી ખાસ ચીકાશને કારણે રંગ-રસાયણ, એન્જિનના ઊંજણમાં થાય છે. વિવિધ ઔદ્યોગિક બનાવટો જેવી કે પ્લાસ્ટિક, સાબુ, છાપકામની શાહી, મીણ, રબર, સૌંદર્ય પ્રસાધન તથા દવામાં મોટા પાયે કરવામાં આવે છે. દિવેલના છોડના માવાનો ઉપયોગ હાર્ડબોર્ડ તથા ન્યૂઝપ્રિન્ટની બનાવટમાં કરવામાં આવે છે. દિવેલાના ખોળનો ઉપયોગ જમીનની ફળદ્રુપતા સુધારવા સેન્દ્રિય ખાતર તરીકે ઘણું જ ઉપયોગી છે. દિવેલાનું મૂળ વતન આફ્રિકા તથા ભારત માનવામાં આવે છે. ભારતના અખાદ્ય તેલીબિયાંના પાકોમાં દિવેલાનું સ્થાન પ્રથમ છે. દિવેલાની ખેતી દ્વારા સ્થાનિક જરૂરિયાત પૂર્ણ થયા બાદ તેની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. વળી દિવેલાની નિકાસ દ્વારા વર્ષે લગભગ ૭૦થી ૧૦૦ કરોડ રૂપિયાનું હૂંડિયામણ મળે છે.

દિવેલામાં વધુ ઉત્પાદન આપતી સંકર જાતો વિકસાવવામાં ગુજરાત ભારતમાં તથા વિશ્વમાં અગ્રેસર ગણાય છે. સંકર જાતો તથા ખેતી પદ્ધતિને અનુરૂપ ભલામણો અપનાવવાને કારણે રાજ્યની ઉત્પાદક્તા ૧૯૬૦-૬૫માં ફક્ત ૩૦૫ કિગ્રા હૅક્ટર હતી તે વધીને હાલમાં ૧૬૩૦ કિગ્રામ હૅક્ટર છે. જે દેશમાં સૌથી વધુ અને રાષ્ટ્રીય સરેરાશ કરતાં લગભગ અઢીગણી છે.

દિવેલાનો પાક પિયત તથા બિનપિયત બંને રીતે લેવામાં આવે છે. પિયત દ્વારા તેનું ઉત્પાદન બમણું કે તેથી પણ વધુ મેળવી શકાય છે. દિવેલા માટે એવું કહેવાય છે કે સામાન્ય રીતે ચોમાસાનો વરસાદ નિયમિત તથા સારો હોય તો વાવણી બાદ પ્રથમ પાણી ૭૦ થી ૭૫ દિવસે આપવું પડે છે. દિવેલના પાકની ખાસ વાત એટલે જ દિવેલાના પાકની બે હાર વચ્ચે એક હાર તલ તથા મગફળી જેવાં તેલીબિયાંનો પાક લેવામાં આવે છે. તો ક્યારેક મગ, ચોળા, અડદ જેવા કઠોળની ખેતી ખાસ કરવામાં આવે છે. જેથી બમણો પાક મેળવી શકાય.

અરે શું થયું ?... દિવેલ પીધા જેવું મોં શા માટે બનાવો છો? દિવેલ કે જેને અંગ્રેજીમાં કૅસ્ટર ઑઈલ કહેવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. એક વખત અજમાવી જોજો ફાયદો અવશ્ય જોવા મળશે. તેને ભારતના વિવિધ રાજ્યોમાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે.

જેમ કે સંસ્કૃતમાં ગન્ધર્વહસ્તક કે ચિત્રબીજ, હિન્દીમાં રેંડી કે ઍરંડી, મરાઠીમાં ઍરંડી કે ઍરંડ, બંગાળીમાં ભેરંડા, પંજાબીમાં અનેરૂ, તેલુગુમાં આમુડામુ કે ઍરંડમુ, તમિળમાં આમણક્કમ્, કન્નડમાં હરલુ, ગુજરાતીમાં દિવેલ કે ઍરંડિયા તરીકે જાણીતું છે.

## દિવેલના આરોગ્યવર્ધક લાભ

**કબજિયાતમાં ગુણકારી:** દિવેલનો ઉપયોગ મુખ્યત્ત્વે રેચક તરીકે કરવામાં આવે છે. દિવેલમાં સમાયેલાં રિસિનોલેઈક એસીડ આંતરડામાં ભળતાં પાચન પ્રક્રિયા સુધરે છે. લાંબા સમયથી કબજિયાતથી પિડાતી વ્યક્તિને જો ૧ ચમચી ગરમ પાણીમાં કે ચા સાથે દિવેલ પીવડાવવામાં આવે તો પેટ સરસ સાફ થઈ જાય છે. પ્રાકૃતિક હોવાની સાથે દોષ મુક્ત ગણાય છે. આજે બજારમાંથી કેમિકલ વાળી પેટ સાફની દવા ઉપર વધુ આધાર રાખવામાં આવે છે. માન્યું કે દિવેલની વાસ પસંદ ન હોવાથી તેને પીવું થોડું તકલીફ દાયક બની શકે. તેના ઉપાય રૂપે પરાઠા કે ભાખરીમાં મોણ તરીકે દિવેલનો ઉપયોગ કરી લેવો. ગરમાગરમ ભાખરી કે પરાઠાને બનાવીને ખવડાવવાથી તેના ગુણ શરીરને મળી રહે છે. પેટની તકલીફમાં ઝડપી રાહત મેળવી શકાય છે.

**ત્વચાને મુલાયમ બનાવવામાં ગુણકારી:** સામાન્ય રીતે શરીર ઉપર તેલની માલિશ બાળકોને ખાસ કરવામાં આવતી હોય છે. જ્યારે વયસ્ક વ્યક્તિ ભાગ્યે જ શરીરને તેલની માલિશ કરવાનું પસંદ કરે છે. પ્રસૂતિ બાદ માતા માટે ઘરે માલિશના નિષ્ણાત બહેનને બોલાવવામાં આવે છે. જે માલિશ માતાના શરીરને નવજીવન બક્ષે છે. દિવેલમાં ફેટી એસિડનું પ્રમાણ ભરપૂર હોય છે. વળી તેમાં મૉઈશ્ચરાઈઝિંગના ગુણો સમાયેલાં હોય છે. જે ત્વચામાં ભેજ જાળવી રાખવામાં મદદ કરે છે. ત્વચા ઉપર લગાવતાં પહેલાં તેમાં નાળિયેર, બદામ કે તલનું તેલ ભેળવવું. જેથી તેનો ઉપયોગ શરીર ઉપર ઘસવામાં સરળ બને છે.

**સાંધાના દુખાવામાં ગુણકારી:** એરંડિયાનું તેલ સાંધાના દુખાવામાં અત્યંત લાભદાયક ગણવામાં આવે છે. તેલની મસાજ કરવાથી સાંધાના દુખાવામાં રાહત મળે છે. દિવલેનો ઉપયોગ સાંધાના દર્દમાં કેટલો સફળ થયો તે માટે ખાસ સંશોધન કરવામાં આવ્યું છે. જેમાં ચાર સપ્તાહ સુધી ભાગ લેનારાં પ્રત્યેક સાંધાના દુખાવાના દર્દીને દિવસમાં ૩ વખત દિવેલના તેલની માલિશ કરવામાં આવી હતી. અધ્યયનના અંતમાં ૯૨ ટકા પ્રતિભાગીયોને સાંધાના દુખાવામાં આડઅસર વગર ઘણી રાહત થઈ હતી. દિવેલમાં ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણો સમાયેલાં હોય છે. જે માંસપેશીમાં થતાં દુખાવાને તથા સોજાને ઘટાડવામાં મદદ કરે છે.

**વાળને માટે ગુણકારી:** કેમિકલયુક્ત શૅમ્પૂનો વારંવાર ઉપયોગ કરવાને કારણે વાળ ખરવા લાગે છે. ક્યારેક વાળમાં ખોડો વધી જતો હોય છે. વાળની ચમક પાછી લાવવા માટે નાળિયેર તેલમાં દિવલે ઉમેરવું. ગરમ કરીને વાળમાં લગાવવાથી વાળ ઘટાદાર બનશે. નાની વયમાં સફેદ થતાં અટકે છે. કેમ કે દિવેલમાં જીવાણુ વિરોધી, ઍન્ટિફંગલ તથા સોજાવિરોધી ગુણો સમાયેલાં છે. જે વાળ તથા માથાની ત્વચાને ફંગલ સંક્રમણથી બચાવે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે:** દિવેલ પીવાથી શ્વેત રક્તકોશિકાઓની સંખ્યા વધતા લિમ્ફોસાઈટોંના ઉત્પાદનમાં વધારો થાય છે. જે ઍન્ટિ-બૉડીનું ઉત્પાદન વધારી શકે છે. વળી વાયરસ કે કૅન્સર કોશિકાઓને વધતી રોકવામાં દિવેલ ગુણકારી ગણાય છે.

**શરીરમાં લોહીનું પરિભ્રમણ વધારે છે:** દિવેલના ઉપયોગ દ્વારા શરીરમાં લોહીનું પરિભ્રમણ સુધરે છે. લિમ્ફોસાઈટોના ઉત્પાદનમાં વધારો કરે છે. લિમ્ફોસાઈટો શરીરમાંથી પ્રાકૃતિક રૂપે બૅક્ટેરિયાને નષ્ટ કરે છે. સાથે સાથે શરીરને ડિટોક્સીફાઈ કરી શકે છે. પાચન સંબંધિત સમસ્યામાં રાહત આપે છે. શરીરમાં લોહીનું પરિભ્રમણ સુધારવામાં મદદ કરે છે. શરીરની પ્રત્યેક કોશિકાઓને ઑક્સિજન પહોંચાડવામાં લાભકારક ગણાય છે.

દિવેલ કેટલી માત્રામાં લેવું જોઈએ? ૧૨ વર્ષનાં બાળકોને ૧ નાની ચમચી દિવેલ આપી શકાય છે. જ્યારે વયસ્ક વ્યક્તિ કબજિયાતની તકલીફમાં રાત્રે ૧ મોટી ચમચી લઈને સૂઈ જાય તો સવારના સ્વસ્થ થઈને ઊઠે છે. રાત્રે ના ફાવે તો નરણાં કોઠે દિવેલનો ઉપયોગ રેચક તરીકે કરી શકાય છે. ■



**શુદ્ધ દિવેલ ઘરે બનાવી શકાય છે. તેની રીત સરળ છે. ફક્ત થોડો સમય માગી લે છે. ચાલો તો જાણી લઈએ દિવેલ ઘરે બનાવવાની રીત:**

સામગ્રી : ૨ કપ દિવેલાના બીજ, ઉકાળવા માટે ૨ લિટર પાણી,

બનાવવાની રીત : સૌ પ્રથમ દિવેલના લીલા બીજને સૂકવી દેવાં. તેને લોખંડની કડાઈ કે માટીની કડાઈમાં શેકી લેવાં. શેકાઈ જાય ત્યારબાદ તેને ઠંડા કરીને વાટી લેવાં. વાટતી વખતે જ તેમાંથી તેલ બહાર નીકળવા લાગશે. હવે એક જાડા તળિયા વાળી કડાઈમાં ૨લિટર પાણી લેવું. તેમાં વાટેલાં બીજને ઉમેરીને ઉકાળવું. ૧૦ મિનિટ બાદ આપમેળે દિવેલ અલગ તરી આવશે. તેને સ્વચ્છ મુલાયમ કપડાંથી ગાળી લેવું. તાજા બનાવેલાં દિવેલનો ઉપયોગ સાંધાના દુખાવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. વળી વિવિધ વ્યાધિમાં સર્વોત્તમ ઈલાજ ગણાય છે. તાજું તથા શુદ્ધ દિવેલ ભારતની આયુર્વેદિક ચિકિત્સામાં લાભકારી ગણાય છે.

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# પ્રાણાયામ દરમિયાન વિશિષ્ટ પ્રકારના સંદેશ મગજ સુધી મોકલવામાં આવે છે

(ગતાંકથી ચાલુ)


**૧૧. પ્રાણાયામ વિષયક વૈજ્ઞાનિક સંશોધનઃ**

પ્રાણાયામ દ્વારા થતાં આંતરિક ફેરફારોને આધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા ચકાસવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. વળી આ વિષય અંગે બહુ વૈજ્ઞાનિક સંશોધન થયું પણ નથી. એટલું જ નહિ, એ પણ સમજી લેવું જોઈએ કે આધ્યાત્મિક ક્ષેત્રની ઘટનાઓ વિશે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય ખૂબ જ મર્યાદિત કક્ષાનું જ રહેવાનું. આમ છતાં પ્રાણાયામ વિશે જે કાંઈ વૈજ્ઞાનિક સંશોધન થયું છે, તે અહીં પ્રસ્તુત છે.

(૧) રેચક-પૂરકમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ધીમી પડે છે અને કુંભકમાં શ્વાસ બંધ રહે છે. પરિણામે દેખીતું જ છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ જમા થવાનું પ્રમાણ વધે છે. હવે એ એક હકીકત છે કે કાર્બન ડાયોક્સાઈડ મગજના રક્તાભિસરણ માટે ઉત્તમ ઉત્તેજક છે. મગજના રક્તાભિસરણમાં સુધારો થવાથી મગજના સ્વસ્થ્યમાં ખૂબ સુધારો થાય છે. શરીરની ઐચ્છિક અને અનૈચ્છિક ક્રિયાઓને નિયંત્રિત કરતાં મગજના કેન્દ્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. પરિણામે સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર તેની અનુકૂળ અસર થાય છે.

(૨) કાર્બન ડાયોક્સાઈડનો સંચય મગજ માટે ઉત્તમ પ્રશાંતકનું કાર્ય કરે છે. તેનાથી માનસિક શાંતિ માટેની અનુકૂળ પરિસ્થિતિ તૈયાર થાય છે.

(૩) પ્રાણાયામ દરમિયાન શરીરને મળતાં ઑક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય છે, પરંતુ આ ઘટાડો એટલો ધીમો ધીમો થાય છે કે શરીર આ નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી લે છે. એટલે જો પ્રાણાયામનો અભ્યાસ લાંબા સમય સુધી કરવામાં આવે તો શરીરમાં ઓછા ઑક્સિજનથી કામ ચલાવવાની અને પ્રાપ્ત ઑક્સિજનનો કાર્યક્ષમ ઉપયોગ



કરવાની એક વિશેષ શક્તિ પેદા થાય છે. આ બહુ મહત્ત્વનો, મૂલ્યવાન અને મૂલગામી સુધારો છે.

અહીં એ નોંધવું પણ ઉપયોગી થશે કે અંતરંગયોગના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ ખૂબ ઘટી જાય છે અને ક્વચિત બંધ પણ પડી જાય છે. જો પ્રાણાયામના અભ્યાસથી શરીર ઉપરોક્ત રીતે તૈયાર ન થયું હોય તો તેના પર વિપરીત અસર થવાનો પૂરો સંભવ છે. એથી ઊલટું પ્રાણાયામના અભ્યાસથી શરીર ઓછા ઑક્સિજનથી ચલાવી લેવા માટે તૈયાર થયું હોય તો તે આ મુશ્કેલીથી બચી જાય છે.

(૪) શરીરના ભિન્ન ભિન્ન તંત્રોમાં જ્ઞાનતંત્ર એક એવું તંત્ર છે કે જે વ્યક્તિની માનસિક ક્રિયાઓ સાથે સૌથી વધુ સંબંધ ધરાવે છે. પરિણામે મનઃસ્વાસ્થ્ય અને આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાનતંત્રની કેળવણી બહુ મૂલ્યવાન અને આવશ્યક છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ સર્વોત્તમ સાધન છે, એમ જરા પણ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે. આ વિશેની કેટલીક હકીકતો આપણે જોઈ ગયા છીએ. થોડી વધુ વિગતો અહીં જોઈએ:

(I) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસની આપલે ખૂબ ધીમે ધીમે થાય છે અને કુંભકમાં તો શ્વાસ બંધ પડી જાય છે. આમ બનવાથી પ્રાણાયામ દરમિયાન સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં કાંઈક વિશિષ્ટ પ્રકારના સંદેશાઓ શ્વસનતંત્રનાં અવયવોમાંથી મગજ સુધી મોકલવામાં આવે છે. વળી મગજ તરફથી થતી પ્રતિક્રિયાનું સ્વરૂપ પણ સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં પ્રાણાયામમાં તદ્દન જુદું જ હોય છે. પ્રાણાયામના અભ્યાસ દરમિયાન જ્ઞાનતંત્રની આ વિશિષ્ટ અને નવી રીતની ક્રિયાપ્રતિક્રિયા સતત થયા જ કરે છે. પરિણામે પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી જ્ઞાનતંત્રની કાર્યપ્રણાલિનું નવસંસ્કરણ થાય છે. આ નવસંસ્કરણ (Reconditioning)ની અસર વ્યક્તિના માનસિક બંધારણ પર સાનુકૂળ સ્વરૂપે થાય છે. તેમ થવાથી આધ્યાત્મિક વિકાસમાં સહાય મળે છે.

(II) શ્વાસોચ્છ્વાસની ક્રિયા અર્ધ ઐચ્છિક અને અર્ધ અનૈચ્છિક છે. પ્રાણાયામમાં આપણે આ ક્રિયા વધુ ને વધુ ઐચ્છિક બનાવી રહ્યા છીએ. આમ થવાથી પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી અનૈચ્છિક જ્ઞાનતંત્ર પર ઐચ્છિક જ્ઞાનતંત્રનું આધિપત્ય વધે છે.

જ્ઞાનતંત્રની કાર્યપદ્ધતિના નવસંસ્કરણથી વ્યક્તિના સાંવેગિક જીવનને વધુ સ્વસ્થ બનાવવામાં સહાય મળે છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# શરીરની આ કેટલીક તકલીફ વિશે પણ જાણી લો...



અત્યાર સુધી આ કોલમમાં આપણા શરીરેને પજવતા અમુક રોગ અને બીમારીઓ વિશે શક્ય હોય એટલા વિસ્તારથી- સચોટતાથી જાણવાનો પ્રયાસ કર્યો છે. એને નિવારવા દૂર કરવાના ઉપચાર ઉપાય વિશે પણ જાણ્યું. આમ છતાં આપણને રોજિંદા જીવનમાં પજવતી કેટલીક તકલીફો પણ હોય છે. ઉદાહરણ તરીકે.....

શરીરનું વજન ઘટાડવા-વધારવા માટે લોકો અનેક લોભામણી જાહેરાતોના માધ્યમે કાંઈ પણ વિચાર્યા વિના અનેક બિનજરૂરી દવાઓ અને ઉટપટાંગ પદ્ધતિઓનો આશરો લઈ સમય- પૈસા અને શરીરનો વ્યર્થ બગાડ કરતા હોય છે. આવી તકલીફો દૂર કરવા ઘરગથ્થુ ઉપચારો પણ આપણે જાણવા જોઈએ,જેમકે .....

### વજન ઘટાડવા-વધારવાના ઉપાય

આજકાલ લોકો વજન ઘટાડવા કે વધારવાના અનેક ઉપાય અખતરા કરતા હોય છે, પરંતુ તે ઉપાયો કરતાં પહેલાં પોતાનું વજન કેટલું હોવું જોઈએ તે જાણવું આવશ્યક છે.

આધુનિક વિજ્ઞાને પોતાની ઊંચાઈના આધારે શરીરનું માપસરનું વજન કેટલું હોવું જોઈએ તેની ફોર્મ્યુલા નક્કી કરી છે, જેને B. M. I. ( Body Mass Index ) કહે છે.

$$\text{B.M.I.} = \frac{\text{વજન (કિલો)}}{\left\{\frac{\text{ઊંચાઈ (સે.મી)}}{૧૦૦}\right\}^{૨}}$$

**BMI શું સૂચવે છે?**

| ઓછું વજન | માપસરનું વજન | વધુ વજન | સ્થૂળપણું |
|---|---|---|---|
| ૧૮.૫થી ઓછું | ૧૮.૫થી ૨૪.૯ | ૨૫થી ૨૯.૯ | ૩૦થી ૩૪.૯ |

ઉપરોક્ત ફોર્મ્યુલા મુજબ BMI શું સૂચવે છે તે જાણ્યા પછી સહજ એવા પ્રશ્ન થાય કે પોતાનું માપસરનું વજન કેટલું હોવું જોઈએ? તેના બે દૃષ્ટાંત અહીં આપેલા છે.

**ખરેખર કેટલું વજન હોવું જોઈએ?**

| વ્યક્તિ | વજન (કિલો) | ઊંચાઈ (ઈંચ) | B.M.I. | લઘુતમ વજન | મહત્તમ વજન |
|---|---|---|---|---|---|
| ૧ | ૭૧ | ૬૪ | ૨૬.૯ | ૫૦ | ૬૬ |
| ૨ | ૪૭ | ૬૮ | ૧૫.૭ | ૫૬ | ૭૫ |

ઉપરોકત ટેબલ પ્રમાણે ૧ નંબરની વ્યક્તિના B.M.I. મુજબ એમનું વજન વધુ છે. માટે એમનું વધુમાં વધુ વજન આ ફોર્મ્યુલા મુજબ

$$\text{વજન} = ૨૪.૯ \times \left\{\frac{\text{(ઊંચાઈ (સે.મી.)}}{૧૦૦}\right\}^{૨}$$

૬૬ કિલો હોવું જોઈએ. અને ઓછામાં ઓછું વજન આ ફોર્મ્યુલા મુજબ

$$\text{વજન} = ૧૮.૫ \times \left\{\frac{\text{(ઊંચાઈ (સે.મી.)}}{૧૦૦}\right\}^{૨}$$

૫૦ કિલો હોવું જોઈએ.

આ રીતે જ ૨ નંબરની વ્યક્તિના વજનની ગણતરી ઉપરોક્ત ટેબલમાં કરેલ છે. આમ દરેક વ્યક્તિ ઉપર જણાવેલ ફોર્મ્યુલા મુજબ પોતાનું માપસર વજન કેટલું હોવું જોઈએ, તેની ગણતરી કરી શકે છે. આ રીતે પોતાનું વજન વધુ છે કે ઓછું, તે જાણ્યા બાદ તેના ઉપચારો જાણવા પણ આવશ્યક છે. જે નીચે દર્શાવેલ છે.

### વજન ઘટાડવા

૧) સાદા કે માટલાના પાણીમાં મધ મેળવી સવારે નિયમિત પીવાથી સરેરાશ ૩ માસમાં વજનમાં ઘણો ઘટાડો થાય છે.
૨) પાકાં લીંબુનો રસ ૨૦ ગ્રામ તથા ૨૫ ગ્રામ મધ લઈ સહેજ ગરમ પાણીમાં મેળવી, જમ્યા બાદ તરત પીવાથી ૧-૨ મહિનામાં જાડાપણું મટે છે.
૩) તુલસીના પાન એકલા કે છાશમાં ખાવાથી વજન ઘટે છે અને શરીરમાંથી ચરબી ઓછી થાય છે.
૪) ૪ ગ્રામ તજનો પાઉડર ૨ ચમચી મધમાં સવાર-સાંજ ચાટવો.
૫) મેથી, કાળીજીરી, સૂંઠ અને વાવડિંગ સમભાગે લઈ તેનું ચૂર્ણ ૧-૧ ચમચી ગરમ પાણીમાં સવાર-સાંજ લેવું.

### વજન વધારવા

૧) રોજ સવાર-સાંજ ૧ કપ દૂધમાં ૧ ચમચી અશ્વગંધા, ૧ ચમચી ખાંડ અને ૧ ચમચી ઘી ભેગું કરીને લેવું.
૨) રોજ સવારે મહિના સુધી ૧ મુઠ્ઠી કાળા તલ ખૂબ જ ચાવીને જમવા.
૩) ખજૂર સાથે દૂધ પીવાથી લોહી શુદ્ધ થાય છે અને વજન વધે છે.
૪) આમળાના તાજા રસમાં સાકર ભેળવી રોજ સવારે પીવાથી લોહી શુદ્ધ બને છે ને વજન વધે છે.
૫) રાત્રે ભેંસના દૂધમાં આખા ચણા પલાળી રાખી સવારે ચાવીને ખાવાથી શક્તિ અને વજન વધે છે.
૬) ૧૦૦ ગ્રામ ખજૂર અને ૫૦ ગ્રામ સૂકી દ્રાક્ષ દરરોજ ખાવાથી સુકલકડી શરીરમાં નવું લોહી પેદા થાય છે અને ખૂબ ફાયદો થાય છે.
૭) ૨ પાકાં કેળાંમાં ઘી, સાકર અને એલચી નાખીને રોટલી સાથે રોજ ખાવા.
૮) વધુ તેલમાં અજમાનો વઘાર કરી બનાવેલ ચોળાનું શાક રોટલી કે ભાખરી સાથે રોજ ખાવું.
૯) અડદની દાળને ભાખરી કે રોટલી સાથે ખાવાથી વજન વધે છે.
૧૦)રોજ સવાર-સાંજ ગરમ દૂધમાં ખારેક, અશ્વગંધા, બદામ અને શતાવરીનું ચૂર્ણ, આ દરેક ૫-૫ ગ્રામ નાખીને લેવું.



### સ્વપ્નદોષ ઘટાડવાના ઉપચાર

- ૧-૧ ચમચી સૂકા ધાણાનું ચૂર્ણ તથા દળેલી ખાંડ ભેળા કરીને પાણી સાથે સવારે અને રાત્રે લેવા. ત્યારબાદ૧ગ્લાસ ગળ્યું દૂધ પીવું.
- બીલીપત્રના ૧૦થી ૫૦ મિ.લી. રસમાં ૨થી ૧૦ ગ્રામ મધ નાખીને પીવું.
- ૫ ગ્રામ જાંબુના ઠળિયાનું ચૂર્ણ સવાર-સાંજ પાણી સાથે લેવું.
- પાકાં બે કેળાને મસળીને તેમાં લીલા આંબળાનો રસ અને મધ ૧૦-૧૦ ગ્રામ મેળવીને સવાર-સાંજ ખાવા.
- આંબળાનું ચૂર્ણ અને દળેલી સાકર સરખા પ્રમાણમાં મેળવીને રાત્રે ભોજન બાદ પાણી સાથે લેવું.
- ૧ ગ્રામ ગળોસત્વ, ૨ ચપટી ફૂલાવેલી ફટકડી, ૧ ચમચી સાકર, ઘી કે પાણી સાથે લેવું.
- રોજ રાત્રે સૂતા પહેલા ૨ ગ્રામ હરડે ને ૨ ગ્રામ સાકર સાથે ખાવા.
- રાત્રે મોંડેથી દૂધ કે પાણી ન પીવાથી સ્વપ્નદોષમાં ફાયદો થાય છે. ■




# આજે અમદાવાદમાં પંજાબ-બેંગલૂરુની ફાઈનલઃ આઈપીએલને મળશે નવો ચેમ્પિયન

## મુંબઈ સામે શ્રેયસની કેપ્ટન્સ ઈનિંગ્સઃ વૉર્નર પછીનો બીજો સફળ સુકાની

અમદાવાદઃ આજે (સાંજે ૭ઃ૩૦ વાગ્યાથી) પંજાબ અને બેંગલૂરુ વચ્ચે અમદાવાદમાં આઈપીએલની ૧૮મી સીઝનની ફાઇનલ રમાશે અને એ સાથે આઇપીએલને નવો ચેમ્પિયન મળશે. ૨૦૨૨ની સાલમાં આઇપીએલને ગુજરાત ટાઇટન્સના રૂપમાં નવો વિજેતા મળ્યો હતો.

રવિવારની જેમ આજે મેઘરાજા પરેશાન નહીં કરે એવી કરોડો ક્રિકેટ પ્રેમીઓ આશા રાખશે.

શ્રેયસ ઐયર (૮૭ અણનમ, ૪૧ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર)ની ધમાકેદાર અને યાદગાર કેપ્ટન્સ ઇનિંગ્સે પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ને રવિવારની મધરાત બાદ દોઢ વાગ્યે આઈપીએલની ફાઇનલમાં પહોંચાડી દીધું હતું. પહેલી જૂને શરૂ થયેલી મેચ બીજી જૂને પૂરી થઈ હતી. શ્રેયસના અણનમ ૮૭ રન પ્લે-ઑફની મેચમાં કેપ્ટને નોંધાવેલા વ્યક્તિગત સ્કોર્સમાં બીજા નંબરે છે. ડેવિડ વૉર્નર (૨૦૧૬માં ગુજરાત લાયન્સ સામે અણનમ ૯૩ રન) આ લિસ્ટમાં પહેલા નંબર પર છે.

પંજાબ બીજી વખત ફાઈનલમાં આવ્યું છે.

પંજાબે ક્વૉલિફાયર-ટૂના રોમાંચક મુકાબલામાં મુંબઈ ઈન્ડિયન્સ (એમઆઈ)ને છ બૉલ અને પાંચ વિકેટ બાકી રાખીને હરાવવાની સાથે ફાઇનલમાં શાનથી પ્રવેશ કર્યો હતો.

વરસાદના શરૂઆતના સવાબે કલાકના વિઘ્ન બાદ મુંબઈએ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૩ રન કર્યા હતા. પંજાબે જવાબમાં ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રન કરીને વિજય મેળવ્યો હતો. મૅન ઑફ ધ મૅચ શ્રેયસના અણનમ ૮૭ ઉપરાંત ચોક્કા અને છગ્ગાની આતશબાજીથી નેહલ વઢેરાએ ૪૮ રન તથા વિકેટકીપર જોશ ઇંગ્લિસે ૩૮ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

મુંબઈ વતી અશ્વની કુમારે બે તેમ જ બોલ્ટ અને હાર્દિકે એક-એક વિકેટ લીધી હતી.

આજે પંજાબ કે બેંગલૂરુને પહેલી વાર ટ્રોફી જીતવા મળશે. પંજાબની ટીમ ૧૧ વર્ષે પ્લે-ઑફમાં પહોંચી અને રવિવારે ફાઇનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ચોથી વાર ફાઇનલમાં પહોંચેલા બેંગલૂરુની ટીમ ત્રણ દિવસ પહેલાં જ અમદાવાદ પહોંચી ગઈ હતી. હવે ફાઈનલમાં શ્રેયસ અને વિરાટ કોહલી વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જામશે.

### મુંબઈ પહેલી વાર ૨૦૦-પ્લસ ડિફેન્ડ ન કરી શક્યું

મુંબઈની ટીમ ઈતિહાસમાં પહેલી વાર ૨૦૦-પ્લસનું પોતાનું ટોટલ ડિફેન્ડ કરવામાં નિષ્ફળ રહી. આ પહેલાં મુંબઈએ ૧૮ વખત ૨૦૦-પ્લસનો ટાર્ગેટ આપ્યા પછી વિજય મેળવ્યો હતો.

બીજી તરફ, પંજાબે એક આઇપીએલ સીઝનમાં સૌથી વધુ આઠ વખત ૨૦૦-પ્લસનો સ્કોર નોંધાવવાના ગુજરાત ટાઇટન્સના વિક્રમની બરાબરી કરી છે.

### શ્રેયસની ફાઈનલ પહેલાં જ સિદ્ધિ

શ્રેયસ એવો પહેલો કેપ્ટન છે જે ત્રણ ટીમને ફાઇનલમાં લઈ ગયો. પહેલાં તેણે દિલ્હી કેપિટલ્સને, ત્યાર બાદ કોલકાતા નાઈટ રાઈડર્સને અને હવે પંજાબ કિંગ્સને ફાઇનલમાં પહોંચાડ્યું છે. એમાં પણ, કોલકાતાને તેણે ૨૦૨૪ની સીઝનમાં ટ્રોફી અપાવી હતી.

### શ્રેયસે કહ્યું હતું, 'હજી અમે યુદ્ધ નથી હાર્યા'

શ્રેયસે બેંગલૂરુ સામેની ક્વૉલિફાયર-વન હાર્યા પછી કહ્યું હતું કે 'અમે જંગ હાર્યા છીએ, યુદ્ધ નહીં.' તેણે આ પડકાર મનમાં ભરી રાખીને મુંબઈની ટીમને પછાડ્યા બાદ હવે ફરી બેંગલૂરુ સાથે ફરી ભીડવાની તૈયારી કરી લીધી છે.

હવે શ્રેયસ જબરદસ્ત જોશ અને જુસ્સા સાથે જીત્યો હોવાથી બેંગલૂરુની ટીમ મંગળવારની ફાઇનલ માટે નવેસરથી વ્યૂહરચના ઘડશે.

### શ્રેયસે ૨૬.૭૫ કરોડ રૂપિયા વસૂલ કરી આપ્યા

પંજાબના ફ્રેન્ચાઇઝીએ શ્રેયસને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે અને તેણે ટીમને ફાઇનલમાં પહોંચાડીને એ પૈસા વસૂલ કરી આપ્યા છે.

### બુમરાહના ત્રણ યૉર્કરનો શ્રેયસે આપ્યો જવાબ

શ્રેયસે બુમરાહના ત્રણ ખતરનાક યૉર્કરમાં હળવેકથી બૉલને સ્ટમ્પ્સની પાછળની દિશા બતાવીને બૉલ બાઉન્ડરી લાઇનની બહાર મોકલીને ત્રણેય યૉર્કરનો કચરો કરી નાખ્યો હતો.

### બોલ્ટે કેચ છોડ્યો, હાર્દિકની મોટી ભૂલઃ મુંબઈની હાર નક્કી થઈ

મુંબઈના ટ્રેન્ટ બોલ્ટે કટોકટીના સમયે નેહલ વઢેરાનો કેચ છોડ્યો અને નવા બોલર રીસ ટોપ્લીની એક ઓવરમાં ત્રણ સિક્સર ગઈ એ બે ટર્નિંગ પોઇન્ટ પંજાબની ફેવરમાં રહ્યા હતા.

હાર્દિકે ૧૯મી અત્યંત મહત્વની ઓવરમાં પોતે બોલિંગમાં આવવાને બદલે અશ્વની કુમાર જેવા બિન અનુભવી બોલરને ઓવર આપીને ભૂલ કરી હતી. શ્રેયસે એ ઓવરમાં ચાર છગ્ગા ફટકારીને ખેલ ખતમ કરી નાખ્યો હતો. અશ્વનીની એ ખર્ચાળ ઓવરમાં ૨૬ રન થયા હતા.

### શ્રેયસની સીઝનની છઠ્ઠી હાફ સેન્ચુરી સૌથી ધમાકેદાર

૨૦૨૪માં કોલકત્તા નાઈટ રાઈડર્સને ટ્રોફી અપાવનાર પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયરે આ સીઝનની છઠ્ઠી હાફ સેન્ચુરી ફટકારી હતી. તેણે પ્રથમ ફિફ્ટી આ જ મેદાન પર ગુજરાત ટાઇટન્સ સામે નોંધાવ્યા હતા અને હવે મુંબઈ સામે ફક્ત ૨૮ બોલમાં હાફ સેન્ચુરી ફટકારી. તેની સામે એક પછી એક વિકેટ પડતી ગઈ પણ તે ક્રીઝમાં અડીખમ ઊભો રહ્યો હતો.

### તિલક, સૂર્યાના ૪૪-૪૪ રન પાણીમાં

એ પહેલાં, મુંબઈની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૩ રન બનાવીને પંજાબને ૨૦૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપવામાં સફળ થઈ હતી. તિલક વર્મા (૪૪ રન, ૨૯ બૉલ, ૨ સિક્સર, ૨ ફોર) અને સૂર્યકુમાર યાદવ (૪૪ રન, ૨૬ બૉલ, ૩ સિક્સર, ૪ ફોર) મુંબઈના ટૉપ-સ્કોરર હતા. ૨૦૦-પ્લસ રનમાં નમન ધીર (૩૭ રન, ૧૮ બૉલ, ૭ ફોર)નું પણ સારું યોગદાન હતું.

પંજાબની ટીમ વતી ઓમરઝાઈએ સૌથી વધુ બે વિકેટ તેમ જ વૈશાક, જેમીસન, ચહલ અને સ્ટોઇનિસે એક-એક વિકેટ લીધી હતી. ■

# ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલની વન-ડેમા સંન્યાસની જાહેરાત, હવે ટી-૨૦ પર આપશે ધ્યાન



મેલબર્નઃ ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય વન-ડે ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી. જોકે તે આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં રમવાનું ચાલુ રાખશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે તેણે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારી માટે વન-ડે ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

મેક્સવેલની વન-ડે કારકિર્દી ૨૦૧૨માં શરૂ થઈ હતી. મેક્સવેલે ૧૪૯ વન-ડેમાં કુલ ૩૯૯૦ રન ફટકાર્યા હતા અને ૭૭ વિકેટ લીધી છે. તે ૨૦૧૫ અને ૨૦૨૩ વર્લ્ડ કપ વિજેતા ટીમનો પણ ભાગ હતો. મેક્સવેલના નામે આ ફોર્મેટમાં ચાર સદી અને ૨૩ અડધી સદી છે.

૩૬ વર્ષીય ખેલાડીએ ૨૦૨૩ વર્લ્ડ કપ દરમિયાન અફઘાનિસ્તાન સામે ૨૦૧ રનની અણનમ ઇનિંગ રમી. તે આ ફોર્મેટમાં તેની કારકિર્દીની શ્રેષ્ઠ ઇનિંગમાંની એક હતી. તેણે ચાર વખત એક ઇનિંગમાં ચાર વિકેટ લીધી હતી. આ ફોર્મેટમાં તેના નામે ૯૧ કેચ છે.

નિવૃત્તિ લેવાના નિર્ણય વિશે વાત કરતા મેક્સવેલે કહ્યું હતું કે- 'મને યાદ છે કે શરૂઆતમાં મને સમય પહેલા અને અણધારી રીતે પસંદ કરવામાં આવ્યો હતો. મને ઓસ્ટ્રેલિયા માટે કેટલીક મેચો રમવાનો ગર્વ છે. મેં વિચાર્યું હતું કે હું પણ આવું જ કરીશ. ત્યારથી હું ઉતાર-ચઢાવમાંથી પસાર થયો છું, જેમ કે ટીમમાંથી બહાર રહેવું, પાછા આવવું, કેટલાક વર્લ્ડ કપમાં રમવું અને કેટલીક મહાન ટીમોનો ભાગ બનવું.'

મેક્સવેલ છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીમાં આ ફોર્મેટમાં રમતા જોવા મળ્યો હતો. આ સમય દરમિયાન તે કંઈ ખાસ કરી શક્યો ન હતો. ઈજાને કારણે તે થોડી મેચો પછી આઇપીએલ ૨૦૨૫માંથી પણ બહાર થઈ ગયો હતો. ફાઇનલ વર્ડ પોડકાસ્ટ સાથે વાત કરતા જમણા હાથના બેટ્સમેને કહ્યું હતું કે- 'મને લાગ્યું કે હું ટીમને થોડો નિરાશ કરી રહ્યો છું કારણ કે શરીર પરિસ્થિતિઓ અનુસાર પ્રતિક્રિયા આપી રહ્યું છે. મેં (પસંદગી સમિતિ) જ્યોર્જ બેઈલી સાથે સારી વાતચીત કરી અને તેમને પૂછ્યું કે ભવિષ્ય વિશે તેમના વિચારો શું છે? અમે ૨૦૨૭ના વર્લ્ડ કપ વિશે વાત કરી અને મેં તેમને કહ્યું, મને નથી લાગતું કે હું તે કરી શકીશ, હવે સમય આવી ગયો છે કે હું મારી ટીમના લોકો માટે આયોજન શરૂ કરું જેથી તેઓ તેમાં સામેલ થઇ શકે.' ■

# ટેસ્ટ બાદ વન-ડે અને ટી-૨૦માંથી સાઉથ આફ્રિકાના બેટ્સમેન હેનરિક ક્લાસેને લીધી નિવૃત્તિ



જહોનિસબર્ગઃ દક્ષિણ આફ્રિકાના સ્ટાર વિકેટકીપર બેટ્સમેન હેનરિક ક્લાસેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા હતા. ૩૩ વર્ષીય ખેલાડીએ સોશિયલ મીડિયા પર પોતાના નિર્ણયની જાણકારી આપી હતી. તેણે કહ્યું કે તે તેના પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. નોંધનીય છે કે ક્લાસેને ગયા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. હવે તેણે વન-ડે અને ટી-૨૦માંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

જમણા હાથના બેટ્સમેને ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે - 'આ મારા માટે દુઃખદ દિવસ છે કારણ કે હું જાહેરાત કરું છું કે મેં આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. મારા અને મારા પરિવારના ભવિષ્ય માટે શું શ્રેષ્ઠ છે તે નક્કી કરવામાં મને ઘણો સમય લાગ્યો. તે ખરેખર ખૂબ જ મુશ્કેલ નિર્ણય હતો પરંતુ હું આ નિર્ણયથી સંપૂર્ણપણે સંતુષ્ટ છું.'

હેનરિક ક્લાસેને ત્રણેય ફોર્મેટમાં દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણે ચાર ટેસ્ટ, ૬૦ વન-ડે અને ૫૮ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. જેમાં તેણે અનુક્રમે ૧૦૪, ૨૧૪૧ અને ૧૦૦૦ રન કર્યા હતા. ક્લાસેન છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમતો જોવા મળ્યો હતો. આ દરમિયાન તેણે ફક્ત બે મેચ રમી અને ૬૭ રન કર્યા હતા.

ક્લાસેન આગળ લખ્યું હતું કે- 'પહેલા દિવસથી મારા દેશનું પ્રતિનિધિત્વ કરવું એ મારા માટે સૌથી મોટું સન્માન હતું અને તે બધું હતું જેના માટે મેં યુવા તરીકે કામ કર્યું હતું અને જેનું સ્વપ્ન જોયું હતું. નોંધનીય છે કે ક્લાસેન તાજેતરમાં આઇપીએલ ૨૦૨૫માં રમતા જોવા મળ્યો હતો. તે સનરાઇઝર્સ હૈદરાબાદનો ભાગ છે. આ સીઝનમાં તેણે કુલ ૧૪ મેચ રમી હતી અને એક સદી અને એક અડધી સદીની મદદથી ૪૮૭ રન કર્યા હતા. તેનો શ્રેષ્ઠ સ્કોર અણનમ ૧૦૫ રન હતો. જે તેણે ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઇડર્સ સામે કર્યો હતો.' ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬ઃ૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જામા | CARE |
| ધામા | WOMAN |
| તમા | MONK |
| લામા | OVERCOAT |
| વામા | STAY |

## ઓળખાણ પડી?



નવરાત્રીમાં માતાજીના સ્થાપન પાસે વગાડવામાં આવતા આ વિશિષ્ટ વાદ્યની ઓળખાણ પડી? ભૂવાઓ પણ ઉપયોગ કરતા હતા.

અ) મૃદંગ બ) ડફણાં ક) તુતારી ડ) ડાકલા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લા | ૨ ગ | લા | ૩ ગ | ૪ ટ | | ૫ અ | ૬ ધિ | કા | ૭ ર |
| ૮ વા | વા | | ૯ મા | ન | ૧૦ વ | | ક્કા | | મ |
| ૧૧ ર | ક્ષ | ણ | | | ૧૨ સું | દ | ર | | ત |
| સ | | | ૧૩ અ | વ | ધ | | ૧૪ ક | ૧૫ મા | વા |
| | ૧૬ કં | ૧૭ સા | ર | | ૧૮ રા | ૧૯ મ | | ૨૦ ર | ત |
| ૨૧ મ | થ | રા | વ | ટી | | ૨૨ ચા | હ | ક | |
| ન | | | લ્લી | | ૨૩ ઓ | ણ | | | ૨૪ ઉ |
| ૨૫ ગ | ર | ૨૬ વા | | ૨૭ શાં | ત | | ૨૮ ક | ડ | ક |
| મ | | ૨૯ ચ | ૩૦ દા | | પ્રો | | ટા | | ળા |
| ૩૧ તી | રં | દા | જ | | ૩૨ ત | ર | વ | રા | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | ૧૧ | | |
| ૧૨ | | | | | | ૧૩ | | | |
| ૧૪ | | | ૧૫ | | | | | ૧૬ | |
| | | ૧૭ | | | | ૧૮ | | | |
| ૧૯ | | | | | ૨૦ | | | ૨૧ | ૨૨ |
| | | | | ૨૩ | | | ૨૪ | | |
| ૨૫ | | | | | | ૨૬ | | | |
| | | ૨૬-અ | ૨૭ | | | | | | |
| | ૨૮ | | | | | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. અમુક મંડળનું છાપું (૪)
૪. બીજે ગામ (૫)
૮. નુકસાન (૨)
૯. ઠસ્સો, ભભકો, લટકો (૩)
૧૧. ઉઘડ (૩)
૧૨. મુર રાક્ષસને મારનાર (૩)
૧૩. ચોખ્ખું (૨)
૧૪. પક્ષી (૨)
૧૫. કારોબાર માટેની સમિતિ (૪)
૧૬. જવાનીમાં હરો, --- ને મોજ કરો (૨)
૧૭. વિયોગ (૩)
૧૮. મૂર્ખ (૩)
૧૯. મૂંઝવણ (૪)
૨૦. દુઃખ, પીડા (૨)
૨૧. નૃત્ય (૨)
૨૩. --- માં હવા ભરાય ને નાવ ચાલે (૨)
૨૪. --- ઢોરની માફક રખડો નહીં (૩)
૨૫. ખરબચડું (૨)
૨૬. મજાનું (૨)
૨૬-અ. સુંદરી (ઉ.) (૪)
૨૮. કાબેલિયત, કસબ (૪)
૨૯. જળનો સંગ્રહવાળું સ્થળ (૪)

**ઊભી ચાવી**

૧. મોઢામોઢ (૪)
૨. બોલાચાલી, ઝઘડો (૪)
૩. તટ (૨)
૪. અમદાવાદી મિત્રને --- કહેવાય (૨)
૫. ગઝલમાં --- કાફિયા મેળવાય (૩)
૬. --- હોય ત્યાં ઉકરડો હોય (૨)
૭. કબર (૪)
૧૦. સમારંભ (૪)
૧૩. સા, રે, ગ, મ (૪)
૧૫. વજહ, સબબ, હેતુ (૩)
૧૬. બધે --- પાસે નવાજૂની હોય (૪)
૧૭. દાન, ત્યાગ, એક ચિન્હ (૩)
૧૯. વહેંચણી, દાન (૪)
૨૦. કિલ્લો (૨)
૨૨. ખોરાકના પચવાની ક્રિયા (૫)
૨૩. જેનું સન્માન થયું છે તે (૪)
૨૪. હાથની કલા (૪)
૨૬-અ. હોડી (૨)
૨૭. ચેતન વિનાનું (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ચૂરમું ખાતા ચૂંક આવે' પંક્તિમાં 'ચૂંક' આ શબ્દનો અર્થ જણાવો.

અ) સ્વાદ બ) પીડા ક) લાળ ડ) ઘરેણું

## માતૃભાષાની મહેક

ખંખારી દાતણ કરે, ને મન રુચતું ખાય, દૂધે વાળું જે કરે તે વૈદ ન જાય. કોગળા કરી દાતણ કરવું ને મનને ગમતું ખાવું એનાથી તંદુરસ્તી જળવાય અને વૈદને ત્યાં જવું ન પડે એ આ કહેવતનો ભાવાર્થ છે. અસલના વખતમાં આ કારણસર ગામવાસીઓ વધુ નિરોગી જોવા મળતા હતા.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ COSMOLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પાણી બ) કોસ્મેટિક ક) ખોરાક ડ) બ્રહ્માંડ

## ઈર્શાદ

ભરવસંતે કોણ રાગી, કોણ વૈરાગી હશે ?
પ્રકૃતિએ પારખું કરવા શરમ ત્યાગી હશે ?

-- ગની દહીંવાલા

## સુડોકુ-૯૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૧ | | ૫ | ૩ | | |
| | | | ૮ | | ૬ | | | |
| ૫ | ૮ | | | | | | ૪ | ૭ |
| ૯ | | ૮ | ૩ | | ૭ | ૬ | | ૪ |
| | | | | | | | | |
| ૭ | | ૫ | ૬ | | ૪ | ૯ | | ૨ |
| ૪ | ૬ | | | | | | ૧ | ૩ |
| | | | ૯ | | ૮ | | | |
| | | ૭ | ૪ | | ૧ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ |
| ૧ | ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ |
| ૫ | ૭ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ | ૩ | ૧ |
| ૮ | ૫ | ૭ | ૯ | ૬ | ૪ | ૧ | ૨ | ૩ |
| ૩ | ૯ | ૬ | ૧ | ૨ | ૫ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૮ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૬ | ૧ | ૩ | ૫ | ૯ | ૨ | ૪ | ૮ | ૭ |
| ૯ | ૮ | ૪ | ૭ | ૩ | ૬ | ૨ | ૧ | ૫ |

## માઈન્ડ ગેમ

વિશ્વના કયા દેશના દૈનિક વ્યવહારમાં અને સામાન્ય બોલચાલમાં અંગ્રેજી નહીં બલ્કે સ્વદેશી ભાષા વધુ વપરાય છે?

અ) ઓસ્ટ્રેલિયા બ) ડેનમાર્ક ક) ગ્રીસ ડ) યુએસએ

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કસબ | CRAFT |
| સબબ | REASON |
| પરબ | WATER HUT |
| તલબ | ADDICTION |
| ફરેબ | FRAUD |

ઓળખાણ પડી? TAMBOURINE

ગુજરાત મોરી મોરી રે — બાગાયત

ચતુર આપો જવાબ — અર્થ જણાવો — સોનું

માઈન્ડ ગેમ — ૪૮

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આસર (૮) પુષ્પા પટેલ (૯) ખૂશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) નૂતન વિપિન શાહ (૧૩) મીનલ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમિષી બંગાળી (૧૬) મહેશ દોશી (૧૭) મહેશ સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) પ્રવીણ વોરા (૨૪) પુષ્પા ખોના (૨૫) હરિશ મનુભાઈ ભટ્ટ (૨૬) અલકા વાણી (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વીણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) જગદીશ ઠક્કર (૩૨) ડાયના સંતોક (૩૩) અરવિંદ કામદાર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) રસિક જુઠાની, ટોરન્ટો કેનેડા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) હીનાબેન દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) અંબરીષ ઓઝા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી

## પડઘામાં એટીએસની કાર્યવાહી

# શસ્ત્રો સાથે વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા

### એટીએસ અને થાણે ગ્રામીણની ટીમથી પડઘા-બોરીવલી પોલીસ છાવણીમાં ફેરવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહલગામમાં આતંકવાદી હુમલા બાદ રાજ્યમાં ભાંગફોડિયા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકો પર નજર રાખી એન્ટી ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) થાણે જિલ્લાના પડઘા-બોરીવલી ગામોમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું, જે પગલે આ વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયા હતા. આતંકવાદી પ્રવૃત્તિ સાથે કથિત રીતે સંકળાયેલા સાકીબ નાચન સહિત સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઑફ ઈન્ડિયા (સિમી)ના ભૂતપૂર્વ પદાધિકારીઓનાં ઠેકાણાઓ પર એટીએસે રેઇડ કરી શસ્ત્રો સાથે અનેક વાંધાજનક દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

એટીએસના અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું કે ભિવંડીના પડઘા ખાતે રહેતા સાકીબ અબ્દુલ હમીદ નાચન અને તેના સાથીઓએ આસપાસનાં ગામના લોકોને ભડકાઉ અને દ્વેષભાવપૂર્ણ ભાષણો કરીને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ માટે પ્રેરિત કર્યા હોવાની માહિતી મળી હતી. સિમીના ભૂતપૂર્વ કાર્યકર અને ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સિરિયા (આઈએસઆઈએસ) સાથે કડી ધરાવતા સાકીબ નાચનની અગાઉ બૉમ્બ બ્લાસ્ટ અને હત્યાના કેસોમાં ધરપકડ થઈ હતી. છેલ્લા ૧૮ મહિનાથી નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની કસ્ટડીમાં છે.

સાકીબ નાચનના કટ્ટર સમર્થકો રાષ્ટ્ર વિરોધી કાવતરું ઘડતા હોવાની ગુપ્ત માહિતી એટીએસને મળી હતી. માહિતીને આધારે એટીએસના થાણે યુનિટે કોર્ટમાંથી પડઘા ખાતે રહેતા શકમંદોનાં ઘરમાં (જુઓ પાનું ૪) ▶▶

### કોણ છે સાકીબ નાચન?

મુંબઈઃ ભારતમાં આતંકવાદી કાવતરાઓમાં જેનું નામ સૌથી વધુ ગાજ્યું હોય તો તે છે સાકીબ અબ્દુલ હમીદ નાચન. છેલ્લે એનઆઈએએ તેની ધરપકડ કરી હતી અને હાલમાં તે દિલ્હીની જેલમાં છે.

પડઘાના કોંકણી મુસ્લિમ પરિવારમાં જન્મેલો સાકીબ નાચન અત્યારે ૬૩ વર્ષનો છે. મુસ્લિમ સમાજના જાણીતા આગેવાન અબ્દુલ હમીદ નાચનનો તે ત્રીજો પુત્ર. કોમર્સ ગ્રેજ્યુએટ સાકીબ ૧૯૮૦માં સિમી સાથે જોડાયો. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશનની ૧૯૯૨ની ચાર્જશીટ અનુસાર ૧૯૯૦માં સાકીબ બે વખત પાકિસ્તાનમાં ગયો હતો અને ત્યાંથી અફઘાનિસ્તાન ગયો હતો.

૧૯૯૨માં સાકીબની અમદાવાદમાં ધરપકડ થઈ હતી. ખાલિસ્તાની આતંકવાદી લાલ સિંહ સાથે તેને ટાડા ઍક્ટ હેઠળ આજીવન કારાવાસની સજા પણ થઈ હતી. જોકે બાદમાં સુપ્રીમ કોર્ટે તેની સજા ઘટાડીને ૧૦ વર્ષની કરી હતી.

આ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવ્યો હોવાનો દાવો સાકીબ સતત કરતો હતો. જોકે પારિવારિક કામ માટે પાકિસ્તાન ગયો હોવાનું તેણે કબૂલ્યું હતું.

જેલમાંથી છૂટ્યા પછી ૨૦૦૧માં તે ફરી પડઘા આવ્યો હતો. જોકે ત્રણ જણની (જુઓ પાનું ૪) ▶▶




પડઘાની મસ્જિદ




પડઘા-બોરીવલી ગામ






(જયપ્રકાશ કેળકર)

## પાકિસ્તાન માટે જાસૂસી

# એટીએસની રવિ વર્માના કામના સ્થળે તપાસઃ સહકર્મચારીઓની પૂછપરછ થશે

### કોર્ટે પાંચમી જૂન સુધી પોલીસ કસ્ટડી વધારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાકિસ્તાન માટે કથિત જાસૂસી તેમ જ યુદ્ધજહાજો અને સબમરીનોની ગુપ્ત માહિતી પૂરી પાડવાના આરોપસર ધરપકડ કરાયેલા થાણેના જુનિયર એન્જિનિયર રવીન્દ્ર ઉર્ફે રવિ વર્માના કામના સ્થળે તપાસ કરી એન્ટી ટેરરિઝમ સ્ક્વૉડ (એટીએસ) તેના સહકર્મચારીઓની પણ પૂછપરછ કરશે. વધુ તપાસ માટે કોર્ટે વર્માની પોલીસ કસ્ટડી ત્રણ દિવસ વધારી હતી.

થાણેના કલવા પરિસરમાં રહેતો ૨૭ વર્ષનો રવિ વર્મા ડિફેન્સ ટેક્નોલૉજી કંપનીમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતો હતો. કંપનીના કર્મચારી તરીકે તે નૌકાદળના જહાજો પર કામ કરતો (જુઓ પાનું ૪) ▶▶

### 'સર'ના સંપર્કમાં હતો વર્મા

મુંબઈઃ પાકિસ્તાન માટે કથિત જાસૂસી કરનારા રવિ વર્મા પાસેથી મળી આવેલાં અનેક સિમ કાર્ડ્સની મદદથી તે 'સર' નામની વ્યક્તિના સંપર્કમાં હોવાનું સામે આવ્યું હતું. વર્માના મોબાઈલ ફોન અને સિમ કાર્ડના કૉલ ડેટાની મદદથી એટીએસને જાણવા મળ્યું હતું કે તે સર નામની વ્યક્તિ સાથે સંપર્કમાં હતો અને તેનું સાચું નામ સિંઘલ હોવાનું કહેવાય છે. જોકે આ વ્યક્તિ કોણ છે તેની માહિતી એટીએસ મેળવી રહી છે. વર્મા હજુ પણ માહિતી છુપાવી રહ્યો છે અને તપાસમાં સહકાર આપતો નથી, એવો દાવો એટીએસ કરી રહી છે. ■

# મિડલ વૈતરણા પર હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થશે

### આગામી ૧૫ દિવસમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી મળવાની શક્યતા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મિડલ વૈતરણા પર હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાની મુંબઈ મહાનગરપાલિકાની લાંબા સમયથી રાહ જોવાતી યોજના આખરે આગળ વધી રહી છે. પાલિકાને આગામી ૧૫ દિવસમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસેથી બીજા તબક્કાની મંજૂરી મળવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટનો હેતુ ૨૬.૫ મેગાવોટ હાઈબ્રિડ વીજળી ઉત્પન્ન કરવાની છે, જે લગભગ આગામી અઢી વર્ષમાં વીજ ઉત્પાદન શરૂ થવાની સંભાવના છે. એક વખત આ પ્રોજેક્ટ ચાલુ થઈ જશે તો પાલિકાને વાર્ષિક લગભગ નવ કરોડ રૂપિયાની બચત થવાની અપેક્ષા છે.

મિડલ વૈતરણા ડેમ મુંબઈને દરરોજ ૪૫૫ મિલ્યન લિટર પાણી પૂરું પાડે છે, જે શહેરના કુલ પાણી પુરવઠાના લગભગ ૧૧ ટકા જેટલું છે. આ જળાશયની પાણીની કુલ સંગ્રહ કરવાની ક્ષમતા ૧.૯૩ લાખ મિલ્યન લિટરની છે. પાલિકાએ વૈતરણા સોલાર હાઈડ્રો પાવર જેન્કો કંપની સાથે આ સ્થળે સોલાર એન્ડ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર જનરેશનની સ્થાપના કરવા માટે વીજ (જુઓ પાનું ૪) ▶▶

# મીઠી નદીની સફાઈ બ્લેક લિસ્ટેડ કૉન્ટ્રેક્ટરને ભરોસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં નાળાસફાઈનું કામ પૂરું થયું ન હોવાને કારણે ૨૬ મે, ૨૦૨૫ના ચોમાસાના આગમન સાથે જ શહેરમાં અનેક સ્થળોએ પાણી ભરાઈ જતા ચોતરફથી પાલિકા પ્રશાસનની ટીકા થઈ રહી છે, તેમાં નાળાસફાઈના કામમાં મહત્ત્વની ગણાતી મીઠી નદીની સફાઈ પણ માંડ ૫૫.૫૭ ટકા જ થઈ છે અને નાળાસફાઈના કથિત કૌભાંડની તપાસ ચાલી રહી (જુઓ પાનું ૪) ▶▶

### સફાઈ કૌભાંડમાં ઈડીની તપાસ

મીઠી નદીમાંથી ગાળ કાઢવાનો ૬૫ કરોડ રૂપિયાના કથિત કૌભાંડ પ્રકરણમાં મુંબઈની એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી) દ્વારા તપાસ ચાલી રહી છે. નદીના ગાળ કાઢવા સંબંધિત કૉન્ટ્રેક્ટ આપવાના અને તેને અમલમાં લાવવામાં કથિત રીતે અનિયમિતતા જણાઈ આવતા આ પ્રકરણમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ વખતે મીઠી નદીનું સફાઈનું કામ જેને આપવામાં આવ્યું છે તેમાંના એક કૉન્ટ્રેક્ટરનો તેમાં સમાવેશ હોવાથી તે હાલ ગાયબ છે. તો ગાળ કાઢવાના કામમાં બેદરકારી બતાવી પાલિકાને છેતરવા બદલ બીજા કૉન્ટ્રેક્ટરને ત્રણ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે. તેથી કામ અટવાઈ પડ્યું છે. ■

# ચોપાટી માટે તુર્કીના રોબોટિક વોટર રેસ્ક્યૂ મશીન લેવાનો કૉન્ટ્રેક્ટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની છ ચોપાટી પર પાણીમાં ડૂબી જનારા લોકોને બચાવવા માટે તુર્કીની કંપનીના ઉત્પાદિત રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન તહેનાત કરવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો હતો, પણ તેની સામે ચોતરફથી વિરોધ થયા બાદ આખરે પાલિકાએ આ કૉન્ટ્રેક્ટ રદ કરવાનો નિર્ણય લીધો છે. પાલિકા હવે નવેસરથી ટેન્ડર બહાર પાડવાની છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ નિર્માણ થઈ હતી ત્યારે તુર્કીએ પાકિસ્તાનને મદદ કરી હોવાથી સમગ્ર ભારતમાં તે દેશ સામે બહિષ્કાર કરવામાં આવ્યો હતો તેમ છતાં પાલિકા તુર્કીની કંપની સાથે કૉન્ટ્રેક્ટ કરવાની હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચોપાટી પર લાઈફગાર્ડ રોબોટિક વોટર રેસ્ક્યુ મશીન વેચાતા લેવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં હતાં. ટેન્ડર પ્રક્રિયામાં તુર્કીની એક કંપની નિયમ મુજબ પાત્રતા ધરાવતી હોવાથી તેને કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો. બાદમાં જોકે આ નિર્ણય સામે ભારે વિરોધ થયા બાદ અંતે પાલિકાએ આ કૉન્ટ્રેક્ટ રદ કરી નાખવાનો નિર્ણય લીધો છે.

મુંબઈની ગિરગામ ચોપાટી, દાદર-શિવાજી પાર્ક, જુહુ, વર્સોવા, આક્સા અને ગોરાઈ ચોપાટીઓ આવેલી છે. આ છ ચોપાટી પર હાલ ૧૧૧ લાઈફગાર્ડ તહેનાત કરવામાં આવ્યા છે. (જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી પંચે સરકારને આપી મહત્ત્વપૂર્ણ સૂચનાઓ

### સુપ્રીમ કોર્ટના ચાર અઠવાડિયામાં જાહેરનામું બહાર પાડવાના આદેશ મુજબ રાજ્ય ચૂંટણી પંચે પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં બાકી રહેલી નગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પરિષદ, પંચાયત સમિતિ અને નગર પંચાયતની ચૂંટણીઓની રાહ આખરે પૂરી થઈ રહી છે. ચાર અઠવાડિયામાં જાહેરનામું બહાર પાડવાના સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, રાજ્ય ચૂંટણી પંચે પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને રાજ્ય સરકારને વોર્ડ રચના માટે સૂચનાઓ પણ આપી દીધી છે.

રાજ્યમાં મોટાભાગની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં હાલમાં વહીવટી શાસન અમલમાં છે. પરિણામે, જનપ્રતિનિધિઓની ભાગીદારીનો અભાવ ધરાવતી આ વ્યવસ્થા ફક્ત નોકરશાહી વર્ગના હાથમાં છે. સુપ્રીમ કોર્ટે ગયા મહિને સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે ચૂંટણી પ્રક્રિયા ૪ મહિનાની અંદર પૂર્ણ થવી જોઈએ અને તે પહેલા (જુઓ પાનું ૪) ▶▶

### ચૂંટણીઓ ક્યારે યોજાશે?

દરમિયાન, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પ્રક્રિયાની સમયમર્યાદા લંબાવવાની કમિશનને મંજૂરી આપી છે. હાલની પરિસ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે સપ્ટેમ્બરમાં આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવી મુશ્કેલ છે. તેથી, કમિશન ઓક્ટોબરમાં ચૂંટણી યોજવા માટે સમયમર્યાદા વધારવા માટે કોર્ટમાં પ્રસ્તાવ રજૂ કરી શકે છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ઓક્ટોબરમાં બે તબક્કામાં યોજાવાની શક્યતા છે. આ સંદર્ભમાં અંતિમ નિર્ણય આગામી અઠવાડિયામાં આવવાની અપેક્ષા છે. રાજકીય રીતે મહત્વપૂર્ણ આ ચૂંટણીઓ પર બધા પક્ષો ખૂબ ધ્યાન આપી રહ્યા છે. આ ચૂંટણીઓ વિધાનસભા ચૂંટણી પછી યોજાશે. તે ઉપરાંત, લગભગ તમામ મહત્વપૂર્ણ મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને જિલ્લા પરિષદો માટે પણ ચૂંટણીઓ યોજાશે. તેથી, આ ચૂંટણીઓ 'મીની વિધાનસભા ચૂંટણીઓ' હશે. ■

# મેટ્રો-૧૪ માટે થાણે ખાડીની નીચે ટનલ, કાંજુરમાર્ગ ખાતે અંડરગ્રાઉન્ડ સ્ટેશન હશે

મુંબઈઃ બદલાપુર અને કાંજુરમાર્ગ વચ્ચે પ્રસ્તાવિત મેટ્રો-૧૪ રૂટ પર પૂર્વીય એક્સપ્રેસ વે પર કાંજુરમાર્ગ ખાતે એક અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન બનાવવામાં આવશે.

આ માટે, મેટ્રો લાઇન થાણે ખાડીની નીચેથી કાંજુરમાર્ગ પહોંચશે. આ રીતે ખાડીની નીચે મુસાફરી કરતી દેશની આ પહેલી મેટ્રો લાઇન હશે.

કલ્યાણથી આગળ કર્જત-કસારા રૂટ પર રહેતા કર્મચારીઓ માટે, મધ્ય રેલ્વે લોકલ સેવા એકમાત્ર વિકલ્પ છે. ભારે વરસાદ દરમિયાન આ રૂટ પર લોકલ સેવા ઘણીવાર ઠપ થઈ જાય છે. આ પૃષ્ઠભૂમિ સામે, એમએમઆરડીએ દ્વારા બદલાપુરથી કાંજુર સુધીની ૪૩ કિમી લાંબી મેટ્રો લાઇન ડિઝાઇન કરવામાં આવી રહી છે.

મેટ્રો-૧૪ બદલાપુર-ઘણસોલી વચ્ચે એલિવેટેડ હશે અને ઘણસોલી ખાતે ટ્રાન્સહાર્બર લાઇન સાથે જોડાયેલ હશે. પછી, આ માર્ગ ખાડીની નીચે અંડરગ્રાઉન્ડ જશે. આ દરમિયાન, કાંજુરમાર્ગ ખાતે મેટ્રો સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આ કોરિડોર તલોજા ઔદ્યોગિક વસાહતના આંતરિક વિસ્તારો ઉપરાંત શિલફાટા, કટાઈ નાકા અને મહાપે જેવા વિસ્તારોને જોડશે. ૪૩.૬૮ કિ.મી લાંબી મેટ્રો ૧૪ લાઇનમાં કુલ ૨૪ સ્ટેશનો હશે, જેના બાંધકામ માટે અંદાજે ૬ વર્ષ નો સમય લાગશે. આ મેટ્રો લાઇન માટે લગભગ ૫૨.૧૫ હેક્ટર જમીનની જરૂરિયાત પડશે.

આ પ્રોજેક્ટ માટે રૂ. ૧૮ હજાર કરોડનો ખર્ચ થવાની અપેક્ષા છે. એમએમઆરડીએ ખાનગી ભાગીદારી દ્વારા મેટ્રો-૧૪નું નિર્માણ કરશે. આ ભાગીદારી શોધવા માટે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટના રૂપમાં વૈશ્વિક ટેન્ડરની જાહેરાત કરવામાં આવી છે. ટેન્ડર ૩૦ જુલાઈના રોજ ખોલવામાં આવશે, અને તે દિવસે સ્પષ્ટ થશે કે કઈ કંપનીઓ ભાગીદારી કરવા આતુર છે. ■

### મેટ્રો ૧૪ની મલ્ટીવે કનેક્ટિવિટી

મધ્ય રેલ્વેઃ કાંજુરમાર્ગ સ્ટેશન અને બદલાપુર સ્ટેશન
મેટ્રો ૪ અને મેટ્રો ૬ઃ કાંજુરમાર્ગ અંડરગ્રાઉન્ડ સ્ટેશન
ટ્રાન્સહાર્બર સબર્બન રેલવેઃ ઘણસોલી સ્ટેશન
વસઈ-પનવેલ રેલવે લાઇનઃ કટાઈ નાકા પાસે
મેટ્રો ૧૨ (પેંધર-કલ્યાણ)ઃ હેટૂટળે મેટ્રો સ્ટેશન.■

## શિવસેનાના પ્રધાને પુત્રને હૉટેલ ખરીદવાની ના પાડી

મુંબઈઃ શિવસેનાના પ્રધાન સંજય શિરસાટે સોમવારે કહ્યું હતું કે તેમણે તેમના પુત્રને મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં એક હોટેલ હસ્તગત કરવાની રેસમાંથી ખસી જવા જણાવ્યું છે અને સોદામાં ગેરવ્યવહારનો આરોપ કરનાર હરીફ શિવસેના (યુબીટી)ના નેતાઓને પ્રોપર્ટી માટે બોલી લગાવવાનો પડકાર ફેંક્યો છે.

શિરસાટે જણાવ્યું હતું કે તેમના પુત્ર સિદ્ધાંત અને તેમના બિઝનેસ પાર્ટનર્સે મધ્ય મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં મોકાની જગ્યા પર આવેલી હોટેલ ખરીદવા માટે ૬૭ કરોડ રૂપિયા ચૂકવવાના હતા, પરંતુ આ સોદો પર નથી પડ્યો.

ગયા અઠવાડિયે સામાજિક ન્યાય (જુઓ પાનું ૪) ▶▶

# ઘાટકોપરમાં મૉલના ત્રીજા માળેથી ઝંપલાવી યુવાને જીવન ટૂંકાવ્યું

મુંબઈઃ ઘાટકોપરમાં આર સિટી મૉલના ત્રીજા માળેથી કૂદકો મારી યુવાને કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

પાર્કસાઈટ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ દીપક હરેશ જોશી (૩૮) તરીકે થઈ હતી. હતાશામાં તેણે જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પત્ની સાથે થયેલા વિવાદને કારણે છેલ્લા કેટલાક સમયથી જોશી (જુઓ પાનું ૪) ▶▶

## લોન ભરપાઈ માટે એમ એફ હુસેનના ૨૫ દુર્લભ પેઈન્ટિંગ્સની નિલામીનો આદેશ

મુંબઈઃ કથિત સ્વરૂપે લોન ભરપાઈ નહીં કરવાના કેસ સંદર્ભે અમુક નાણાં મેળવવાના ભાગરૂપે નાફેડ દ્વારા હસ્તગત કરવામાં આવેલા દિવંગત મોડર્ન ભારતીય પેઈન્ટર એમ એફ હુસેનના પચીસ દુર્લભ પેઈન્ટિંગ્સની બોમ્બે હાઈ કોર્ટની મંજૂરી મળી જતાં ૧૨ જૂને હરાજી કરવામાં આવશે.

# અપાત્ર મહિલા શોધવા ઈન્કમ ટૅક્સ ડિપાર્ટમેન્ટની સહાય

### ૨.૫ કરોડ મહિલાઓમાંથી માત્ર ૧ કરોડ ૨૦ લાખ પાત્ર બને તેવી શક્યતા

મુંબઈઃ રાજ્ય સરકાર માટે ગેમ ચેન્જર બની ગયેલી મુખ્ય પ્રધાનની 'લાડકી બહિણ યોજના' છેલ્લા કેટલાક દિવસોથી ફરી એકવાર ખૂબ ચર્ચામાં છે. આ યોજના માટે વિવિધ સરકારી વિભાગોના ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની સતત ફરિયાદો આવી રહી છે. આ યોજનામાં લગભગ બે લાખ અરજીઓની ચકાસણી કર્યા બાદ, રાજ્યમાં યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. આ યોજનામાં ઘણી નકલી બહેનોનો પર્દાફાશ થવાનો છે. રાજ્યભરમાં લાડકી બહિણ યોજના માટે પાત્ર મહિલાઓની ચોક્કસ સંખ્યા હવે આવકવેરા વિભાગ સરકારને જણાવશે. અપાત્ર મહિલાઓ, જેમની આવક ૨.૫ લાખ રૂપિયાથી વધુ છે, તેમને આ યોજનામાંથી બાકાત કરાશે.

મહારાષ્ટ્રના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન માજી લાડકી બહિણ યોજનાના અમલીકરણમાં ચકાસણી પ્રક્રિયા લાગુ કરવામાં આવી રહી છે.

આ પ્રક્રિયામાં લગભગ બે લાખ અરજીઓની ચકાસણી કર્યા પછી, એવું જાણવા મળ્યું કે લગભગ ૨૨૮૨ સરકારી કર્મચારીઓએ આ યોજનાનો લાભ લીધો છે. તેમના માટે આ યોજના બંધ કરવામાં આવશે. હવે, આવકવેરા વિભાગ રાજ્ય સરકારને રાજ્યભરમાં કેટલી લાયક અને કેટલી અયોગ્ય મહિલાઓ છે તેની બધી માહિતી પૂરી પાડશે.

આ યોજનામાં લગભગ બે કરોડ ૬૫ લાખ લાભાર્થી મહિલાઓ નોંધાઈ હતી. તેમાંથી, રૂ. ૨.૫ કરોડ વહાલી બહેનોના બેંક ખાતામાં દર મહિને ૧૫૦૦ રૂપિયા જમા કરવામાં આવી રહ્યા છે. આ યોજનાના તમામ નિયમો અને શરતોને ધ્યાનમાં લેતા, રાજ્યભરમાંથી માત્ર ૧ કરોડ ૨૦ લાખ મહિલાઓ જ આ યોજના માટે પાત્ર બને તેવી શક્યતા છે. અન્ય યોજનાનો લાભ લઈ રહી મહિલાઓને પણ આ યોજનામાંથી બાકાત કરાશે. હાલમાં ૨.૩૦ લાખ મહિલાઓ સંજય ગાંધી નિરાધાર યોજનાનો લાભ લઈ રહી છે. અન્ય ૧.૧૦ લાખ મહિલાઓ ૬૫ વર્ષથી વધુ ઉંમરના છે. ૧.૬૦ લાખ મહિલાઓ પાસે ફોર-વ્હિલર છે, ૭.૭૦ લાખ મહિલાઓ નમો શેતકરી યોજનાનો લાભ લઈ રહી છે અને ૨,૬૫૨ મહિલાઓ સરકારી સેવામાં કાર્યરત છે. આ કારણોસર મહિલાઓને ગેરલાયક ઠેરવવામાં આવી શકે છે. ■

# મુંબઈ-કોંકણ માત્ર ચાર કલાકમાં

મુંબઈઃ મુંબઈ-કોંકણની મુસાફરી હવે ફક્ત ચાર કલાકમાં પૂર્ણ થઇ શકશે. કોંકણ માટે ગેમ-ચેન્જર હાઇ-સ્પીડ ગ્રીનફિલ્ડ હાઇવેની રૂપરેખા જાહેર કરવામાં આવી છે. આ મરીન હાઇવે માટે ચાર મોટા ખાડી પુલ બનાવવામાં આવી રહ્યા હોવાની જાહેરાત નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તાજેતરમાં રત્નાગિરિમાં કરી હતી.

૩૭૬ કિ.મી. લાંબા હાઇ-સ્પીડ ગ્રીનફિલ્ડ હાઇવેમાં ૪૧ ટનલ, ૫૧ મોટા બ્રિજ અને ૬૮ ઓવરપાસ પણ હશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ માટે કુલ ૬૮,૭૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ૬ લેન વાળો આ હાઇ-સ્પીડ હાઇવે ૧૦૦ મીટર પહોળો હશે. આ હેતુ માટે કુલ ૩,૭૯૨ હેક્ટર જમીન પણ સંપાદિત કરવામાં આવશે.

ઉપરાંત, મરીન હાઇવે, મુંબઈ-ગોવા હાઇવે અને હાઇ-સ્પીડ ગ્રીનફિલ્ડ હાઇવે એકબીજા સાથે જોડાયેલા હશે.

આ હાઇવે અલીબાગ-શાહાબાદ-રોહા, માનગાંવ-મેઘેગાંવ, મંડનગઢ-દાપોલી-ગુહાગર શહેર-ગણપતિપુલે, રાજાપુર-ભાલવલી-દેવગઢ શહેર, માલવણ-કુડાલ-સાવંતવાડીના રૂટ પરથી પસાર થશે, એવી માહિતી સામે આવી છે. પ્રસ્તાવિત મરીન હાઇવે કોંકણના સુંદર દરિયાકિનારાઓને પણ જોડશે.

આ માર્ગ કોંકણ માટે ગેમ-ચેન્જર પ્રોજેક્ટ બનવા જઈ રહ્યો છે. આ હાઇવે ઉદ્યોગ, પર્યટનને વેગ આપશે. ■

# જીડીપીના મજબૂત ડેટા છતાં ટેરિફ વૉર અને રશિયા-યુક્રેન ઘસરણને કારણે સેન્સેક્સમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: જીડીપીના અપેક્ષાથી વધુ સારા ડેટા આવ્યા હોવા છતાં વૈશ્વિક સ્તરે ટ્રમ્પે ફરી ટેરિફ વોરને ભડકાવી હોવા સાથે રશિયા અને યુક્રેન વચ્ચે વધુ ભીષણ યુદ્ધની સંભાવનાને કારણે ખરડાયેલા સેન્ટિમેટ વચ્ચે વિશ્વબજાર પાછળ સ્થાનિક બજારમાં પણ પીછેહઠ જોવા મળી હતી. જોકે, સ્થાનિક બેન્ચમાર્ક ૭૦૦ પોઇન્ટ રિબાઉન્સ થઇને મામૂલી ઘસરકા સાથે બંધ રહ્યો હતો.

બ્રેન્ટ ક્રૂડના ભાવ વધારા અને એફઆઇઆઇની વેચવાલીને કારણે પણ સેન્ટિમેન્ટ કથળ્યું હતું. સેન્સેક્સ ૭૯૬.૭૫ના ઘટાડા સાથએ ૮૦,૬૫૪.૨૬ સુધી નીચે જઇને અંતે ૭૭.૨૬ પોઇન્ટ અથવા તો ૦.૦૯ ટકાના ઘસરકા સાથે ૮૧,૩૭૩.૭૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨૪.૫૫ પોઇન્ટના ધબડકા બાદ અંતે ૩૪.૧૦ પોઇન્ટ અથવા તો ૦.૧૪ ટકાના ઘટાડા સાથે ૨૪,૭૧૬.૬૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાઇટન, એચડીએફસી બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક, ઇન્ફોસિસ અને કોટક બેન્ક સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે અદાણી પોર્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, એટર્નલ અને હિંદુસ્તાન યુનિલીવર ટોચના વધનારા શેરોમાં હતા. મારુતિ સુઝુકી અને હ્યુન્ડાઇ મોટર્સે માગ ઠંડી હોવાથી ડિલર્સ ડિસ્પેચમાં ઘટાડો કર્યો છે. જોકે, મારુતનિા મે મહિનાના વેચાણમાં ત્રણ ટકાનો વધારો થયો છે.

પ્રાઇમરી માર્કેટમાં લીલા પેલેસીસની પેરેન્ટ કંપની સ્કોલસ બેંગ્લોરના શેર તેના રૂ. ૪૩૫ના ઇશ્યૂભાવ સામે લગભગ સાત ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, તે અંતે ખૂલતા ભાવ સાથે સાતેક ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો. એ જ રીતે, એજીસ વોપેક પણ તેના ઇશ્યૂ ભાવ સામે છ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો અને અંતે સાતેક ટકાના સુધારા સાથે બંધ થયો હતો. આ સપ્તાહે મૂડીબજારમાં ૬૬.૬૩ લાખ ઇક્વિટી શેર સાથે બાથરૂમ એસેસરીઝની વિશાળ શ્રેણીની ઉત્પાદક કંપની, ગંગા બાથ ફિટિંગ્સ લિમિટેડ ચોથી જૂને જાહેર ભરણા સાથે પ્રવેશી રહી છે. કંપની અપર બેન્ડને ધોરણે રૂ. ૩૨.૬૫ કરોડ એકત્ર કરવા ધારે છે. પ્રાઇઝ બેન્ડ રૂ.૪૬થી રૂ. ૪૯ પ્રતિ શેર નક્કી થઇ છે અને લોટ સાઇઝ ૩,૦૦૦ ઇક્વિટી શેરનો છે.

ટાટા મોટર્સે મે મહિનામાં કુલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૯ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે અને તે ૭૦,૧૮૭ યુનિટ થયું છે. ડિજિટલ પેમેન્ટ અને ફિનટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઇડર, નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૬૮.૦૯ ટકાના વધારા સાથે રૂ. ૪૫.૨૦ કરોડનો ચોખ્ખો નફો અને ૩૮.૬૮ ટકાના વધારા સાથે રૂ. ૧૮૦.૬૨ કરોડની આવક નોંધાવી છે. ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો રૂ. ૬.૦૧ કરોડ અને આવક રૂ. ૨૮.૧૧ કરોડ રહી હતી.

અમેરિકાના પ્રોસિડેન્ટ ટ્રમ્પે એવી ઘોષણા કરી હતી કે તે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની ટેરિફ બમણી, ૫૦ ટકા કરી દેશે. દરમિયાન એલઇડી લાઇટ્સ, ફિક્સરની ઉત્પાદક અને ઇનોવેટીવ લાઇટિંગ સોલ્યુશન્સ પ્રોવઇડર ફોકસ લાઇટિંગ એન્ડ ફિક્સ્ચર્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં રૂ. ૧૮૬.૧૯ કરોડની કુલ આવક, રૂ. ૨૯.૦૪ કરોડનો એબિટા અને રૂ. ૧૫.૧૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૫.૫૯ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૮.૧૬ ટકા રહ્યું છે.

આ ઉપરાંત અન્ય પરિણામમાં ક્લાઉડ સર્વિસીસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઇટી સર્વિસીસ પ્રોવાઇડર ગ્લોબલ આઇટી સર્વિસીસ કંપની, દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના સંકલિત પરિણામમાં ૧૧.૩૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૮૩૯.૦૯ કરોડની કુલ આવક, ૫૫.૯૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૪૭.૮૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૬૪૪૯.૭૪ કરોડના શેરની વેચવાલી કરી છે. દરમિયાન, ભારતની અગ્રણી ઇકો રિસ્પોન્સિબલ લક્ઝરી રિસોર્ટ કંપની, પ્રવેગ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામમાં સ્ટેન્ડઅલોન ધોરણે, પાછલા વર્ષના સમાન ગાળા સામે રૂ. ૩૩.૫૦ કરોડની સામે કુલ રૂ. ૫૯.૨૯ કરોડની આવક અને રૂ. ૧.૪૯ કરોડની સામે રૂ. ૩.૪૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૯.૪૬ કરોડ સામે રૂ. ૧૬.૬૦ કરોડ રહ્યો છે.



અન્ય કોર્પોરેટ પરિણામમાં મ્યુનિસિપલ સેવાઓ, ઇન્ડસ્ટ્રીઝ અને માઇનીંગ સેકટર્સની અગ્રણી ઇપીસી કંપની, એસઇપીસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં ૬.૫૧ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૬૪૬.૦૨ કરોડની કુલ આવક, ૧૦.૯૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૫.૧૫ કરોડનો ચોખ્ખો નફો અને ૩૭.૧૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૯.૨૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

એ જ રીતે, ટેકનોલોજી ક્ષેત્રની કંપનીઓના પરિણામમાં વિઝ્યુઅલ ઇફેક્ટ્સ ક્ષેત્રે ઇમર્સિવ અને હાઇ ઇમ્પેક્ટ વિઝ્યુઅલ સેગમેન્ટની અગ્રણી કંપની બેસિલિક ફ્લાય સ્ટુડિયો લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં કોન્સોલિડેટેડ ધોરણે ૩૨૪.૩ ટકાના વધારા સાથે રૂ. ૨૨૮.૭ કરોડની કુલ આવક અને ૮૮.૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૩.૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઝાઇડસ લાઇફસાયન્સીસને ડાયોરિયાની સારવારમાં વપરાતી દવા માટે યુએસએફડીએની મંજૂરી મળી ગઇ છે. બ્રાઇટ આઉટડોર મીડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૧૯.૩૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨૮.૦૫ કરોડની કુલ આવક, ૧૭.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૭.૩૮ કરોડનો એબિટા અને ૧૮.૯૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૦૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુક્યત્વે અદાણી પોર્ટસ ૨.૫૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૫૮ ટકા, પાવર ગ્રીડ ૧.૦૭ ટકા, ઈટર્નલ ૧.૦૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧ ટકા અવે બજાજ ફિનસર્વ ૦.૫૬ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૧.૪૭ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૧ ટકા, તાતા મોટર્સ ૧.૧૨ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૦.૮૦ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૦ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૦ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૫૬ ટકા, ઈન્ફોસિસ ૦.૫૫ ટકા, કોટક બેન્ક ૦.૫૪ ટકા અને બજાજ ફાઈનાન્લ ૦.૫૧ ટકા ઘટ્યા હતા.

સપ્તાહના પહેલા દિવસે ભારે અફડાતફડી વચ્ચે બજારે પીછેહઠ નોંધાવી હતી. રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી, મેટલ અને આઈટી શેરોમાં નરમાઈ જોવા મળી હતી. આ દરમિયાન માર્કેટ કેપ રૂ. ૧.૩૮ લાખ કરોડ વધ્યું હતું.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૪૫૧.૦૧ના પાછલા બંધ સામે ૭૭.૨૬ પોઈન્ટ્સ (૦.૦૯ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૧,૨૧૪.૪૨ ખૂલીને નીચામાં ૮૦,૬૫૪.૨૬ સુધી અને ઊંચામાં ૮૧,૪૭૪.૨૬ સુધી જઈને અંતે ૮૧,૩૭૩.૭૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૪.૧૯ લાખ કરોડથી રૂ. ૧.૩૮ લાખ કરોડ વધીને રૂ. ૪૪૫.૫૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૮૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૨,૮૨૦ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૯૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૨૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૩૫૬ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૭૦ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૮ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૬ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૪ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૮ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં રિયલ્ટી ૨.૩૮ ટકા, સર્વિસીસ ૧.૨ ટકા, એફએમસીજી ૦.૬૫ ટકા, યુટિલિટીઝ ૦.૫૭ ટકા, પાવર ૦.૩૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ અને બેન્કેક્સ ૦.૨ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને કેપિટલ ગુડ્સ ૦.૧૭ ટકા અને હેલ્થકેર ૦.૧ વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૦.૭ ટકા, મેટલ ૦.૫૮ ટકા, આઈટી ૦.૫૭ ટકા, ટેક ૦.૪૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪ ટકા, કોમોડિટીઝ ૦.૧૮ ટકા, ઓઈલ એનમ્ડ ગેસ અને એનર્જી ૦.૧૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૬૮૮.૧૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૨૬૨ સોદામાં ૪,૨૪૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૩,૧૧,૦૯૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૧,૦૦,૯૭,૧૫૮.૧૧ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને નવા મહિનાના આરંભને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી ધીમી પડવાની સાથે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે ૧૭ પૈસાના સુધારા સાથે ૮૫.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત શુક્રવારે ઈક્વિટીમાં વેચવાલી અને ક્રૂડ તેલના ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આગામી ચોથી જૂનથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસી કમિટીની ત્રણ દિવસીય બેઠકનો આરંભ થશે અને છઠ્ઠી જૂનના રોજ બેઠકની ફળશ્રુતિની જાહેરાત કરવામાં આવશે. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૫૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં પણ ખૂલતી જ ૮૫.૫૫ની સપાટી અને ઉપરમાં ૮૫.૩૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૧૭ પૈસા વધીને ૮૫.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવ ૩.૫૪૪ ટકા ઉછળીને બેરલદીઠ ૬૪.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ખાસ કરીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત શુક્રવારે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની ડ્યૂટી બમણી કરીને ૫૦ ટકા લાદવાની યોજનાની જાહેરાત કરતાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૫૫ ટકા વધીને ૯૮.૭૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૭.૨૬ પૉઈન્ટનો અને ૩૪.૧૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૪૪૯.૭૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશને કારણે રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા વૈશ્વિક સોનામાં બે ટકાની ઝડપી તેજી

# સ્થાનિકમાં સોનું ₹ ૧૩૨૫ ઉછળીને ₹ ૯૬,000ની પાર, ચાંદીમાં ₹ 303નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની હાલની ટૅરિફ જે ૨૫ ટકા છે તે વધારીને ૫૦ ટકા કરવાની ધમકી ઉચ્ચારતા યુરોપિયન યુનિયન પણ વળતા પગલાં લે તેવી શક્યતા અને ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં બે ટકા જેટલો અને ચાંદીના ભાવમાં એક ટકાનો ઉછાળો આવ્યો હતો.



આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨૦થી ૧૩૨૫નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત થવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૩૦૩નો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૦૩ના સુધારા સાથે રૂ. ૯૭,૭૬૧ના મથાળે રહ્યા હતા. વધુમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આજે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨૦ વધીને રૂ. ૯૬,૨૯૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૨૫ વધીને રૂ. ૯૬,૬૮૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની ટૅરિફ વૅલ્યૂ બમણી અથવા તો ૫૦ ટકા કરવાની ધમકી ઉચ્ચારતા યુરોપિયન યુનિયન પણ અમેરિકાથી થતી આયાતની ટૅરિફ બમણી કરે તેવી શક્યતા ઉપરાંત રશિયા-યુક્રેન વચ્ચેનો ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા સોનાચાંદીના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની લેવાલી પ્રબળ રહેતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે બે ટકા વધીને ઔંસદીઠ ૩૩૫૩.૨૯ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૯ ટકા વધીને ૩૩૭૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૩૩.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈસ્તમ્બુલ ખાતે રશિયા-યુક્રેન વચ્ચેની શાંતિ મંત્રણાના બીજા રાઉન્ડ પૂર્વે બન્ને દેશોએ એકબીજા પર હુમલાઓ વધાર્યા હોવાથી ભૂરાજકીય ચિંતા સપાટી પર આવતા સલામતી માટેની માગ ઉપરાંત સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ પણ નબળો પડ્યો હોવાથી આયાત પડતરો ઘટવાથી માગ વધુ રહેતાં સોનાના સુધારાને વધુ ટેકો મળ્યો હોવાનું વૉટરરે ઉમેર્યું હતું.

જોકે, હવે બજાર વર્તુળોની નજર આજનાં મોડી સાંજનાં ફેડરલ રિઝર્વના ચેરમેન જૅરૉમ પૉવૅલ ઉપરાંત સપ્તાહ દરમિયાનનાં ફેડરલના વિવિધ અધિકારીઓનાં વક્તવ્યો પર સ્થિર થઈ છે. અગાઉ ફેડરલના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે જણાવ્યું હતું કે ટ્રમ્પની ટૅરિફ નીતિ ફુગાવાલક્ષી હોવાથી વ્યાજદરમાં કપાત આ વર્ષના અંત આસપાસ જ શક્ય બને તેમ જણાય છે. તેમ છતાં આગામી ટૂંકા સમયગાળામાં ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોને ધ્યાનમાં લેતા સોનાના સુધારાને ટેકો મળતો રહે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યાં છે.

# ડૉલર નબળો પડતાં કોપર અને ઝિન્કમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે કોપરની તમામ વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સતત છઠ્ઠા સત્રમાં ટીનમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૦ ઘટી આવ્યા હતા અને નિરસ માગે નિકલના ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે ધાતુના વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ ચીનના ગત મહિનાના પર્ચેઝિંગ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં વૈશ્વિક બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ટનદીઠ ૯૫૮૦.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૯૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૫૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૩૨, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૪૪ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૧૭ના મથાળે રહ્યા હતા, જ્યારે ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીનમાં સતત છઠ્ઠા સત્રમાં સ્ટોકિસ્ટોની અવિરત વેચવાલીનું દબાણ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૨૬૯૦ના મથાળે અને નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૩૩૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ અને એલ્યુમિનિયમની વેરાઈટીઓ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હતી. તેમ છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૧૬થી ૩૯૮૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૬થી ૪૦૮૬માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# ઈથેનોલના ભાવમાં વધારો કરવા ખાંડ ઉદ્યોગની માગ

નવી દિલ્હી: દેશનાં રાષ્ટ્રીય ઈથેનોલ ભેળવણી કાર્યક્રમમાં ખાંડ ઉદ્યોગનો હિસ્સો જ ૭૩ ટકા હતો તે ઘટીને માત્ર ૨૮ ટકાના સ્તરે પહોંચ્યો હોવાથી ખાંડ ઉદ્યોગે ઈથેનોલનં ભાવમાં સુધારો કરવાની તેમ જ બ્લેન્ડિંગની ટકાવારી જે હાલ ૨૦ ટકા છે તેમાં વધારો કરવાની સરકાર સમક્ષ માગણી કરી છે.

વધુમાં ઉદ્યોગે ફ્લેક્સ ફ્યુઅલ વાહનોનાં ઉત્પાદનને પ્રોત્સાહિત કરીને ઈથેનોલની માગ વધારવાની સાથે વધુ બ્લેન્ડિંગ અથવા તો ભેળવણી માટે બજાર સજ્જ હોવાની બાંયધરી આપવાનો અનુરોધ કર્યો હોવાનું નેશનલ ફેડરેશન ઑફ કૉઑપરેટિવ સુગર ફેક્ટરીઝે (એનએફસીએસએફ) એક યાદીમાં જણાવ્યું હતું. તાજેતરમાં વડા પ્રધાનના કાર્યાલયમાં આઈએફજીઈના સુગર બાયો એનર્જી ગ્રુપના ચેરમેન રવિ ગુપ્તાના વડપણ હેઠળના પ્રતિનિધિમંડળ અને એનએફસીએસએફનાં નિષ્ણાત સભ્ય સાથે થયેલી બેઠકમાં ઉક્ત રજૂઆત કરવામાં આવી હતી. એનએફસીએસએફના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૨-૨૩ની ખાંડ મોસમ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં ખાંડ ઉદ્યોગે નોંધપાત્ર માત્રામાં ૪૩ લાખ ટન ખાંડ ઈથેનોલનાં ઉત્પાદન માટે વિકેન્દ્રિત કરી હતી, પરિણામે ૩૬૯ કરોડ લિટર ઈથેનોલનો પુરવઠો પાડી શકાયો હતો અને આ સાથે જ દેશભરમાં ઈંધણમાં ભેળવાયેલ ઇથેનોલના કુલ પુરવઠામાં હિસ્સો ૭૩ ટકા રહ્યો હતો. જોકે, ત્યાર બાદ વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમમાં ખાંડ આધારિત ઈથેનોલના પુરવઠો ઘટીને ૨૭૦ કરોડ લિટર થતાં બજાર હિસ્સાની ટકાવારી ઘટીને ૩૮ ટકા થઈ હતી. તેમ જ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૯૦૦ કરોડનાં ઈથેનોલનાં પુરવઠા પૈકી ૨૫૦ કરોડ લિટરનો પુરવઠો પૂરો પાડવામાં આવતા ટકાવારી ઘટીને ૨૮ ટકાની સપાટીએ પહોંચી હતી. આ ઘટાડાનું મુખ્ય કારણ ઈથેનોલનાં પ્રાપ્તિ ભાવમાં શેરડીનાં સામાન્ય વળતરદાયી ભાવમાં થતાં વધારાની સરખામણીમાં વધારવામાં આવતા ન હોવાથી ખાંડ ઉદ્યોગ માટે ઈથેનોલનું ઉત્પાદન ઓછું નફાકારક રહે છે. અલબત્ત વર્તમાન મોસમમાં ૪૦ લાખ ટન ખાંડ વિકેન્દ્રિત થઈ શકે તેમ હોવા છતાં માત્ર ૩૨ લાખ ટન ખાંડ જ વિકેન્દ્રિત થવાની શક્યતા છે કેમ કે ઈથેનોલના ભાવની સરખામણીમાં મિલોને ખાંડના વળતરદાયી ભાવ મળશે, એમ એનએફસીએસએફએ યાદીમાં ઉમેર્યું હતું. આમ એકંદરે વર્ષે ૧૩૦ કરોડ લિટર મલ્ટિ-ફીડ ડિસ્ટિલિયરી સહિત કુલ ૯૫૨ કરોડ લિટર ઈથેનોલની ઉત્પાદન ક્ષમતા સામે ઓછો વપરાશ થશે.

# રાજકોટમાં ખાનગી શાળાઓ દ્વારા યુનિફોર્મ-પુસ્તકોની ખરીદી માટે વાલીઓ પર દબાણ, મનપાએ દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ઉનાળુ વેકેશન બાદ શાળાઓ ખુલવા જઈ રહી છે, ત્યારે ખાનગી શાળાઓ દ્વારા ફી વધારા બાદ હવે યુનિફોર્મ અને પુસ્તકો માટે પણ વાલીઓને ચોક્કસ જગ્યાએથી ખરીદવા દબાણ કરવામાં આવી રહ્યું હતું. નાના મૌવા રોડ પાસે મોદી સ્કૂલના સંચાલક રશ્મિકાંત મોદી, જીનીયસ સ્કૂલના ડી.વી. મહેતા અને મહાત્મા ગાંધી સ્કૂલના જિમીલ પરિઘ સહિત અન્ય સંચાલકોએ ભેગા મળી 'એજ્યુકેશન મોલ' નામની એક સંસ્થા ઉભી કરી હતી. વાલીઓને શાળા દ્વારા વોટ્સએપ પર એક જ જગ્યાએથી યુનિફોર્મ, પુસ્તકો અને બેગ ખરીદવા સૂચના આપવામાં આવી હતી.



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

જ્યારે વાલીઓએ આ અંગે એજ્યુકેશન મોલના સંચાલક સાથે વાત કરી તો તેમણે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું અને ધમકીઓ આપી હોવાનો આક્ષેપ કર્યો હતો. મીડિયા સાથે વાત કરતા વાલીઓએ જણાવ્યું હતું કે મોંઘી ફી બાદ હવે યુનિફોર્મ અને પુસ્તકો પણ શાળા દ્વારા નક્કી કરેલી જગ્યાએથી ખરીદવાનું દબાણ કરવામાં આવી રહ્યું છે. ગરીબ વાલીઓએ જિલ્લા શિક્ષણ અધિકારી અને શિક્ષણ મંત્રીને આવા સંચાલકો સામે કડક પગલાં લેવાની માગ કરી હતી.

થોડા દિવસ પહેલા જ જિલ્લા શિક્ષણ અધિકારીએ પરિપત્ર બહાર પાડીને ખાનગી શાળાઓને પુસ્તકો, બેગ અને યુનિફોર્મ માટે કોઈ ચોક્કસ જગ્યાએથી ખરીદવા દબાણ ન કરવા જણાવ્યું હતું. તેમ છતાં આ શાળાઓએ 'એજ્યુકેશન મોલ' ઊભો કરીને પોતાની મનમાની ચલાવી છે. એટલું જ નહીં, એજ્યુકેશન મોલ દ્વારા પાર્કિંગની જગ્યામાં મંડપ બાંધી દબાણ પણ કરવામાં આવ્યું હતું. આ મામલે મહાનગરપાલિકાની જગ્યા રોકાણ શાખાએ તાત્કાલિક કાર્યવાહી કરીને મંડપ હટાવવાનો આદેશ આપ્યો હતો અને એજ્યુકેશન મોલને ₹ ૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ■


રાજકોટ શહેરના ફૂલછાબ ચોક અને ભીલવાસ નજીક ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભયંકર ગેસ લીકેજ થતા આસપાસના વિસ્તારમાં મોટી માત્રામાં ગેસ ફેલાઈ ગયો છે, જેના કારણે કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢમાં પદ્મશ્રી દિવાળીબેન ભીલની પ્રતિમા મહાનગરપાલિકાને સુપરત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ શહેર લોકસંસ્કૃતિના ગૌરવશાળી પ્રતીકસમા પદ્મશ્રી વિજેતા લોકગાયિકા દિવાળીબેન ભીલની પ્રતિમાના સ્થાપન કાર્યક્રમનો સાક્ષી બન્યું હતું. મુંબઈના હીરા માણેક ગ્રૂપના હાર્દિક હૂંડિયા અને તેમના પરિવાર દ્વારા આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત સવારે શહેરના વણઝારી ચોકથી બસ સ્ટેન્ડ ચોક સુધી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ અને સ્થાનિક નાગરિકો જોડાયા હતા. આ શોભાયાત્રા બાદ દિવાળીબેન ભીલની પ્રતિમા વિધિવત્ રીતે જૂનાગઢ મહાનગરપાલિકાને સુપરત કરવામાં આવી.


(તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

આ પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર ડૉ. ઓમપ્રકાશે દિવાળીબેન ભીલના યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે, ''દિવાળીબેન ભીલે ગુજરાતની લોકસંસ્કૃતિના ઉત્થાનમાં અત્યંત મહત્વનું યોગદાન આપ્યું છે.'' તેમણે ઉમેર્યું કે, મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ તેમની પ્રતિમા સ્થાપિત કરવાનો ઠરાવ અગાઉ જ પસાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે બસ સ્ટેન્ડ ચોકનું નામ બદલીને 'દિવાળીબેન ભીલ ચોક' કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. ■

# ભાવનગર-સોમનાથ હાઈવે પર આઠ દિવસથી પાણી ભરાતા સ્થાનિકો અને વાહનચાલકો ત્રાહિમામ્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં છેલ્લા અઠવાડિયામાં પડેલા કમોસમી વરસાદે ભારે તારાજી સર્જી હતી. જો કે આ કમોસમી વરસાદના કારણે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર વરસાદી પાણી ભરાયા હતા. તેના કારણે સ્થાનિકો અને વાહનચાલકો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે. મહુવા નજીક વડલી ગામ પાસે સર્વિસ રોડ પર પણ પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે, પરંતુ નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા હજુ સુધી આ પાણીનો નિકાલ કરવામાં આવ્યો નથી.

ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં સેવા સદન અને ન્યાયમંદિર જેવી મહત્ત્વપૂર્ણ સરકારી કચેરીઓ આવેલી હોવાથી, સ્થાનિક લોકોને સરકારી કામકાજ માટે આ માર્ગ પરથી પસાર થવું પડે છે. ગત મંગળવારે પડેલા વરસાદને સાત દિવસ વીતી ગયા હોવા છતાં, પાણીનો નિકાલ ન થતાં પરિસ્થિતિ વણસી રહી છે. સ્થાનિકો દ્વારા આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે ઉગ્ર માગણી કરવામાં આવી રહી છે. જો આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનવાની શક્યતા છે. જો કે આ મામલે તંત્રનો સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

# અમરેલીમાં ગ્રામ પંચાયત ચૂંટણી: સરકારી આરામગૃહોના ઉપયોગ પર પ્રતિબંધ, પ્રચાર વાહનોની નોંધણી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં આગામી ૨૨ જૂનના રોજ યોજાનારી ગ્રામ પંચાયત ચૂંટણી અને ૨૫ જૂનના રોજ થનારી મતગણતરીને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે આદર્શ આચારસંહિતાના અમલ માટે મહત્ત્વનું જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામા અંતર્ગત ચૂંટણી સંબંધિત પ્રચાર માટે સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો અને ફોરેસ્ટ ગેસ્ટ હાઉસના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જાહેરનામામાં સ્પષ્ટ જણાવાયું છે કે, કોઈપણ ચૂંટણી ઉમેદવાર કે તેમની સહમતિથી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારી સમક્ષ ફરજિયાતપણે નોંધણી કરાવવી પડશે. નોંધણી કરાવ્યા બાદ વાહનોની પરમિટ વાહન પર ચોંટાડવી ફરજિયાત રહેશે. આ આદેશોનું પાલન સુનિશ્ચિત કરવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ ચેતવણી વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવી હતી. ■

# ભુજની સહકારી બૅંકના ચેરમેન, એમ.ડી સહિત ત્રણ અધિકારીઓના રાજીનામા લેવાની બોગસ રજૂઆત મામલે પોલીસમાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના વેપારીઓની જાણીતી ધી ભુજ કોમર્સિયલ કો-ઓપરેટિવ સહકારી બૅંક લિમિટેડના ચેરમેન, એમ.ડી અને એક ડાયરેક્ટર સહિત ત્રણ અધિકારીઓના તત્કાળ રાજીનામાનો મામલો ગંભીર બન્યો છે. આ બાબતે કોઈ અજ્ઞાત શખ્સે ખોટી રીતે રજૂઆતો કરી હોવાના બૅન્કિંગ આલમમાં ચકચાર જગાવનારા મામલે આ બૅંકના જનરલ મેનેજરે અજાણ્યા શખ્સ વિરુદ્ધ સંસ્થાના હોદ્દેદારોની પ્રતિષ્ઠા ખરડવાના હેતુથી બોગસ ઈ-મેઈલ આઈડી અને બોગસ પત્ર પાઠવવા સબબ આઈ.ટી એક્ટ સહિતની ધારાઓ તળે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદી એવા ધીરેન મજેઠીયાએ જણાવ્યું હતું કે, ગત તા.૭-૫ના મેના રોજ બૅંકના સભાસદ દિનેશ મણિલાલ ઠક્કરનો લેખિત પત્ર મળ્યો હતો. જેમાં આઠ વર્ષ જૂના ડાયરેક્ટરોના રાજીનામા -રજૂઆત કરવા સાથે વર્તમાન એમ.ડી હિતેશ ચત્રભુજ ઠક્કર, ચેરમેન કલ્પેશ રવિલાલ ઠક્કર અને ડાયરેક્ટર ચેતન રવિલાલ શાહના રાજીનામા લેવા મુદ્દે માગણી કરાઈ હતી. દિનેશ ઠક્કરના નામની ઈ-મેઈલ આઈડી પર આ જ મુદ્દે ગત ફેબ્રુઆરી માસમાં રીઝર્વ બૅંક ઑફ ઈન્ડિયામાં પણ સાત વખત મેઈલ મોકલી રાજીનામા અંગેની રજૂઆત કરાઈ હતી.

બૅંક દ્વારા દિનેશ ઠક્કરને આ રજૂઆત મુદ્દે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે પોતે કોઈ પત્ર લખ્યો હોવાનો કે પોતાના કોઈ ઈ મેઈલ આઈડી હોવાનો ઈનકાર કરી દેતાં અજાણ્યા શખ્સો દ્વારા ખોટા નામ વડે બૅંકના પદાધિકારીઓની પ્રતિષ્ઠાને ખરડવા સમગ્ર કારસો રચ્યો હોવાનું સ્પષ્ટ થતાં મેનેજરે ભુજ એ ડિવિઝન પોલીસ મથકમાં આઇટી એક્ટ તળે ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાવનગરમાં સગીરાને બળજબરીપૂર્વક ફ્રેન્ડશિપ અને લગ્ન કરવા દબાણ કરતા આરોપીને પાંચ વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: છ વર્ષ પૂર્વે ભાવનગરમાં રહેતા એક શખ્સે સગીરાને મારમારી બળજબરીપૂર્વક ફ્રેન્ડશિપ કરવા અને લગ્ન કરવા દબાણ કરી સગીરા સ્કૂલે જતી ત્યારે તેની પજવણી કરતો અને હેરાન પરેશાન કરતો હતો. આરોપી સામે જે તે સમયે ભોગ બનનાર સગીરાની માતાએ ભાવનગર શહેરના નીલમબાગ પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવી હતી. આ અંગેનો કેસ ભાવનગરની કોર્ટમાં ચાલી જતા અદાલતે આરોપી સામે ગુનો સાબિત માની જુદી જુદી કલમો હેઠળ પાંચ વર્ષની કેદની સજા ફટકારી હતી.

આ બનાવની વિગતો એવી છે કે આ કામના આરોપી કિશન પ્રવીણભાઈ રવજીભાઈ બારૈયા (ઉં.વ.૧૯), રહે. જેલરોડ, પ્લોટ નં. ૮, મરીન સોસાયટી, ભાવનગર ગત તા. ૪/૩/૨૦૧૯ નામના આરોપીએ ગેરકાયદેસર રીતે આ કામના ફરિયાદીના ઘરમાં ઘૂસી જઈ આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી સાથે બળજબરી કરી શરીર સંબંધ બાંધવાની માગણી કરતા આ કામે ભોગ બનનાર ના પાડી દેતા તેના મોઢા પર લાફો મારી નીચે પછાડી દીધેલ અને છેલ્લા ત્રણ મહિનાથી ભોગ બનનાર સ્કૂલે જાય ત્યારે આ કામનો આરોપી પાછળ જઈ તેને ફ્રેન્ડશિપ કરવા માટે તેમજ મોબાઇલ ઉપર વાતચીત કરવાનું કહી ભોગ બનનાર સાથે ફ્રેન્ડશિપ નહીં કરે તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી અને લગ્ન કરવા મજબૂર કરી ગુન્હો કર્યો હતો.

આ બનાવ અંગે ભોગ બનનારની માતાએ ભાવનગર શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશનમાં જે તે સમયે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કિશન પ્રવીણભાઇ બારૈયા સામે નોંધાયો હતો. આ અંગેનો કેસ ભાવનગરના બીજા એડિશનલ સેસન્સ જજ અને સ્પેશિયલ પોકસો જજ એમ.બી.રાઠૌરની અદાલતમાં આધાર પુરાવા સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી અદાલતે આરોપી કિશન પ્રવીણભાઇ બારૈયાને જુદી જુદી કલમો હેઠળ પાંચ વર્ષની કેદની સજા ફટકારી હતી. ■

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભાવનગરમાં વિશિષ્ટ પહેલ: ૫૦ પ્લાસ્ટિકના ઝબલા સામે એક કાપડની થેલી



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વિશિષ્ટ પહેલ અંતર્ગત ૫૦ પ્લાસ્ટિકના ઝબલા સામે એક કાપડની થેલી આપવાનો કાર્યક્રમ પાંચ જૂનના દિવસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે.

ભાવનગર શહેરના બી.એમ.સી. ના સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ડો. તેજસ દોશી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના સહયોગથી ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મિશન અંતર્ગત ૫૦ સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે એક કોટન બેગ પાણીની ટાંકી પાસે વિક્ટોરિયા પાર્ક, શિવાજી સર્કલ સેન્ટ મેરી સ્કૂલ પાસે, ઘોઘા સર્કલ અખાડા ભાવનગર ખાતેથી મેળવી શકો છો. પાંચ જૂનના દિવસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી આ સ્થળોએ યોજાશે. સ્વચ્છ ભારત મિશન અર્બન બી.એમ.સી. ના બ્રાન્ડ એમ્બેસેડર ડો તેજસ દોશી દ્વાર અત્યાર સુધીમાં બે લાખથી વધુ કોટન બેગ ડિસ્ટ્રિબ્યૂટ કરવામાં આવી છે એક કરોડથી વધુ ઝભલા સોસાયટીમાંથી ઓછા કરવામાં આવ્યા છે જેમાં વિવિધ પ્રોજેક્ટ દ્વારા અત્યાર સુધીમાં ૫૦ લાખ કિલો પ્લાસ્ટિક રિસાઈકલ કરવામાં આવ્યું છે. ■

# બન્ની ગજેરા અને જિગીષા પટેલના કથિત કોલ રેકોર્ડિંગ મુદ્દે ખોડલધામની એઆઈ તપાસની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા કેટલાક દિવસોથી પાટીદાર સમાજનાં મહિલા આગેવાન જિગીષા પટેલ અને યુટ્યૂબર બન્ની ગજેરાની વાયરલ થયેલી એક કથિત ઓડિયો ક્લિપ ચર્ચાનું કેન્દ્ર છે.

આ ક્લિપમાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અને જયેશ રાદડિયા જેવા અગ્રણીઓના નામ લઈને વાત કરવામાં આવી રહી છે. ઓડિયોમાં જીગીષા પટેલે બન્ની ગજેરાને નરેશ પટેલને બ્લેકમેલ કરવા માટેની યોજના જણાવી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ત્યારે હવે આ મુદ્દે ખોડલધામની પ્રતિક્રિયા સામે આવી છે.

મળતી વિગતો અનુસાર છેલ્લા કેટલાક દિવસથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બનેલી પાટીદાર સમાજનાં મહિલા આગેવાન જિગીષા પટેલ અને યુટ્યૂબર બન્ની ગજેરાની કથિત ઓડિયો-ક્લિપ મામલે ખોડલધામના પ્રવક્તા હસમુખ લુણાગરિયાએ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ ખોડલધામના ચેરમેન નરેશ પટેલને બદનામ કરવાનો હીન પ્રયાસ છે.

જો જિગીષા પટેલ કથિત ઓડિયો-ક્લિપને એઆઈ જનરેટેડ ગણાવતાં હોય, તો તેમણે જ આ ક્લિપ અંગે તપાસ કરાવી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરાવવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયામાં આઠ મિનિટ અને ૨૪ સેકન્ડની આ કથિત ઓડિયો-ક્લિપ વાયરલ થઈ હતી, જેમાં જિગીષા પટેલ અને બન્ની ગજેરા વચ્ચેની વાતચીત હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જે ક્લિપમાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અને જયેશ રાદડિયા જેવા અગ્રણીઓના નામ લઈને વાત કરવામાં આવી હતી. ઓડિયોમાં જિગીષા પટેલે બન્ની ગજેરાને નરેશ પટેલને બ્લેકમેલ કરવા માટેની યોજના અંગેની વાત કરી હતી, જેમાં બન્ની ગજેરાને નરેશ પટેલને એક ખાલી સીડી મોકલવા અને આ વખતે સીડી મોકલી છે, આવનારા સમયમાં વીડિયો પણ મોકલીશ તેવી વાત કરવામાં આવી હતી. ■


વિસાવદર પેટાચૂંટણીને પગલે ભાજપનું વિજય સંકલ્પ સંમેલન યોજાયું હતું. વિસાવદરથી ભાજપના ઉમેદવાર કિરીટ પટેલના સમર્થનમાં ભાજપે વિજય સંકલ્પ સંમેલન યોજ્યું હતું. (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# જામનગરની જી.જી. હૉસ્પિટલમાં ₹ ૧૭.૨૦ લાખની ઉચાપતના મામલે બે આઉટસોર્સ કર્મચારીઓ સામે ફરિયાદ

અમદાવાદ: જામનગરની સરકારી જી.જી. હૉસ્પિટલમાં આઉટસોર્સિંગ એજન્સીના બે કર્મચારીઓ દ્વારા રૂ.૧૭.૨૦ લાખની ઉચાપત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મામલે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ ઉચાપત ઓક્ટોબર ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૫ દરમિયાન ખોટા બિલ મૂકીને કરવામાં આવી હતી. હૉસ્પિટલ તંત્ર દ્વારા આ ઉચાપતનો પર્દાફાશ થતાં જ ભાર્ગવ ત્રિવેદી અને દિવ્યા મૂંગરા નામના બંને કર્મચારીઓને છૂટા કરી દેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ હૉસ્પિટલના તમામ બૅંક એકાઉન્ટની પણ તપાસ કરવામાં આવશે. ગાંધીનગરથી આવેલી એક ટીમ દ્વારા જામનગર હૉસ્પિટલમાં સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી અને ઉચાપત કરનાર કર્મચારીઓની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે. આઉટસોર્સિંગના ક્લાર્ક તરીકે કાર્યરત ભાર્ગવ વિજયભાઈ ત્રિવેદી અને દિવ્યાબેન જયેશભાઈ મૂંગરા સામે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ બંને કર્મચારીઓએ કર્મચારીઓના બનતા પગાર બિલમાં ગોબાચારી કરીને લાખો રૂપિયા પોતાના ખાતામાં જમા કરાવ્યા હતા. આ બાબત તિજોરી કચેરીના ધ્યાનમાં આવતાં તેમણે હૉસ્પિટલ સત્તાવાળાઓને જાણ કરી હતી, જેના પગલે સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસ આ મામલે હવે બંને કર્મચારીઓની સઘન પૂછપરછ કરશે અને જરૂર પડ્યે પોલીસ રિમાન્ડ પણ માગી શકે છે. ■